*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com


We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**




'વચનામૃતભવન' ના શિલાન્યાસપ્રસંગે માંગલિક સંભળાવતા
મંગલકારી મંગલમૂર્તિ પૂજ્ય ગુરુદેવ ( તા. ૧૨–૧૧–૮૦ )

**આત્મધર્મ: પૂજ્ય શ્રી કાનજીસ્વામી શ્રદ્ધાંજલિ અંક**
**( ૪૪૭-૪૪૮ )**



## ‘કહાનગુરુ તુમ પુનિત ચરણ વંદન કરું’

પરમોપકારી ચૈતન્યજ્યોતિને ઉપલક્ષીને પાર્થિવ દેહ સમક્ષ ‘બહેનશ્રી’ ની અંતિમ વંદનાં



## શ્રદ્ધાંજલિ-સભામાં મુમુક્ષુ સમુદાય



એકવાર બોલો ગુરુદેવ ! અબોલડા શાને લીધા છે ?
( ક્યાં મળશે એ દિવ્ય વિભૂતિનાં દર્શન અને
ક્યાં મળશે એની અમૃતવરસતી દિવ્ય વાણી ? )

# ❀ ભાવભીની શ્રદ્ધાંજલિ ❀

મોક્ષમાર્ગના પથિક કૃપાળુ ગુરુદેવ !

આપશ્રીનો વિયોગ મને અને સમગ્ર મુમુક્ષુ સમાજને અત્યંત વસમો લાગ્યો છે. આપનો મારા ઉપર અનન્ય ઉપકાર છે. આપના પવિત્ર સમાગમ તેમજ આપની સનાતન સત્ય વીતરાગ માર્ગબોધક અધ્યાત્મવાણીનો અમૂલ્ય લાભ લગભગ અર્ધ સદીથી મને મળતો રહ્યો છે. સોનગઢમાં આપે સંપ્રદાય છોડી મંગલ પરિવર્તન કર્યું; ત્યાર પછી આપના પ્રભાવના-ઉદયની પવિત્ર છાયામાં 'શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ' સ્થાપવાનો તથા તેનું સંચાલન કરવાની સેવાનો લાભ આપની સત્કૃપાથી મને મળ્યો છે, જે જીવનપર્યંત નીભાવવાની શક્તિ આપશ્રીના પુણ્ય પ્રતાપે મને મળે એવી મારી ભાવના છે. 'આત્મધર્મ' નું સંપાદન, સમયસાર વગેરે સત્શાસ્ત્રોનું પ્રકાશન તથા આપના પ્રવચનસાહિત્યનું પ્રકાશન વગેરે વીતરાગ જિનશાસનની પ્રભાવનાના વિવિધ કાર્યોમાં-આપના મંગલકારી પ્રભાવના-ઉદયમાં-યોગદાન દેવાનો અમૂલ્ય લાભ આપના સુપ્રસાદથી વર્ષો સુધી મને મળ્યો હતો. એ રીતે મારા જીવનનો ઉત્તર ભાગ આપના શુદ્ધાત્મસાધનારત પવિત્ર જીવન સાથે ઓતપ્રોત થઈ ગયો હતો. અધ્યાત્મતત્ત્વની યથાર્થ રુચિનું બીજ રોપનાર આપનો-મારા પરમોપકારી ગુરુતત્ત્વનો-વિયોગ ખરેખર મારા માટે એક અત્યંત દુઃખદ ઘટના છે. કૃપાળુ ગુરુદેવ ! વીતરાગ માર્ગની વિશુદ્ધ સાધના સહિત આપે સ્વર્ગ પ્રતિ પ્રયાણ કર્યું, ક્ષેત્રથી અમને આપનો વિરહ પડયો; પણ આપે અમારામાં રોપેલાં બોધબીજના બળે ભાવથી તો આપ સદા અમારી સમીપ જ છો; વીતરાગ માર્ગ બતાવનારી આપની ભવ્ય મુદ્રા તથા આપનું અભૂતપૂર્વ અદ્ભુત શુદ્ધાત્મતત્ત્વદ્યોતક વ્યક્તિત્વ અમારા હૃદયમાં સદાય કોતરાયેલું જ છે.

ઉપકૃતતાની વિનમ્ર ભાવનાના બળે આપના વિરહથી વ્યથિત મારા હૃદયના દુઃખદ આઘાતને શમાવવા માટે આપના અનન્ય ઉપકારોની વિમલ યાદી સાથે આપશ્રીને અત્યંત ભક્તિભાવ સહ ભાવભીની શ્રદ્ધાંજલિ સમર્પિત કરું છું.

-આપનો સેવક

રામજી માણેકચંદ દોશી

પ્રમુખ, -શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ

## પૂજ્ય ગુરુદેવકે પ્રતિ ભાવભીની શ્રદ્ધાંજલિ

દિગમ્બર જૈનધર્મકે મહાન પ્રચારક પૂજ્ય ગુરુદેવ ઇસ સંસારમેં અબ નહીં હૈ..... ગુરુદેવ શ્રી કાનજીસ્વામીજી જૈન સમાજ કે એક આધ્યાત્મિક સ્તમ્ભ થે. ઉન્હોંને અપને વ્યાખ્યાન દ્વારા જિનવાણી કે નિશ્ચયકા પ્રચાર-પ્રસાર કિયા, જો બહુત હી પ્રભાવશાલી રહા. ગુરુદેવકા હંસતા હુઆ ચેહરા એવં કથનકી અલૌકિક શૈલી ઐસી અનૂઠી વ મનોભાવી થી કિ કોઈ ભી સહજરૂપસે પ્રભાવિત હુએ બિના નહીં રહતા થા. વસ્તુતઃ ગુરુદેવ ઇસ યુગકે સત્યરૂપમેં સંત થે, જો સદૈવ હમેં યાદ આતે રહેંગે. ઐસે મહાન સંતકે પ્રતિ મૈં અપની ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પિત કરતા હૂં.

-આપકા

શ્રેયાન્સપ્રસાદ જૈન

અધ્યક્ષ,-દિગમ્બર જૈન મહાસમિતિ

## ❀ વિનમ્ર શ્રદ્ધાંજલિ ❀

હે પરમકૃપાળુ ગુરુદેવ !

આપને શ્રદ્ધાંજલિરૂપે બે શબ્દો લખવા મિત્રો પ્રેરણા કરે છે. આપને શી શ્રદ્ધાંજલિ આપું ? આપના વિયોગે મન, મગજ અને હૃદય એવું ખાલી ખાલી લાગે છે કે શું લખવું તે સૂઝતું નથી.

લગભગ અડધી સદી કરતાં વધુ સમયથી હું આપની છત્રછાયામાં રહ્યો છું અને તેનાથી મળતી શાંતિનો અનુભવ કર્યો છે. હવે એ છત્ર કરાળ કાળે છીનવી લેતાં આત્મા અકથ્ય દુઃખ અનુભવે છે, જે શબ્દમાં વ્યક્ત કરવું અશક્ય છે.


વર્ષોથી અહીં સોનગઢમાં મારો એ નિત્યક્રમ હતો કે દરરોજ વહેલી સવારે આપના દર્શને આવવું, ચરણસ્પર્શ કરીને પૂછવું કે "કાં, સાહેબ, તબિયત કેમ છે ? ઊંઘ આવી હતી ? " આપ ઉત્તર આપતા કે "ઠીક છે, ઊંઘનું કાચું." આ સ્મરણ મારાથી ભૂલાતું નથી. દરરોજ વહેલી સવારે આ ચિત્ર નજર સમક્ષ તરવરે છે અને હૃદય વલોવી નાખે છે.

છેલ્લે છેલ્લે જસલોકમાં એક અઠવાડિયું આપની સાન્નિધ્યમાં રહેવાનું બન્યું તેને હું મારું અહોભાગ્ય માનું છું. અંતિમ પળોમાં દેહત્યાગ વખતે આપના મુખ ઉપરની જે અલૌકિક શાંતિ મેં નજરે નિહાળી તે દૃશ્ય મારા હૃદયમાં કોતરાઈ ગયું છે અને દરરોજ વહેલી સવારે તે દર્શન યાદ કરી આપના વિયોગનું દુઃખ શમાવવાનો પ્રયત્ન કરું છું.

પ્રભુ ! વિશેષ શું કહું ? આપે ચીંધેલા વીતરાગ માર્ગ પ્રત્યે મારું નિત્ય પ્રયાણ રહો અને ભવિષ્યમાં રચાનારા આપના સમવસરણમાં મારું સ્થાન હો એવી ભાવના ભાવું છું. -એ જ મારી આપના પ્રત્યે શ્રદ્ધાંજલિ છે.

આપનો આજ્ઞાંકિત સેવક

-વ્રજલાલ જેઠાલાલ શાહ




**વિરહતાપથી વ્યથિત હૃદયો..... ઉઠાવે ગુરુશિબિકા દુ:ખ સાથ.....**

શુદ્ધાત્મતત્ત્વની સંવેદના તથા સહજ પારિણામિક શાશ્વત પરમોપેક્ષાસંયમરૂપ નિર્ગ્રંથના માર્ગને વર્તમાન કાળક્ષેત્રે સાક્ષાત્ પ્રકાશન-પ્રદ્યોતિત કરનાર પૂ. સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પૌદ્ગલિક દેહથી તેમના આત્માનું પૃથક્ થવું તે ખરેખર વિરહદુ:ખને ઉપજાવનાર છે. પરંતુ દેહાતીત દશા જ સિદ્ધત્વ છે અને પૂ. ગુરુદેવનો આત્મા તે સહજપદને પ્રાપ્ત થાય અને અમને પણ ભાવિ મોક્ષમાર્ગમાં તેઓશ્રીનું સન્નિધાન વર્તે તે જ અભ્યર્થના પૂર્વક

–વિરહદુ:ખાક્રાન્ત

કાંતિલાલ ઈશ્વરલાલ શાહ, મલાડ

[ –શ્રી દિ. જૈન પરમાગમ પ્રકાશક સંઘ વતી ]



❁ પાર્થિવ દેહયાત્રામાં દુ:ખિત વિરાટ મેદની ❁

પૂજ્ય ગુરુદેવના અવસાનથી ખૂબ જ ધરતીકંપ જેવો આંચકો લાગ્યો છે. આંખમાંના આંસુ અટકતાં નથી. અમારા ધર્મપિતા ગયા, અમારો આધાર ગયો.

૪૫–૪૫ વરસથી સોનગઢની ભૂમિમાં સિંહનાદ કરનાર અને વીતરાગવાણીને તેના સાચારૂપે નીરૂપણ કરનાર એ ભવ્યાત્મા ભાવી તીર્થંકરે વિદાય લઈ લીધી. સોનગઢ એ દિવ્યપુરુષ થકી સદાય મને મહાવિદેહક્ષેત્ર જેવું લાગતું હતું. એમની વાણી એટલી બધી સરળ અને હૃદયસ્પર્શી હતી કે સાંભળતાં સાંભળતાંય આંખમાં આંસુઓ ઊભરાતાં હતાં.

પંચપરાવર્તનમાં અનંતા તીર્થંકરો અને જ્ઞાનીઓના ભેટા થયા હશે પણ ઓળખાણ ન પડી તેથી એ બધાની મારે મન કોઈ કિંમત ન હતી. આ ગુરુદેવની ઓળખાણ થકી મને કરોડો તીર્થંકર મળ્યા જેવો આનંદ થતો હતો આ ઘોર કળિકાળે અને અમારા હીન ઉપાદાને એમને ઝૂંટવી લીધા. અફસોસ, અફસોસ, ખેદ ખેદ–કંઈ સૂઝતું નથી.

મારી જેમ ઘણા મુમુક્ષુઓની આ દશા હશે. પૂજ્ય ગુરુદેવે તો પંચમકાળે નર્યા અમૃત વરસાવ્યાં છે. એ ભવ્ય જીવ તો બીજા સ્વર્ગલોકમાં પહોંચીને તેમના માનીતા તીર્થંકર શ્રી સીમંધર ભગવાન પાસેય પહોંચી ગયા હશે. અમને એમના અવસાનથી અમારા હત્‌ભાગ્ય હીનપુણ્ય ઉપર ખૂબ ખૂબ રડવું આવે છે.

–ઇન્દ્રવદન વી. શાહ, મુંબઈ



**સ્વાધ્યાયમંદિરથી પાર્થિવદેહયાત્રાનો આરંભ....**

પરમ પૂજ્ય કાનજી સ્વામીકે ચલે જાને સે આધ્યાત્મિક પરિવારકો ગહરા દુઃખ પહુંચા હૈ વ ઉનકે સામને અંધેરા હી અંધેરા પ્રતીત હો રહા હૈ. ઉનકે બારેમેં જિતના લિખા જાય ઉતના કમ હી હૈ. વહ આધ્યાત્મિક પ્રેરણા કે શ્રોત થે.

આપ સબકો જો કષ્ટ પહુંચા હોગા ઉસકે બારેમેં મૈં કયા લિખૂં? હમ જૈસે સાધારણ વ્યક્તિ ભી ઉનકે વિયોગ મેં અત્યન્ત ચિંતિત હૈં.

મૈં સોનગઢ નહીં પહુંચ સકા જિસકા મુઝે ખેદ હૈં. મૈં સ્વામીજીકા પરમ ભક્ત ઉનકે વિચારોંકા પ્રબલ સમર્થક રહા હૂં. ઉનકે પ્રતિ મુઝે કિતની શ્રદ્ધા થી મૈં લિખને મેં અસમર્થ હૂં. મૈં જૈસા ભી હૂં હર સમય ઉનકે બતાયે હુએ માર્ગેકે લિએ જો ભી મુઝસે સેવા બન પાયેગી ઉસે કરનેકે લિએ કટિબદ્ધ હૂં.

–ભગત રામ જૈન, દિલ્હી

## ❀ વહાલાની વસમી વિદાય ❀

કારતક વદી સાતમ ને શુક્રવારની સાંજના સાત ને ત્રણ મિનિટે, લાખો મુમુક્ષુઓના જીવનશિલ્પી, જીવન-આધાર વહાલા ધર્મપિતા પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના સ્વર્ગવાસના હૃદયવિદારક સમાચાર સાંભળતાં સારાય ભારતભરમાં ને વિદેશમાં વસતા મુમુક્ષુસમાજના કાળજામાં એક મોટા વજ્રપાત સમો આઘાત લાગ્યો અને શોકની ઘેરી લાગણી છવાઈ ગઈ. જેની કલ્પનામાત્રથી હૃદય કંપી ઉઠતું એ પળ હકીકતમાં ફેરવાઈ જતાં મગજ દિશાશૂન્ય બની ગયું. જેનું કોઈ સગું-સાથી ન હોય એવી સ્ત્રીનો પતિ ભરજુવાનીમાં એકાએક તેને વિધવા બનાવીને ચાલ્યો જતાં તે સ્ત્રી જેમ આઘાતના શોકસમુદ્રમાં ડૂબી જાય તેમ પોતાના ચૈતન્ય-પ્રાણ સમા જીવન-આધાર પૂજ્ય ગુરુદેવશ્રી સુધરતી તબિયતમાંથી એકાએક માત્ર દોઢ દિવસની શરદી, કફ અને તાવની ચિંતાજનક બિમારીથી આપણને અનાથ છોડીને ચાલ્યા ગયાના સમાચારમાત્રથી લાખો મુમુક્ષુઓ આઘાતના શોકસમુદ્રમાં ડૂબી ગયા. પુરુષ શું કે સ્ત્રી શું, બાળક શું કે વૃદ્ધ શું-સૌ અનાથપણાના કારમા વજ્રઘાતથી દિગ્મૂઢ બની ગયા. અરેરે! અમારો ચૈતન્યપ્રાણ ચાલ્યો ગયો. સંસાર-સમુદ્રમાં ડૂબતાં, ગોથા ખાતાં અમ પામર પ્રાણીઓને, સંસારસાગર પાર કરાવવા પોતાની નાવમાં-વહાણમાં બાવડા પકડી પકડીને બેસાડનાર નાવિક આજે એકાએક ચાલ્યા ગયા? અરે કુદરત! આ તેં શું કર્યું? જેનો જન્મ થતાં જગતના સૌ પાખંડ પાછા પડયા, જેના પવિત્ર દર્શનમાત્રથી પાપવૃત્તિઓ શમવા લાગી, જેની અમૃતવાણીથી જીવો મુક્તિના પંથે વળ્યા એ મુક્તિદૂતને, હે કુદરત! તેં અમારા કયા અપરાધથી છીનવી લીધા? મુક્તિપંથની આ લાખો મુમુક્ષુઓની વણઝારને રઝળાવીને, રડાવીને, હે કુદરત! તને શું હાંસલ થયું!

જેને અમે શાશ્વત નહિ તોપણ અમારા આયુષ્યથી લાંબુ જીવન જીવશે એમ નિસંદેહપણે માન્યું હતું એવા પુણ્ય પુરુષ પૂજ્ય ગુરુદેવની વસમી વિદાયના સમાચાર સાંભળવા છતાં હૈયું એ વાસ્તવિકતાને સ્વીકારવા તૈયાર નહતું. શું ખરેખર ગુરુદેવ અમને છોડીને આજે ચાલ્યા ગયા છે? શું એ દિવ્યમૂર્તિના હવે કદી પણ દર્શન નહિ થાય? ૪૬-૪૬ વર્ષથી પોતાની અમૃતવાણીથી અમારું ચૈતન્યજીવન જગાડનાર, પોષનાર, જીવંત રાખનાર અમારા જીવન-આધાર પૂજ્ય ગુરુદેવની સાક્ષાત્ વાણી હવે કદી સાંભળવા શું નહિ મળે? અરેરે! અમને નિરંતર 'ભગવાન' કહીને, અમારા આત્માના ગુણગાનનાં હાલરડાં ગાઈ ગાઈને અમને જાગૃત કરનારા પૂજ્ય ગુરુદેવ શું ખરેખર આજે પાર્થિવ દેહ છોડીને ચાલ્યા ગયા છે? પ્રભુ! પ્રભુ! આ તે કુદરતની કેવી ક્રૂરતા? પ્રભુ! કુદરતને કોઈ પૂછનાર છે?-કે આ તેં કેવો કાળો કેર કર્યો છે? હવે અમારું કોણ? અમે તો અનાથ થઈ ગયા.-ઇત્યાદિ અનેક અનેક પ્રકારે મુમુક્ષુ-હૈયાં કલ્પાંત કરવા લાગ્યાં.

તેઓશ્રી અવાર–નવાર પોતાના (સંપ્રદાયના) ગુરુના સ્વર્ગવાસના પ્રસંગને યાદ કરતાં ને કહેતાં કે હીરાજી મહારાજ કાળધર્મ પામ્યા ત્યારે જાણે જુવાનજોધ દીકરો મરી ગયો હોય તેમ સૌ રડતા હતાં. આજે પણ આ વજ્રઘાત સમા કારમાં સમાચાર સાંભળતાં ગામોગામ દેશ–વિદેશમાં વસતો મુમુક્ષુસમાજ હૃદયવિદારક દુઃખથી રડી રહ્યો હતો. જેમ જંગલમાં દાવાનળ લાગતાં મરણના ભયથી થરથરતું અસહાય નાનું બાળક આક્રંદ કરે, ચિત્કારી ઊઠે, તેમ મુમુક્ષુહૃદયો આક્રંદ કરી રહ્યા હતા. તેઓશ્રી પ્રવચનમાં, વારંવાર શ્રી ઋષભદેવ સ્વામીના નિર્વાણનો પ્રસંગ વર્ણવતાં કે 'અરે! આજે કેવળજ્ઞાનનો સૂર્ય આથમી ગયો' તેમ કહી ભરત ચક્રવર્તી ચોધાર આંસુએ રડે છે ને ત્યારે ઇન્દ્ર સંબોધન કરે છે કે અરે ભરત! આ શું! તમારે તો આ ભવે જ મોક્ષ જવાનું છે ને આ....તેમ આજે મુમુક્ષુસમાજના સૂર્યસમા ગુરુદેવનું સ્વર્ગ ભણી પ્રયાણ થતાં ભક્તોના હૃદયો અકથ્ય આક્રંદ કરી રહ્યા છે. એ તો વિદિત છે કે ગુરુદેવનું આત્મદ્રવ્ય અલૌકિક છે; તેમનો આત્મા તીર્થંકરનું દ્રવ્ય છે. પુરુષોત્તમ પુરાણપુરુષ છે. પ્રાપ્ત કરેલા આ દેવપર્યાય પછી અનુક્રમે મનુષ્ય, અહમિન્દ્રના ભવ પછી છેલ્લે ધાતકી ખંડમાં સૂર્યકીર્તિ તીર્થંકરપણે અવતાર લઈ પંચકલ્યાણકપુરઃસર સાદિઅનંત સુખસમાધિરૂપ પરમાત્મપદને પ્રાપ્ત થવાના છે. આપણે સૌ ભાવના ભાવીએ કે સમવસરણમાં બિરાજમાન શ્રી સૂર્યકીર્તિ તીર્થંકરની સાક્ષાત્ દિવ્ય ધ્વનિ સાંભળવાના આપણે સદ્‌ભાગી બનીએ અને તેમની સાથે જ મુક્તિપુરીના શાશ્વત સુખને પામીએ. આમ ગુરુદેવનું ભાવી અતિશય ઉજ્જવળ છે, અતિ સુંદર છે, છતાં પણ આજે તેમની એકાએક અણધારી વસમી વિદાય આપણા માટે અસહ્ય છે.

જો કે છેલ્લા દોઢ–બે મહિનાથી પ્રવચનો તો બંધ હતા અને નબળાઈ પણ ઘણી હતી તે છતાં પણ ભક્તો ઉપરની અપાર કરુણાને લઈને થોડા થોડા અધ્યાત્મ–અમૃત–વચનો ફરમાવતાં કેઃ–

* [ તા. ૧–૧૧–૮૦, તા. ૨–૧૧–૮૦ ] એક વિચાર આવ્યો કે તીર્થંકર જેવાને માતાના પેટમાં આવવું પડે, સવા નવ માસ પેટમાં સંકોચાઈને રહેવું પડે, જન્મ લેવો પડે! આહાહા! ઇન્દ્રો જેની સેવા કરવા આવે એવા તીર્થંકરોની પણ આ સ્થિતિ! અરેરે સંસાર! આ શું છે?.....વૈરાગ્ય.....વૈરાગ્ય.....વૈરાગ્ય.....સર્વોત્કૃષ્ટ પુણ્યના ધણી એવા તીર્થંકરને પણ માતાના પેટમાં રહેવું પડે! આહાહા! સંસારની છેલ્લી સ્થિતિની વાત છે. અરેરે પ્રભુ! આ સંસાર! સંસારની આવી સ્થિતિ વિચારતાં આંખમાંથી આસું હાલ્યા જાય! જન્મ લેવા જેવો નથી. તીર્થંકરગોત્રકર્મને પણ ઝેરનું ઝાડ કહ્યું છે, અને જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ ઝેર છે, વિષકુંભ છે. તીર્થંકરના અવતારને ઝેરનું ફળ કહે એ તો તીર્થંકર કહી શકે. ઝેરના ફળમાંથી ઝેર ઝરે ને અમૃતના ફળમાંથી અમૃત

ઝરે. આહાહા! તીર્થંકરની તો જાત જુદી છે છતાં તીર્થંકર જેવાની પણ આ સ્થિતિ છે! અહાહા! જન્મ લેવા જેવો નથી.

* ભાઈ! તું પંચમકાળે ભરતક્ષેત્રે ને ગરીબ ઘરે જન્મ્યો છો એથી અમારે આજીવિકા આદિનું શું કરવું એમ ન જો! તું અત્યારે અને જ્યારે જો ત્યારે સિદ્ધ સમાન જ છો, જે ક્ષેત્રે ને જે કાળે જ્યારે જો ત્યારે તું સિદ્ધ સમાન જ છો. ભાઈ! સંસારી ને સિદ્ધ એ તો પર્યાયની અપેક્ષાથી છે, સ્વભાવે તો સંસારી જીવો પણ સિદ્ધ સમાન શુદ્ધ જ છે.

* [ તા. ૨-૧૧-૮૦, બપોરે ] અરે પ્રભુ! તું સ્વભાવે પરમેશ્વર છો. તારી વિરુધ્ધની વાતો કરતાં શરમ આવે છે! અનાદર નથી આવતો; ક્યાં તારી શુદ્ધતા અને ક્યાં આ વિકારી ભાવ-મિથ્યાત્વ-સંસાર! અરે! ક્યાં લીંબડામાં અવતાર! નિગોદમાં અવતાર! અરે! તું ભગવાન સ્વરૂપ! ભગવાન તું ક્યાં ગયો! તારો વિરોધ નથી પ્રભુ! તારાથી વિરુધ્ધભાવનો વિરોધ છે. જેની મા ખાનદાનની દીકરી, જેની આંખ ઊંચી ન થાય એનો દીકરો વેશ્યામાં જાય!-એમ આ પરિણતિ પ્રભુની જે પોતાના સ્વરૂપને છોડી વિકારમાં જાય. પ્રભુ! શરમ આવે છે.

* ખરેખર તો આવો અવસર મળ્યો છે એમાં પોતે પોતાનું કરી લેવા જેવું છે. દુનિયાની આલોચના કરવા જશે તો પોતાનું ખોશે! પોતે પોતાની ભૂલ ટાળવાની છે. વસ્તુ સ્વરૂપ સમજીને ભૂલ ટાળે તો ભગવાન થઈ જાય.

* [ તા. ૨૧-૯-૮૦ ] જ્ઞાનીને પણ રોગ આકરાં આવે, ઇન્દ્રિયો મોળી પડી જાય, બહારથી ઇન્દ્રિયો કામ ન કરે, બહારમાં અસાધ્ય જેવું લાગે પણ અંદરમાં અસાધ્ય નથી-તેમ સમાધિશતકમાં આવે છે.

* [ તા. ૧૧-૧૧-૮૦, રાત્રે ] ક્રમમાં આવી પડયું....૯૧ વર્ષે ક્રમમાં આ દરદ આવી પડયું....આકરું કામ છે....પેશાબની તકલીફ....અશાતાનો ઉદય...તાવ, ઝાડા, ઊલ્ટી...આકરાં ધક્કા શરીરને લાગ્યા છે...નબળાઈ ઘણી છે...હવે ક્રમમાં દેહની સ્થિતિનું શું થાય છે એ જોવાનું છે.

* [ તા. ૧૧-૧૧-૮૦, બપોરે ] પહેલી વાત તો એ કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ; પછી દરેક દ્રવ્યની પર્યાય ક્રમબદ્ધ થાય-એ સિદ્ધાંત અને પછી ઉત્પાદ-વ્યય -ધ્રુવ ત્રણે સ્વતંત્ર...

પ્રશ્નઃ- આમ નક્કી કરવાથી ધર્મ શું થાય?

ઉત્તરઃ- ઉત્પાદની પર્યાય સ્વતંત્ર કર્તાપણે થઈને થાય છે-એમ નિર્ણય કરતા એ સ્વ તરફ લક્ષ કરે એ પર્યાય ધર્મરૂપ છે.

* [ તા. ૫-૧૧-૮૦ ] આ જગતમાં છ દ્રવ્યો છે તેમાં ચાર તો પવિત્ર છે. જીવ ને જડ બે દ્રવ્યો છે તેમાં વિકાર થવાનો કોઈ ગુણ નથી. પર્યાયમાં વિકાર થાય છે તેના ઉપર દૃષ્ટિ છે તે સંસાર ને પરિભ્રમણનું કારણ છે; પણ દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય પછી પણ કદાચિત્ વિકાર થોડો કાળ થાય પણ તે જ્ઞાનમાં જ્ઞેયરૂપ છે. પરંતુ વિકાર થવાનો એનામાં કોઈ ગુણ નથી, એથી એ જેવો સ્વભાવે છે તેવો થશે એટલે સિદ્ધ થશે.

* [ તા. ૨-૧૧-૮૦ ] શ્રી સમયસાર ગાથા ૩૧ માં 'જીતી ઇન્દ્રિયો જ્ઞાનસ્વભાવે અધિક જાણે આત્માને' -એમ કહ્યું. ઇન્દ્રિયના વિષયને પણ ઇન્દ્રિય કહ્યો છે. એ તરફ લક્ષ જાય, પણ એમાં દુઃખ છે, શાંતિ નથી, અતીન્દ્રિય સ્વભાવ તરફ લક્ષ જાય એમાં શાંતિ છે. અહાહા ! એક બાજુ કહે કે પંચપરમેષ્ઠીની ભક્તિથી વિકાસ થાય છે ને અહીં કહે છે કે પંચપરમેષ્ઠી તરફ લક્ષ જાય તોપણ તને નુકશાન છે. આહાહા ! આવી વાતો સાંભળવા ક્યાં મળે પ્રભુ ! ક્રિયાકાંડ ને વ્યવહારના પક્ષવાળાને આકરું લાગે, પણ પ્રભુ ! તારો અનાદર નથી થતો, તું તો ભગવાન છો ને ! પણ તારાથી જે વિરુધ્ધભાવ છે તેનો નિષેધ થાય છે.

* સંસારનું એક સમય પણ વિસ્મરણ થયું નથી. ( જો ) એક સમય પણ વિસ્મરણ થાય તો એના હિતની શરૂઆત થાય. જેની સત્તાનો કદી વિરહ નથી, જેની સત્તાની કદી અપૂર્ણતા થઈ નથી, જેની સત્તા કોઈથી દબાઈ નથી એવી જે ત્રિકાળ નિરાવરણ વસ્તુ છે તેની નજરબંધી થવી જોઈએ-દ્રવ્ય ઉપર દૃષ્ટિની નજરબંધી થવી જોઈએ. મારે મારા સિવાય બીજા કોઈનો આશ્રય નથી-એમ ધ્રુવ ઉપર નજરબંધી થઈ જવી જોઈએ.

* [ તા. ૩-૧૧-૮૦ ] જે એક પણ પરદ્રવ્યનો કર્તા માને છે તે ત્રણ લોકના જીવ ને જડનો કર્તા થાય છે. પરદ્રવ્યને આત્મા અડતો નથી. અરેરે ! આ માને કોણ ! આખો દિ' આ કરું...આ કરું...અષ્ટ પ્રકારની પૂજા કરું...અરે પ્રભુ ! એ અષ્ટ પ્રકારના દ્રવ્યો એના કાળે એના કારણે થાય છે તું એનો કર્તા નથી.

* આ સત્યને પ્રકાશમાં મૂકતાં અસત્યના આગ્રહવાળાને દુઃખ થાય, પણ ભાઈ ! શું કરીયે ? અમારો ઉદય એવો છે એથી સત્યવાત બહાર મૂકવી પડે છે. એથી વિરુધ્ધ શ્રદ્ધાવાળાને દુઃખ થાય તો મને માફ કરજો. ભાઈ ! કોઈ જીવને દુઃખ થાય તે કેમ અનુમોદાય ? મિથ્યા શ્રદ્ધાનાં દુઃખ ચાર ગતિના બહુ આકરાં છે, એ દુઃખની અનુમોદના કેમ થાય ? અરે ! દરેક જીવો ભગવાન સ્વરૂપ છે ને પૂર્ણાનંદરૂપે પરિણમીને ભગવાન થાઓ ! કોઈ જીવ દુઃખી ન થાઓ ! ( -પૂજ્ય ગુરુદેવશ્રીએ અવારનવાર ફરમાવેલા હૃદયોદ્ગાર )

અહો! તેઓશ્રી આપણા માટે વારસામાં મૂકી ગયેલાં આવા અખૂટ અમોઘ –અધ્યાત્મમંત્રોના સ્મરણ–મનન–ચિંતન ને ઘૂંટણના લીધે મુક્તિપુરી સુધીનો આપણને જેમનો સંગાથ કુદરતના ક્રમમાં આલેખાઈ ચૂક્યો છે એવા આપણા વહાલા ધર્મપિતાશ્રીની આપણા આ ભવ પૂરતી વસમી વિદાયનો વિરહ જીરવ્યો જાતો નથી. આપણું હૃદય દિવસ ને રાત, જાગતાં ને ઊંઘતા, હાલતાં ને ચાલતાં પોકારી પોકારીને કહી રહ્યું છે કે હે નાથ! આમ ઓચિંતા એકાએક અમને નોધારા મૂકીને કેમ ચાલ્યા ગયાં? પ્રભુ! એક વાર તો આપનાં આ અનાથ બાળકોને સ્વર્ગેથી પધારીને દર્શન દ્યો! પુરાણમાં વર્ણવેલાં પ્રસંગોની માફક હે કૃપાનાથ! આકાશ–વાણી દ્વારા આપની અમૃત–વાણીનું શ્રવણ તો કરાવો!

....પણ ના, અમે ભૂલ્યા...આપ તો હજુ પણ વર્ષોના નિત્ય કાર્યક્રમ મુજબ સવાર–સાંજ સ્વર્ગમાં બેઠા બેઠા આકાશવાણીની જેમ સતત આત્મ–જાગૃતિ અર્થે દિવ્ય સંદેશાઓ વહેવડાવી જ રહ્યાં છો કે...અરે પ્રભુ! તું રાગી નથી, સંસારી નથી, તું તો ભગવાન છો. પૂર્ણાનંદનો નાથ છો. જિનેન્દ્રમાં ને તારામાં જરીયે ફેર નથી. માટે હું રાગી છું, હું સંસારી છું એવી દ્રષ્ટિ છોડી દે. શરીર, વાણી, રાગાદિ કે અલ્પજ્ઞતા તે તું નથી. ભાઈ! તું તો ત્રણલોકનો નાથ પરમેશ્વર પ્રભુ છો. તું શરીરવાળો નથી, શરીરને સ્પર્શનારો નથી, અરે! શરીર પ્રત્યેના રાગાદિને પણ તું સ્પર્શનારો નથી, તું તો અતીન્દ્રિય આનંદને સ્પર્શનારો જ્ઞાનાનંદનો નાથ છો–એમ નિશ્ચિંત થા. તારે પરના પરિણામને ફેરવવા નથી. અરે! તારા પરિણામમાં પણ તારે અટકવાનું નથી, તું તો વસ્તુવ્યવસ્થામાં સહજપણે થતાં ક્રમબદ્ધ પરિણામોનો જ્ઞાતા જ છો. –એમ જ્ઞાતાસન્મુખ દ્રષ્ટિ કરતાં તારી પ્રભુતાના પ્રવાહનો ક્રમ ચાલુ થશે ને અમારી સાથે ને સાથે તું પણ મુક્તિપુરીમાં પહોંચીશ, પહોંચીશ ને જરૂર પહોંચીશ. તું પરમાત્મપણે પરિણમવાને લાયક જ છો–એમ અમે તને કહીયે છીએ; માટે તું નિઃસંદેહ થા. તું તો પૂરણ પ્રભુ છો ને પૂરણ પરમાત્મપણે પરિણમવાને લાયક જ છો–એમ નિઃસંદેહ થા. ઓછા પુણ્ય ને પંચમઆરો એ વાત લક્ષમાં ન લઈશ. તું પૂર્ણાનંદનો નાથ પ્રભુ છો–એ સાંભળતાં તેં શું ન સાંભળ્યું? ને એને જાણતાં શું બાકી રહ્યું? શરીર, વાણી રાગાદિ કે અલ્પજ્ઞતા એ તું નહિ, તું તો પૂર્ણાનંદનો નાથ પ્રભુ છો–એ જાણતાં બધું જાણી લીધું ને એ સાંભળતાં બધું સંભળાઈ ગયું...આહાહા! આપની સંઘસહિતની તીર્થધામોની યાત્રાઓની ફિલ્મ દ્વારા, પંચકલ્યાણક પ્રતિષ્ઠાની ફિલ્મો દ્વારા, વીડીઓ ટેપ દ્વારા, ટેપ–રેકોર્ડિંગ પ્રવચનો અને આપના ઉપદેશામૃતથી ગૂંથાયેલાં પ્રવચનસાહિત્ય દ્વારા આપ અમારા માટે જે દિવ્ય સંદેશાઓ વહેવડાવી રહ્યા છો....તેથી નાથ! આપ તો અમારી સમીપ જ છો! અમારાથી જરાય દૂર ગયા નથી, સદાય જીવંત જ રહ્યા છો! પ્રભો અમારા હૃદયકમળમાં સદાય અમરપણે બિરાજી, આપની કૃપાદ્રષ્ટિ વડે મુક્તિપુરીના પ્રબળ પુરુષાર્થમય પાવનપંથે આપની સાથોસાથ અમને દોરતાં રહો એવી વિનમ્ર ભાવના સાથે સમસ્ત મુમુક્ષુવૃંદ વતી આપના ચરણારવિંદમાં શ્રદ્ધાંજલિ....

–સંપાદક

## પૂજ્ય શ્રી કાનજીસ્વામીકો શ્રદ્ધાંજલિ

આજ પૂજ્ય શ્રી કાનજીસ્વામીકે દેહવિલયકે બાદ ઉનકે પ્રતિ શ્રદ્ધાંજલિ અર્પિત કરને હેતુ યહ સભાકા આયોજન કિયા ગયા હૈ.

પૂજ્ય શ્રી કાનજીસ્વામી ને પીછલે ૪૦ વર્ષોસે દિગમ્બર જૈન સમાજમેં અધ્યાત્મકે બારેમેં એક પરમ સત્યકા ઉદ્ઘાટન કિયા હૈ. પહલે હમ લોગ ધર્મકે બારે મેં અપને બુજર્ગોસે કુછ મંત્ર, શ્લોક યા પ્રાર્થના શીખ લેતે થે ઔર પૂજા પાઠ તથા યાત્રા આદિ કરનેસે અપના ધાર્મિક કર્તવ્ય પૂરા હુઆ ઐસા સમઝતે થે. સ્વામીજીને પ્રાચીન શાસ્ત્રોંકા ગૂઢ અભ્યાસ કિયા ઔર હમારે પૂજ્ય આચાર્યોકે શાસ્ત્રકે મર્મકો ઐસે હમારે સામને પેશ કિયા કિ જિસસે આબાલગોપાલ સબકો યહ બાત જાનનેકી, સમઝનેકી તથા ઉસે અપને જીવનમેં ઉતારનેકી ઉત્કંઠા બઢી. આત્માકી સમઝ તથા અપને આત્મામેં સ્થિર હોનેકા ઉનકા ઉપદેશ પૂર્ણતયા શાસ્ત્રાનુસાર રહા તથા જ્ઞાન કોઈ ક્રિયાધર્મ નહીં હૈ ઐસા ઉન્હોંને સબકો સમઝાનેકા વિશેષ પ્રયત્ન કિયા હૈ.

પૂજ્ય સ્વામીજી ન કેવળ અધ્યાત્મપ્રવર્તક રહે, બલ્કિ ઉનકે ઉપદેશસે ભારત કે હરેક કોનેકા મુમુક્ષુ અપને સાથીઓકે નજદીક આયા ઔર જૈનીઓમેં ઐક્ય તથા સહકારકી ભાવના પ્રત્યક્ષ–પરોક્ષ રૂપસે સાકાર હો સકી. ઉનકે ઉપદેશ સે પ્રભાવિત હોકર કરીબ ૭૦–૭૫ જિનમંદિર નવનિર્માણ હુએ તથા ઉનકી દો તીર્થયાત્રાઓંસે તીર્થક્ષેત્રોંકી ઉન્નતિમેં ભી સાથ મિલા. દિગંબર સત્‌શાસ્ત્રોંકે ૩૦ લાખ સે ભી અધિક પુસ્તક અલગ અલગ ભાષાઓ મેં પ્રકાશિત હો ચુકે હૈં તથા ઘર ઘરમેં જિનવાણીને માનપૂર્ણ સ્થાન પાયા યે ઉનકી હી દેન હૈં. ભારતકે જૈનોં કે સાથ સસંઘ પધારકર આફ્રિકામેં ભી જો ધર્મકી પ્રભાવના ઉનસે હુઈ યહ એક ઐતિહાસિક કાર્ય રહા. ઉનકે ઉપદેશસે પ્રભાવિત હોકર તીર્થસુરક્ષા ટ્રસ્ટ, શ્રી ટોડરમલ સ્મારક તથા અન્ય કઈ સંસ્થાઓંકા જન્મ હુઆ હૈં. મૈં તો સમઝતા હૂં કિ સ્વામીજી ઈસ યુગકે આધ્યાત્મિક પુરુષ થે.

વે હમારે સાથ સદેહ રૂપસે નહીં હૈં, તો ભી શાસ્ત્રોંકે મર્મકા ખુલાસા અપને પૈતાલીસ વર્ષીય ઉપદેશસે ઉન્હોંને દિયા હૈ. હમ સબ આજ અપને જીવનમેં સમ્યગ્દર્શન જ્ઞાન તથા ચારિત્રકી જ્યોતિ પ્રગટાનેકા સંકલ્પ કરકે ઉન્હેં ભક્તિપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરતે હૈં.

મૈં અપની ઓરસે, શ્રી ભારતવર્ષીય દિગંબર જૈન તીર્થક્ષેત્ર કમિટીકી ઓરસે તથા બૃહત્મુંબઈ દિગમ્બર જૈનસમાજકી ઓરસે પૂજ્ય શ્રી કાનજીસ્વામીકે પ્રતિ અપની અહોભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરતા હૂં.

[ દિ. ૭–૧૨–૮૦ ] –શેઠ લાલચંદ હીરાચંદ,

અધ્યક્ષ–શ્રદ્ધાંજલિ સભા, મુંબઈ

## પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પરમોપકારી પરમપ્રભાવક કૃપાળુ પૂજ્ય ગુરુદેવ પ્રતિ

## ❀ ભક્તિભાવભરી શ્રદ્ધાંજલિ ❀

હે સાતિશય જ્ઞાનધારી ગુરુદેવ!

આપ આ ભરતક્ષેત્રમાંથી ચાલ્યા ગયા. આ ભરતક્ષેત્રમાં અમ ભક્તોને છોડીને અહીંથી ચાલ્યા ગયા; સ્વર્ગપુરીમાં બિરાજી ગયા.

હે ગુરુદેવ! શું લખીએ? શું બોલીએ! લખી શકાતું નથી, બોલી શકાતું નથી; આપના વિરહથી હૃદય રડે છે.

સુવર્ણપુરીના સ્થાને સ્થાને આપનાં સ્મરણો સ્ફુર્યા કરે છે. આપે ઘણાં ઘણાં વર્ષો સુવર્ણપુરીમાં વાસ કર્યો છે. સુવર્ણપુરીના કણ કણ આપનાં પુનિત ચરણોથી પાવન થયા છે.

સુવર્ણપુરીમાં આપે નિરંતર સૂક્ષ્મ મધુરી વાણીના ધોધ વરસાવ્યા છે. આપના સાંનિધ્યમાં રહેનાર કેટલાક ભક્તોએ આપની ચૈતન્યરસભીની વાણી નિરંતર સાંભળી પોતાના જીવનને ભીંજવ્યાં છે, યથાશક્તિ ચૈતન્યરસભીનાં કર્યાં છે. સૌરાષ્ટ્ર વગેરે દેશોદેશના ભક્તોએ પણ આપની વાણીના ગંભીર નાદના-જ્ઞાનના ગુંજારવ સાંભળ્યા છે અને પાવન થયા છે, જીવન ઉજ્જવળ કર્યાં છે.

હે ગુરુદેવ! આપનાં અનેક જાતનાં અપૂર્વ સ્મરણો ભુલાતાં નથી.

હે ગુરુદેવ! આપનાં આ આત્મા ઉપરના અસીમ ઉપકારો અને આપનાં સ્મરણો આ હૃદયપટમાં કોતરાઈ ગયાં છે. આપના અસીમ ઉપકારોનું શું વર્ણન થાય?

આપની અતિશયયુક્ત મુદ્રા ભારતના ભક્તોને રુચિ ઉત્પન્ન કરાવનારી હતી; આપની સૂક્ષ્મ ગહન અતિશયતાભરેલી વાણી આશ્ચર્યકારી એવા આત્માને બતાવનારી હતી; અને આપનો અંતરમાંથી ઊછળેલો આત્મસ્પર્શી શ્રુતસાગર ઉદય અને જ્ઞાયકદેવનો (જડ-ચૈતન્યનો) ભેદ કરાવનારો હતો.

આપે દરેકે દરેક શાસ્ત્રનાં ઊંડા રહસ્યો ખોલી શુદ્ધાત્માનો પંથ સરળ કરી દીધો છે.

હે ગુરુદેવ! આપના ગુણોનું શું વર્ણન કરીએ, આપ ભારતના અજોડ અધ્યાત્મસૂર્ય હતા.

ગુરુદેવ! આપનું દ્રવ્ય અલૌકિક છે, આપના જ્ઞાનનો શો મહિમા કરીએ! આપની વાણીનો શો મહિમા કરીએ! અને આપના અગાધ અપાર ગુણોનો શો મહિમા કરીએ!!

હે ગુરુદેવ! આપે પૂર્વ અને દક્ષિણ વગેરે સ્થળોએ અપૂર્વ યાત્રાઓ કરી, દેશવિદેશમાં જિનેન્દ્રપ્રતિષ્ઠાઓ કરી, આપની સૂક્ષ્મ ગહન અતિશયભરપૂર મધુરી વાણી વરસાવી, ભવ્ય જીવોને દિવ્ય અને આશ્ચર્યકારી આત્માનું સ્વરૂપ સમજાવી, હજારો લાખો જીવોનાં જીવન પલટાવી તેમને શુદ્ધાત્માના પંથે વાળ્યા છે.

હે ગુરુદેવ! આપે આ ભરતક્ષેત્રમાં પધારી, પૂર્વના યોગ વડે સ્વયં પુરુષાર્થ કરી આપના અંતરમાં ચૈતન્યના સ્વભાવધર્મનો પ્રકાશ કરી, આપની અમૃતમય વાણીના ધોધ વડે ભારતના ભવ્ય જીવોના અંતરમાં ચૈતન્યધર્મનાં ઊંડાં વાવેતર કર્યાં છે; ભારતમાં ચારે તરફ ચૈતન્યધર્મના બગીચા વાવ્યા છે. આપનાં પુનિત પગલાંથી આ ભરતક્ષેત્ર પુણ્યશાળી, પ્રભાવશાળી હતું, ઉજ્જવળ હતું.

હે ગુરુદેવ! આપની વિદાયથી આ ભરતક્ષેત્ર સૂનું થયું છે, આ સુવર્ણપુરીનાં ધામો બધાં સૂનાં થયાં છે.

હે ગુરુદેવ! અત્યારે આપની અતિશયભરેલી મુદ્રાના દર્શનનો યોગ નથી; આપની અમૃતમય સાક્ષાત્ વાણીના શ્રવણનો પણ યોગ નથી; માત્ર આપનાં સ્મરણ કરીએ છીએ.

હે ગુરુદેવ! આપનો વિરહ વસમો છે. આપના પ્રતાપે, આપે બતાવેલા શુદ્ધાત્માના માર્ગે વિશેષ વિશેષ પ્રયાણ કરીએ અને પૂર્ણ પદને પામીએ.

હે ગુરુદેવ! આપનો સાથ સદાય રહો–એ ભાવના.

શુદ્ધાત્માનું શરણ હો; શ્રી દેવ–શાસ્ત્ર–ગુરુનું શરણ હો.

–આપનાં ચરણોમાં

આ દાસનાં પરમ ભક્તિભાવે વંદન

## હે જ્ઞાનસાગર ગુરુદેવ !

આપની સ્મૃતિ તો અમને ભૂલાતી નથી, આખો દિવસ હજુ પણ આપનો જ્ઞાન–ગૂંજારવ નજરે તર્યા કરે છે. ટેપ–રેકોર્ડિંગમાં આપની વાણી સાંભળીએ છીએ ત્યારે એમ થાય છે કે આ રહ્યા ગુરુદેવ ! પૂજ્ય ગુરુદેવશ્રીની તો હાજરી છે જ એમ ભણકારા વાગે છે.

વળી જ્યાં સ્વાધ્યાયમંદિર સામું જોઈએ તો પૂજ્ય ગુરુદેવ નથી–એમ વિરહ–વેદના થવા લાગે છે. પૂજ્ય ગુરુદેવની છત્રછાયામાં મંગલમય વાતાવરણમાં અત્યાર સુધીની જિંદગી વીતાવી તેથી અત્યારે વિરહ બહુ વસમો લાગે છે.

આપનું ચૈતન્યદ્રવ્ય પણ અલૌકિક હતું અને આપની તત્ત્વથી ભરેલી વાણી પણ અલૌકિક હતી.

હે ગુરુદેવ ! જ્યારે આપ સમયસાર, પ્રવચનસાર, નિયમસાર આદિ ઉત્તમ શાસ્ત્રો વ્યાખ્યાનમાં વાંચતાં હતાં ત્યારે આપ સમ્યગ્જ્ઞાન વડે ગ્રહણ કરેલા સૂક્ષ્મ ન્યાયોની રેલમછેલ બોલાવતા હતા જે સાંભળી અમારો આત્મા ઘણો જ ઉલ્લસિત થતો હતો, ઘણા ભવ્ય ભક્તો નાચી ઉઠતા હતા. આપનો તે ઉપકાર બહુ યાદ આવે છે. વળી હે ગુરુદેવ ! આપે તો આ સેવક પર ઘણો ઘણો જ ઉપકાર કર્યો છે. "મોક્ષમાર્ગ નજરે દેખાડયો, મોક્ષમાર્ગે ચાલતા કરી દીધા છે" તે આપનો અમાપ ઉપકાર છે–જેનો બદલો કોઈ રીતે વળી શકે તેમ નથી.

ભારતભરમાં ચારે દિશામાં ફરી અપૂર્વ યાત્રા કરાવી, શ્રી જિનેન્દ્રમંદિરો સ્થાપી ભગવાનના ભેટા કરાવ્યા, સર્વે આબાલ–ગોપાલને તત્ત્વરસીક બનાવ્યા તે આપનો ઉપકાર અત્યારે આખું ભારત યાદ કરે છે. કોઈ પણ ભવ્ય આત્મા આપને ભૂલી શકે તેમ નથી.

આપના ચરણમાં આ સેવકના કોટી કોટી વંદન હજો. આપના ચરણોમાં શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.

–સેવક શાંતાબેન મણીલાલ ખારા

### તને દુઃખ શોભે નહિ....

અરે પ્રભુ ! તું આનંદસ્વરૂપ ભગવાન છો, તને દુઃખ શોભે નહિ પ્રભુ ! અરે ! તમે બધા ભગવાન છો તમને દુઃખ શોભે નહિ. પર્યાયમાં કૃત્રિમ વિકાર થાય છે એની દૃષ્ટિ છોડી દે તો તું પર્યાયમાં ભગવાન થઈ જઈશ. અરે પ્રભુ ! આવો અવસર ક્યારે મળે ! એક સમયની દૃષ્ટિથી અનંતકાળ દુઃખમાં ગયો ને અનાદિ સત્તાવાળો પ્રભુ પડયો રહ્યો. આ સાધારણ વાત નથી, મૂળ વાત છે, સહજ અંદરથી આવ્યું છે.

–પૂજ્ય ગુરુદેવ, તા. ૫–૧૧–૮૦.

## અંતિમ વિદાય

પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના નિત્ય નિયમિત કાર્યક્રમ મુજબ આસો સુદ ૧ તા. ૯–૧૦–૮૦ સુધી પ્રવચનો ચાલી રહ્યાં જ હતા, તેમાં તા. ૯–૧૦–૮૦ ના બપોરના પ્રવચનમાં ગળું સૂકાવા લાગ્યું–સોસ પડવા લાગ્યો એટલે ০ા કલાક વહેલું પ્રવચન બંધ કર્યું, તે પછી તાવ પણ ચડવા લાગ્યો અને કેટલાક દિવસ પછી તાવ ઊતરવા છતાં નબળાઈ આદિની તકલીફ રહેવાથી મુંબઈથી મોટા ડોકટરને બોલાવ્યા. ચેકીંગ કરતાં બધું નોર્મલ લાગ્યું. એથી ડોકટરોએ પ્રવચન શરૂ કરવા તા. ૨૬–૧૦–૮૦ ના કહ્યું. પ્રવચનની શરૂઆતનું માંગલિક કરવા જતાં જ ઉલ્ટીઓ થઈ, પછી બીજે દિવસે તે બંધ થતાં એકદમ ઝાડા શરૂ થઈ ગયા અને તેનો ઉપચાર થતાં ઝાડાપણ બંધ થયા ને સ્વાસ્થ્ય સારું લાગવાથી ડોકટરે પ્રવચન કરવાની છૂટ આપતાં દિવાળી પર્વના કારણે બહારગામોથી ઘણું મહેમાન આવેલ હોવાથી આસો વદ–૧૪ ના સવારે બહેનશ્રીનાં વચનામૃત ઉપર પોણો કલાક તેમ જ બપોરના પણ સમયસાર ઉપર પોણો કલાક પ્રવચન આપ્યું ને તુરત તાવ ચડવા લાગ્યો અને તેના ઉપચાર થતાં થોડા દિનમાં તાવ તો અટકયો પણ નબળાઈ બેચેનીની ફરિયાદ મટી નહિ. તેમાં તા. ૧૨–૧૧–૮૦ ના રોજ પેશાબની તકલીફ વધી જતાં તા. ૧૩–૧૧–૮૦ ના મુંબઈ જવાનું થયું અને ત્યાં ડોકટરોની મિટિંગ મળીને નક્કી થયા મુજબ યુરોલોજીસ્ટ ડો. કામત દ્વારા પ્રોસ્ટેટનું ઓપરેશન પણ સફળતા પૂર્વક થયું તોપણ ફરી ઝાડા તાવ શરદી કફ ને ખૂબ જ નબળાઈ વધી જતાં અનેક ડોકટરોએ ભેગા મળીને અદ્યતન સારવાર આપવા છતાં તા. ૨૭ ની સાંજથી તબિયત બગડવા લાગી. તેના કારણે પ્રબળ પુરુષાર્થી ગુરુદેવ દેહનું, બીમારીનું અને મુમુક્ષુ સમાજનું લક્ષ છોડી પોતાના અંતરધ્યાનમાં એકાગ્રતા પૂર્વક તા. ૨૮–૧૧–૮૦ ને શુક્રવારના સાંજે સાતને ત્રણ મિનિટે કોઈ પણ જાતની વ્યથા, વ્યગ્રતા કે વેદના વિના સમાધિપૂર્વક સ્વર્ગવાસી બન્યા.

અકલ્પ્ય અત્યંત દુઃખદ સમાચાર વાયુવેગે મુંબઈમાં તથા લાઈટનીંગ ટ્રંકકોલ્સ દ્વારા ભારતભરમાં ને નાઈરોબી, લંડન આદિ વિદેશોમાં પ્રસરી ગયા. શ્રી શાંતિભાઈ ઝવેરીના નિવાસસ્થાને કમ્પાઉન્ડમાં રખાયેલ ધ્યાનસ્થ–અવસ્થામાં બિરાજમાન પૂજ્ય ગુરુદેવશ્રીના પાર્થિવ–દેહના દર્શને અનેક હજારો દર્શનાર્થીઓની વણઝાર ઉમટી હતી. સાંજના ૭–૩૦ વાગ્યાથી સવારના પાંચ વાગ્યા સુધી–આખી રાત સતત દર્શનાર્થીઓની ભીડ રહી હતી. ચાર્ટર્ડ પ્લેનથી સવારે દશ વાગ્યે પૂજ્ય ગુરુદેવશ્રીના પાર્થિવદેહને લાવવાનું જાહેર થયા બાદ, ચાર્ટર્ડ–પ્લેનમાં લાવવામાં નડતી કેટલીક ટેકનિકલ મુશ્કેલીના કારણે રાત્રે અઢી વાગ્યે ચાર્ટર્ડ–પ્લેનને બદલે એમ્બ્યુલન્સમાં પૂજ્ય ગુરુદેવશ્રીના પાર્થિવદેહને સોનગઢ લઈ જવાનું નક્કી થતાં સેંકડો મુમુક્ષુઓ અંતિમ–દર્શનથી વંચિત રહ્યા હતા. સવારે

પાંચ વાગ્યે પૂજ્ય ગુરુદેવના પાર્થિવદેહને લઈને રવાના થયેલ એમ્બ્યુલન્સ રાત્રે નવેક વાગ્યે જન્મધામ ઉમરાળા ગામે આવી પહોંચી હતી. પોતાના ઉમરાળા ગામમાં જન્મીને ઉમરાળાને પવિત્ર કરનાર પરમ પવિત્ર પ્રતાપી પુરુષના પાર્થિવદેહના અંતિમ દર્શન માટે ઉમરાળા ઉપરાંત આજુબાજુના અનેક ગામડાઓની માનવમેદનીએ રડતાં હૃદયે સ્વાગત કર્યું હતું. તાર-ટેલિફોન તથા રેડિયો-સમાચાર અને સમાચાર-પત્રો દ્વારા આ દુઃખદ ઘટનાની જે જે ગામોમાં જેને જેને જેમ જેમ જાણ થતી ગઈ તેમ તેમ સૌ કોઈ પ્લેન, રેલ્વે, બસ, મોટરકાર ઉપરાંત મેટાડોર વાન, જીપગાડી, ટેકસી આદિ જે કાંઈ ઉપલબ્ધ થયું તેમાં તુરત રવાના થઈ થઈને સોનગઢ આવવા લાગ્યા.

આ બાજુ સોનગઢમાં શુક્રવારની સાંજે ૭-૪૦ વાગ્યે જ્યારે આ દુઃખદ સમાચાર જાણવા મળ્યા ત્યારે પહેલાં તો સૌ દિગ્મૂઢ, જડવત્ થઈ ગયા. લાઈટનીંગ કોલથી કાનોકાન આ ઘટનાની જાણ થવા છતાં વિશ્વાસ આવતો ન હતો. ફરીથી લાઈટનીંગ ટ્રંકકોલથી વાતચીત કરી અને અંતે આ દુઃખદ ઘટના કોઈ અઘટિત દુઃસ્વપ્ન નહિ પણ વાસ્તવિક ઘટના બની ગયાનું જણાતા હૈયાફાટ ચોધાર-આંસુઓનાં ધોધને રોકવા મુમુક્ષુ હૃદયો અસમર્થ બન્યા. કોઈ કોઈની સાથે બોલી શકવા પણ સમર્થ ન હતું. આ તે શું થયું? આ ન બનવા યોગ્ય કઈ રીતે બની ગયું? તા. ૧૩-૧૧-૮૦ ના સુપ્રભાતે અહીંથી જતાં પહેલાં વચનામૃતભવનના શિલાન્યાસ પ્રસંગે તા. ૧૨-૧૧-૮૦ ના સવારે સભામાં માંગલિક ફરમાવી રહ્યા હતા એ વખતની નીરોગી પ્રસન્ન મુખમુદ્રાને યાદ કરી કરીને સૌના હૃદય રડતાં હતા કે અરેરે! એકાએક શું થઈ ગયું? શું એકાએક આપણા પુણ્ય ખલાસ થઈ ગયા? પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોથી પ્રભાવિત થઈને મુક્તિપુરીના પંથે પ્રયાણ કરવા પ્રેરાયેલા રુચિવંત અનેક આત્માર્થીઓ સ્વર્ગમાં બેઠા છે તો શું કોઈને પણ પોતાના આત્મોદ્ધારક ધર્મપિતા અંતિમ સમયે પણ સાંભર્યાં નહિ! અરે! અમારા જીવન-સર્વસ્વ ગુરુદેવને એકવાર તો સોનગઢમાં દર્શન દેવા ને બે શબ્દોનું શ્રવણ કરાવવાનો પણ કોઈ દેવને વિચાર આવ્યો નહિ! અરે ગુરુદેવ! આપના ભૂત-ભવિષ્યના સંગાથી ધર્માત્મા ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રીને દર્શન દીધા વિના આ રીતે ચાલ્યા જશો એવી તો અમને સ્વપ્નેય કલ્પના ન હતી. જેઓએ આત્મસાધના માટે આપના ચરણોમાં જીવન-સમર્પણ કરીને અહીં મુકામ કર્યો છે એવા અહીંના મુમુક્ષુઓ, બ્રહ્મચારી બહેનો-ભાઈઓ આદિ અમારા સૌનો આધાર ક્યાં ચાલ્યો ગયો? અમને સ્વ-આધીન થઈને ચૈતન્યજીવનથી જીવવાનો રાહ ચીંધનાર અમારો આધાર શું આજે ખરેખર છીનવાઈ ગયો? ઘણાને છેલ્લા ૨૦-૨૫-૩૦-૩૫-૪૦-૪૫-૪૬ વર્ષોથી જેમની દિનચર્યા સાથે પોતાનું જીવન વણાઈ ગયું હતું એ મુક્તિદૂત શું આજે એકાએક અમને અનાથ બનાવીને ચાલ્યા ગયા?

–ઇત્યાદિ અનેક પ્રકારે ભક્તિભાવે તેઓશ્રીનું સ્મરણ કરી કરીને રડતા હૃદયે શુક્રવારની રાતથી શનિવારની રાત સુધી પોતાના સર્વસ્વ શ્રી ગુરુદેવના પાર્થિવદેહના અંતિમ દર્શન માટે રાહ જોતા રહ્યા.

શનિવારની રાત્રે ૧૦ાા વાગ્યે ખબર આવ્યા કે હવે ગણતરીની મિનિટોમાં એમ્બ્યુલન્સ આવી પહોંચશે, તેથી અશ્રુભર્યા નયનોથી પૂજ્ય ગુરુદેવશ્રીના પાર્થિવદેહના સ્વાગત માટે બેન્ડવાજા સાથે સોનગઢની બજારમાં હજારો ભક્તો એકત્રિત થયા હતા. અનેકવાર વિહારમાંથી પાછા ફરતાં પૂજ્ય ગુરુદેવશ્રીનું અતિ ઉમંગભર્યું સ્વાગત થતું હતું પણ આજનો આ સ્વાગતનો પ્રકાર અતિ દુઃખદ હતો. ૧૦ાા વાગ્યે એમ્બ્યુલન્સ આવી પહોંચતા સહજાનંદી શુદ્ધસ્વરૂપી આદિ વૈરાગ્ય ધૂન સાથે પૂજ્ય ગુરુદેવશ્રીના પાર્થિવદેહને સ્વાધ્યાય મંદિરના પગથિયે બાંધવામાં આવેલ સ્ટેઈજ ઉપર બિરાજમાન કરીને ખૂલ્લો મૂકતાં હજારો મુમુક્ષુઓ અશ્રુભીના નયને એકીટસે નીહાળવા લાગ્યા. હજારો વખત પાટ ઉપર બિરાજમાન પ્રસન્ન વદનયુક્ત ઉપદેશ–મુદ્રામાં જેમના દર્શન કર્યાં હતા એ ગુરુરાજને આજે આ સમાધિ–મુદ્રામાં દેખતાં બધાનું હૈયું ચિરાઈ જતું હતું. અરે ગુરુદેવ! અમારાથી અબોલડા શાને લીધા છે? કાંઈક તો બોલો? અમને બે શબ્દ માંગલિકના તો ફરમાવો! અર્ધ બીડાયેલી ચક્ષુ અને વ્યથારહિત મુખમુદ્રામાં ધ્યાનસ્થદશામાં પાટ ઉપર બિરાજી રહેલાં પૂજ્ય ગુરુદેવ જાણે હમણાં જ પ્રવચન આપશે એમ સૌ કોઈ સામે બેસી ગયા હતા. ત્યારે ટેપ–રેકોર્ડિંગ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ–રેકોર્ડ કરેલું માંગલિક સંભળાવવામાં આવ્યું હતું, જાણે પૂજ્ય ગુરુદેવશ્રી સાક્ષાત્ બોલી રહ્યા હોય એમ લાગતું હતું. પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન માટે રાત્રે ૧૧ વાગ્યે પૂજ્ય બહેનશ્રીબેન પધાર્યા હતાં. ત્યારબાદ પૂજ્ય ગુરુદેવશ્રીના પરમ ભક્ત વર્ષોથી પૂજ્ય ગુરુદેવશ્રીના સ્વાસ્થ્યની દેખરેખ રાખનાર, છેલ્લા પાંચેક વર્ષથી સતત સચિંતપણે સ્વાસ્થ્યની સંભાળ રાખનાર, તન–મન ને સમયના ભોગે સેવા કરનાર અને અંતિમ સમય સુધી પૂજ્ય ગુરુદેવશ્રીના સાન્નિધ્યમાં રહેલા, આત્મધર્મ (ગુજરાતી) ના તંત્રી, ડો. શ્રી ચંદુભાઈ કામદારે પૂજ્ય ગુરુદેવશ્રીને સોનગઢથી મુંબઈ લઈ જવામાં આવ્યા ત્યારથી અંતિમ સમય સુધીની પૂજ્ય ગુરુદેવશ્રીના સ્વાસ્થ્ય અંગેની માહિતી સમાજને જણાવી હતી. એ પછી વૈરાગ્ય–ધૂનના વાતાવરણમાં હજારો મુમુક્ષુઓએ સ્ટેઈજની નજીક લાઈનબંધ જઈને શાંતિથી દર્શન કર્યાં હતાં. ત્યારબાદ વૈરાગ્ય–ભક્તિઓ ચાલુ રહી હતી. રાતભર કેટલાયે ભક્તજનો પૂજ્ય ગુરુદેવશ્રીની મુદ્રા નીહાળતા બેસી રહ્યા હતા તેમ જ દૂર દૂરના ગામોથી ભક્તો દર્શન માટે આવતાં રહ્યાં હતાં. વહેલી પ્રભાતે ફરીથી પૂજ્ય બહેનશ્રીબેન દર્શન માટે પધાર્યા હતા ને અડધી કલાક બેસીને પૂજ્ય ગુરુદેવશ્રીના અપાર ઉપકાર–મહિમાની તથા વૈરાગ્યભરી ભક્તિ કરાવી હતી. ત્યારબાદ કેટલાક બહેનોએ 'તારો અમને

સાંભરશે સથવારો'...'તુજ પાદ પંકજ જ્યાં થયા તે'...ઇત્યાદિ અનેક વૈરાગ્યભજનોની ભક્તિ કરી હતી. ફરીથી દશ વાગ્યે પૂજ્ય બહેનશ્રીબેન દર્શન માટે પધાર્યા હતા ને 'કહાનગુરુ તુમ પુનિત ચરણ વંદન કરું'...એ ભક્તિ કરાવી હતી. ભાદરવા વદ એકમના રોજ ચાલુ પ્રવચનમાં પૂજ્ય બહેનશ્રીબેનને આવેલા હાર્ટ-એટેકના કારણે પૂજ્ય ગુરુદેવશ્રીની સમક્ષ ન થઈ શકેલી ક્ષમાપના આજે પૂજ્ય ગુરુદેવશ્રીના પાર્થિવદેહ સમક્ષ ક્ષમા-આલોચના-સ્તવન કરીને પૂજ્ય બહેનશ્રીબેનની સાથે હજારો મુમુક્ષુઓએ પૂજ્ય ગુરુદેવશ્રીને ખમાવ્યા હતા. અહા! કુદરતના ક્રમની લીલા તો જુઓ! ભાદરવા વદ ૧ ના સાક્ષાત્ પૂજ્ય ગુરુદેવશ્રીને ખમાવવા ઉત્સાહથી પૂજ્ય બહેનશ્રી પ્રવચનમાં પધાર્યા છતાં ક્ષમાપના ન થઈ શકી ને આજે પાર્થિવદેહ સમક્ષ ક્ષમા-આલોચનાનો પ્રસંગ બન્યો! ક્ષમાપના બાદ પૂજ્ય બહેનશ્રી ચંપાબેને માંગલિક ફરમાવીને સમાધાન-પ્રેરક થોડાં ઉપદેશ-વચનો દ્વારા મુમુક્ષુઓને સાંત્વના આપી હતી. શનિવારે રાત્રે ૧૧ વાગ્યેથી રવિવારે બપોરે ૧૨ાા સુધી પૂજ્ય ગુરુદેવશ્રીના પાર્થિવદેહના અંતિમ દર્શન માટે ભક્તજનોની ભીડ રહી હતી. ત્યારબાદ સ્વાધ્યાયમંદિરમાં પાર્થિવદેહની પાલખી તૈયાર કરવામાં આવી હતી. પાલખી તૈયાર થઈ જતાં પૂજ્ય બહેનશ્રીબેને સ્વાધ્યાયમંદિરે આવીને પાલખીમાં બિરાજમાન ગુરુદેવના પાર્થિવદેહના દર્શન કર્યા હતા. તે સમય દરમિયાન વિદ્વાન ભાઈશ્રી લાલચંદભાઈએ છેલ્લા દિવસોના પૂજ્ય ગુરુદેવશ્રીના આત્મા-સંબંધી ઉલ્લાસભર્યા ઉદ્ગારો તથા જાગૃત અધ્યાત્મ-પરિણતિ સંબંધી વાત કરીને રોગના ઉપદ્રવોના કાળે પણ પૂજ્ય ગુરુદેવશ્રીની બળવાન સ્વાનુભૂતિનો મહિમા વ્યક્ત કર્યો હતો.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટની વર્ષોથી વ્યવસ્થા સંભાળી રહેલા ૯૮ વર્ષની વયના મુરબ્બી પ્રમુખ શ્રી રામજીભાઈ દોશી, પરમાગમોના ગહન ભાવોની યથાવત્ જાળવણી પૂર્વક તેનો અનુવાદ કરનાર પંડિત શ્રી હિંમતભાઈ શાહ, છેલ્લા ૩૯ વર્ષોથી પૂજ્ય ગુરુદેવશ્રીની સતત સેવા કરનાર બ્ર. ચંદુભાઈ ઝોબાલિયા તથા પૂજ્ય ગુરુદેવશ્રીની ચરણ સેવા-ઉપાસના માટે ૨૬ વર્ષની વયે નિવૃત્તિ લઈને છેલ્લા દોઢ-બે વર્ષથી સતત પૂજ્ય ગુરુદેવશ્રીના સમાગમમાં રહીને સેવા કરનાર હેમંતભાઈ ગાંધી-એ ચાર વ્યક્તિઓએ સૌ પ્રથમ પાલખી ઉપાડી હતી અને ત્યાર બાદ પૂજ્ય ગુરુદેવશ્રીના કુટુમ્બીજનોએ અને તે પછી હજારો મુમુક્ષુ ભાઈઓએ અંતિમ-યાત્રા દરમિયાન વારાફરતી પાલખી ઉપાડી હતી. સ્વાધ્યાય મંદિરના પ્રાંગણમાં લગભગ પચ્ચીસેક હજાર ભક્તગણની ઉપસ્થિતિ જણાતી હતી. મોટરગાડી, બસ આદિ વાહનો દ્વારા લોકો દૂર દૂરથી રવિવારે સાંજે ૬-૩૦ વાગ્યા સુધી આવતા રહ્યા હતા.

ત્રણ બેન્ડવાજા સાથે નીકળેલી અંતિમયાત્રા સ્વાધ્યાય-મંદિરેથી શરૂ થઈને પ્રાઈમરી

હેલ્થ સેન્ટરથી પૂજ્ય ગુરુદેવશ્રીનું પરિવર્તન સ્થાન (શરૂઆતના ત્રણ વર્ષનું નિવાસસ્થાન) 'સ્ટાર ઓફ ઇન્ડિયા' થઈને ગામની મુખ્ય બજાર, ચોરો, ચોક થઈને કહાનનગર સોસાયટી તથા મહાવીર સોસાયટી પાસે ફરીને સ્વાધ્યાય મંદિરના કમ્પાઉન્ડમાં પૂરી થઈ હતી. અંતિમયાત્રામાં હજારો મુમુક્ષુઓ ઉપરાંત સોનગઢ ગામની દરેક કોમના તથા આજુબાજુના ગામડાના માણસો જોડાયા હતા. આ અંતિમયાત્રામાં ઘાટકોપરની ભજન મંડળીએ, કેટલાક મુમુક્ષુભાઈઓએ તથા બહેનોએ....'સોનગઢનો સંત જોને આજ ચાલ્યો જાય....' ઇત્યાદિ અનેક વૈરાગ્યમય ભક્તિની ધૂન ચલાવી હતી.

...અને અંતે એ વસમી ઘડી પણ આવી પહોંચી. પાલખીમાંથી પાર્થિવદેહને ઉતારીને અગ્નિસંસ્કાર માટે ગોઠવાયેલ સુખડચંદનની ચિતા ઉપર ગોઠવવાની પળ પણ આવી પહોંચી....સાંજના ૩ાા વાગ્યા અને આપણા ચૈતન્યપ્રાણ સમા જીવન–આધાર જીવનશિલ્પી પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના પાર્થિવદેહના પણ દર્શન દુર્લભ બનવાની વેળા આવી પહોંચી...ધ્યાનસ્થદશામાં બિરાજમાન, જાણે કે હમણાં માંગલિક ફરમાવશે એવી શાંતમુદ્રામાં બેઠેલા પૂજ્ય ગુરુદેવશ્રીના પાર્થિવદેહને ચિતા ઉપર બિરાજમાન કરીને એક પછી એક ચંદન–સુખડના કાષ્ટ ગોઠવાતાં ગયા. ધીમે ધીમે કુદરત પાસે લાચાર બનીને એ પરમ પવિત્ર પુરુષના દેહની ઉપર કાષ્ટનો ઢગ ગોઠવાઈ ગયો....આહાહા! જેમના ઉપર રજત–પુષ્પોની વૃષ્ટિ કરતા હતા તેની ઉપર આજે ચંદન–સુખડનાં કાષ્ટનો ઢગ ખડકાયો! પાર્થિવદેહના દર્શન પણ અદ્રશ્ય થયા...આહાહા! એ કેવું કમકમાવનારું દ્રશ્ય હતું!! કે જે જોયું ન જાય, લખ્યું લખી ન શકાય, વાંચ્યુ ન જાય; એ દ્રશ્ય નજરે નિહાળવાનું દુર્ભાગ્યમાં લખાયું હતું...લોકોનાં રડવાનાં ડૂસકાં સંભળાવાં ચાલુ થઈ ગયા હતા કે અરેરે! આ બધું શું થઈ રહ્યું છે! આ શું સંસારની સ્થિતિ છે! જેમના દર્શન કરતાં ધરાતા ન હતાં એ પ્રાણથી પણ અધિક ગુરુરાજના દેહને શું હવે અગ્નિ મુકાશે!... અને ત્યાં જ મુરબ્બી પ્રમુખશ્રી રામજીભાઈ દોશી, પંડિત શ્રી હિંમતભાઈ શાહ, બ્ર. ચંદુભાઈ ઝોબાલિયા, શ્રી હેમંતભાઈ ગાંધી અને ડો. શ્રી ચંદુભાઈ અને આણંદભાઈ નાનાલાલ જસાણી તથા પૂજ્ય ગુરુદેવશ્રીના કુટુંબીઓએ પાર્થિવદેહનો અગ્નિસંસ્કાર કર્યો....ઈંદોરના પં. શ્રી નાથૂલાલજી શાસ્ત્રી પૂજ્ય ગુરુદેવશ્રીના અંતિમ દર્શન માટે આવેલા, તેમણે શાસ્ત્રોક્ત વિધિ મુજબ મંત્રોચાર દ્વારા અગ્નિસંસ્કારની વિધિ કરાવી હતી. દૂર સ્વાધ્યાયમંદિરના પગથિયે બેઠા બેઠા અતિ ગંભીરતાથી વૈરાગ્યમય ગદ્‌ગદ્‌ભાવે પૂજ્ય બહેનશ્રીબેન આ અગ્નિસંસ્કારની વિધિ જોઈ રહ્યા હતા. દિલ્હી, કલકત્તા, આસામ, ગૌહતી, બેંગ્લોર, કોચીન, મદ્રાસ, હૈદ્રાબાદ તથા ઇંદોર, અજમેર, જયપુર, ખંડવા આદિ દૂર દૂર સ્થળે વસતાં મુમુક્ષુઓ પણ ગમે તેમ કરીને અંતિમક્રિયા વખતે આવી પહોંચ્યા હતા. માનવમેદની સમાતી ન હતી. હજારોની સંખ્યામાં ભાઈ–બહેનો આ અંતિમ વિદાયની વેદનાવેળાએ હાજર રહ્યા હતાં.

સાંજે સાડા સાતથી દશ સુધી ભાવભરી શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ભારતવર્ષીય દિગંબર જૈન વિદ્વત્ પરીષદ તરફથી, મધ્ય પ્રદેશીય તમામ જૈનજનતા તરફથી, સન્મતિ-વાણી માસિક-પત્રિકા તરફથી અને શ્રીમાન સર શેઠ સાહેબ શ્રી હુકમીચંદજીની સંસ્થાઓ તથા તેમના પરિવાર તરફથી ઇન્દોરના પં. શ્રી નાથૂલાલજી શાસ્ત્રીએ સૌ પ્રથમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પી હતી. ત્યારબાદ પં. શ્રી હિંમતભાઈ શાહ, શ્રી લાલચંદભાઈ મોદી, શ્રી ખીમચંદભાઈ શેઠ, રાજસ્થાન વતી ટોડરમલ સ્મારક ટ્રસ્ટ વતી વીતરાગ-વિજ્ઞાન પાઠશાળા સમિતિ વતી અને ટોડરમલ દિ. જૈન સિદ્ધાંત મહાવિદ્યાલય વતી ડો. હુકમચંદજી ભારિલ્લ, વાણીભૂષણ શ્રી જ્ઞાનચંદજી ( વિદિશા ), આંધ્ર પ્રદેશ વતી હૈદ્રાબાદ મુમુક્ષુ મંડળ વતી અને ભારત વર્ષીય દિગંબર જૈન કમિટિ વતી શ્રી જયચંદજી લોહાડે, ટ્રસ્ટી શ્રી બાબુભાઈ મહેતા, બ્ર. શ્રી ચંદુભાઈ ઝોબાલિયા, અખિલ ભારતીય જૈન યુવા ફેડરેશન વતી શ્રી અભયકુમાર જૈન, બ્ર. શ્રી હરિલાલ જૈન, ટ્રસ્ટી શ્રી નેમિચંદજી પાટની, શ્રી સતીષભાઈ, ઉપપ્રમુખ તેમ જ ટ્રસ્ટી શ્રી ડો. પ્રવિણભાઈ દોશી, વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ વતી શ્રી હીરાલાલજી કાલા, શ્રી હીરાભાઈ દહેગામ, શેઠશ્રી ભગવાનદાસ શોભાલાલ ( સાગર ), બ્ર. શ્રી આશાબેન ખંડવા, વઢવાણ નિવાસી ગીરધરભાઈના પુત્રી શ્રી પુષ્પાબેન તથા પ્રોફેસર શ્રી જમનાલાલજી વગેરેએ અનુક્રમે પૂજ્ય ગુરુદેવશ્રીને પોતાની શ્રદ્ધાંજલિ અર્પી હતી. અંતમાં આપણા ટ્રસ્ટના સેક્રેટરી વિદ્વાન ભાઈશ્રી ચીમનભાઈ મોદીએ આભારદર્શનના બે-શબ્દો કહીને નવ નમસ્કારમંત્રના જાપ સાથે શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ પૂરો કર્યો હતો.

તા. ૧-૧૨-૮૦ ના રોજ સોનગઢ ગામની સમસ્ત જનતાએ સોનગઢના ચોરામાં શોકસભા કરીને પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી પ્રત્યે શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ રાખ્યો હતો, જેમાં સોનગઢની બધી જ સંસ્થાઓ-ગ્રામપંચાયત, શ્રી ગુરુકુલ-આશ્રમ, ચારિત્ર-રત્ન આશ્રમ, પ્રાયમરી હેલ્થ સેન્ટર, બેન્ક ઓફ ઇન્ડિયા, ભાવનગર ડીસ્ટ્રીક સહકારી બેંક, રેલ્વે સ્ટેશન, અધ્યાપન મંદિર, તાલુકાશાળા, આર. આર. શેઠની કું, સરયૂ પ્રિન્ટરી, પોસ્ટ ઓફિસ, શ્રી દયાનંદ કન્યા વિદ્યાલય, યુવક-મંડળ વગેરે તથા ગામના સામાજિક કાર્યકરો, વેપારીવર્ગ, ક્ષત્રિય, રબારી, કડીયા, કોળી, હરિજન વગેરે કોમ વતી તેઓની પ્રમુખ કાર્યકર વ્યક્તિઓએ વિવિધ પ્રસંગોને આલેખીને, પોતાના નાનકડા સોનગઢ ગામને દુનિયાના નકશામાં સુવર્ણ અક્ષરે અંકિત કરનાર પોતાના ગૌરવવંત ગુણીયલ ગુરુદેવના ગુણરત્નોની ગુણગાથા ગાઈને ચિરસ્મરણીય શ્રદ્ધાંજલિઓ અર્પી હતી. ભિન્ન ભિન્ન વક્તઓએ પોતાના ભિન્ન ભિન્ન વ્યક્તવ્યમાં કહ્યું

કે–વર્ષો પહેલાં બનારસ યુનિવર્સીટીમાં જૈન વિશે સંશોધન–અભ્યાસ કરતો એક જાપાનનો વિદ્યાર્થી સોનગઢની બજારમાં ભેગો થઇ થયો. તેને પૂછવામાં આવ્યું કે પ્રથમ દૃષ્ટિએ તમને ગુરુદેવ વિશે શું અસર પડી? ત્યારે તેણે કહ્યું કે સૌ પ્રથમ તો તેમનું દિવ્યવ્યક્તિત્વ, નિખાલસ હાસ્ય ‘આહાહાહા....’ અને જ્ઞાનની દૃઢતા–એ ત્રણ વાત ગુરુદેવની મને અદ્‌ભુત લાગી. વિશેષ આશ્ચર્ય તો મને એ થયું કે હજુ તો માત્ર પોણો કલાકનો ગુરુદેવનો જીવનમાં પ્રથમવાર પરિચય થયો ત્યાં તો એ જાપાનનો વિદ્યાર્થી પણ ‘ગુરુદેવ’ ‘ગુરુદેવ’ ઉચ્ચાર કરતો થઈ ગયો હતો!...બસમાં કે ટ્રેનમાં મુસાફરી કરતાં કોઈ આપણને પૂછે કે ક્યાંના છો?–સોનગઢનો છું. ત્યારે પેલો ભાઈ બોલી ઊઠે કે કાનજીસ્વામીના સોનગઢના! દેશભરમાં સોનગઢ એટલે કાનજીસ્વામીનું સોનગઢ!... કાનજીસ્વામી જેમ પવિત્ર એમ કાનજીસ્વામીના સોનગઢનો માનવી પણ પવિત્ર–એવો ભાવ લોકમાનસમાં અંકિત થયો હોય તો એ આ મહાન સંતનો જ પુણ્ય પ્રતાપ છે... જેમ સાગરને મળવા નદીઓ વહેતી હોય છે તેમ તેઓશ્રીના દર્શન ને શ્રવણ અર્થે દેશ–દેશાવરથી ભક્તોનો અસ્ખલિત પ્રવાહ સોનગઢમાં ચાલુ જ રહેતો...ગુરુદેવ કોના? જૈનોના? વાણિયાના? કોના?–કે ગુરુદેવ ક્ષત્રિયોના, રબારીઓના, કડિયા કારીગરોના, હરિજનોના, નવ–આગંતૂકોના?–ના, એ તો સૌ કોઈના ગુરુદેવ હતા...કૃષ્ણભગવાનના રૂપમાં કહાનગુરુ હતા...જ્યારે તેઓશ્રી વ્યાસપીઠ ઉપર બેસીને પ્રવચન દેતાં ત્યારે જોઉં તો ક્યારેક સોક્રેટીસ લાગતાં, ક્યારેક વિવેકાનંદ લાગતાં, તો ક્યારેક અન્ય કોઈ મહાનુભાવ લાગતા, પણ જ્યારે પ્રવચન પૂરાં થયા બાદ જોતો તો બાળકો સાથે બાળક જેવા, વૃદ્ધો સાથે પીઢ જેવા, નાના માણસો સાથે નાના માણસ જેવા લાગતા–એ તેઓશ્રીની અપાર નિરભિમાનિતાનું સ્પષ્ટ ઉદાહરણ હતું....દીવાદાંડી સમાન માર્ગદર્શક હતા....ઇત્યાદિ અહોભાવ પ્રગટ કરતાં કહ્યું કે એવા આ મહાન સંતની તપોભૂમિ તેમની હૈયાતીમાં જેમ આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું હતું તેમ હવે પણ સોનગઢનું આકર્ષણ ટકી રહે, વૃદ્ધિ પામતું રહે અને સોનગઢના સંત અને સોનગઢના ગ્રામજનોના સંપ ને સરળતાની ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે નોંધ બની રહે એવા કર્તવ્યની ભાવના પૂર્વક સોનગઢના સંતને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પીયે છીએ. –સંપાદક

[ **નોંધઃ-** તા. ૨૯–૧૧–૮૦ ના રાત્રિના ૧૦ થી તા. ૩૦–૧૧–૮૦ ના રાત્રિના ૧૦ વાગ્યા સુધીના બધા પ્રસંગોનું ટેપ રેકોર્ડિંગ કરી લેવામાં આવ્યું છે.)

# ❁ એક અપૂર્વ વ્યક્તિત્વ: કાનજીસ્વામી ❁

આજ પરમ પૂજ્ય સ્વામીજીકા પાર્થિવશરીર નહીં દેખકર હમેં અત્યંત દુ:ખ હૈ. હજારો વર્ષોકે ઇતિહાસમેં ઐસા અપૂર્વ પરાક્રમશાલી ઐતિહાસિક વ્યક્તિત્વ હમને ન કહીં દેખા, ન સુના. મૈં ૩૫ વર્ષ પહલે શ્રીમાન્ શેઠ શ્રી હુકમીચંદજીકે સાથ ઇન્દોરસે આયા. ઉસકે બાદ વિંછીયા લાઠી આદિકી કરીબ ૨૦, ૨૫ જિનબિંબપ્રતિષ્ઠાયેં કરાતે હુએ ઉનકે વ્યક્તિત્વકો ઉનકે ઉપકારકો મૈંને દેખા હૈ...એક અપૂર્વ વ્યક્તિત્વ હમ દેખ રહે હૈં. જિન્હેં લાખો અગણિત વ્યક્તિયોંકે જીવનકો બદલ દિયા. કૈસા બદલા? જૈસે તીર્થંકર તીર્થંકર પ્રકૃતિકા બંધ કરતે હૈં, યે સંસારકે પ્રાણી દુ:ખી હૈ ઉનકા કૈસે ઉદ્ધાર હો, કૈસે ઉનકા કલ્યાણ હો, યે જો જગત કલ્યાણકી ભાવના અપાયવિચય ધર્મધ્યાનમેં હૈ ઉનસે તીર્થંકર બનતે હૈં. સ્વામીજીને ભી જગતકલ્યાણકી ભાવનાસે સ્વયં ઉસ વીતરાગ માર્ગકો અંગીકાર કિયા ઔર ઉસકે બાદ વીતરાગ માર્ગકા માહાત્મ્ય સંસારકો બતાયા. ૪૬ વર્ષકા ઉનકા જીવન-આધાસે અધિક જીવન ઉન્હોંને જિનશાસનકે માહાત્મ્યકો પ્રકાશા હૈ. ૫૯-૬૦ વર્ષ પહેલેસે ઉન્હોંને સમયસાર અપને જીવનમેં ઉતારા ઔર વો બહાદૂરી દિખાઈ કિ ઇસી જગહ આકર જો કલ્યાણકા વેશ નહીં થા ઉન્હોંને છોડ દિયા...ઐસા એક વ્યક્તિ જિસને ખુલે આમ વીતરાગમાર્ગકો અંગીકાર કિયા ઔર ઉનકે હી સત્પ્રભાવસે આજ સારે હિન્દુસ્તાનમેં જગહ જગહ અધ્યાત્મકા સ્વાધ્યાય હોતા હૈ. સમયસાર આદિ જિતને દિગંબરકે ગ્રંથ હૈં સબકા સ્વાધ્યાય હોતા હૈ, સબ લોગ જિન પૂજન કરતે હૈં. સારે હિન્દુસ્તાનમેં સેંકડો મંદિર બને. અધ્યાત્મકા પ્રચારાર્થી હમ પંડિત હૈં, વિદ્વાન પંડિત હૈં, પરંતુ સચ હૈ કિ હમ ભી તો સ્વામીજીકે સમયસારકે પ્રવચનગ્રંથો કો પઢ કરકે હમને સમજા હૈ કિ વાસ્તવિક નિશ્ચયનય-વ્યવહારનય કયા ચીજ હૈ. બોલના અલગ બાત હૈ, પઢાના અલગ બાત હૈ, યે રહસ્યકો સમઝના અલગ બાત હૈં. મૈં ઔર મેરે સરીખે સેંકડો વિદ્વાનોને જિન લોગોંને નિષ્પક્ષ દૃષ્ટિએ સ્વાધ્યાય કિયા હૈ, પઢા હૈ, ઉન્હોંને સમજા યે નિશ્ચયનય-વ્યવહારનય કયા ચીજ હૈ. ઐસા સુંદર આધ્યાત્મિક વાતાવરન સારે હિન્દુસ્તાનમેં, હિન્દુસ્તાનસે બહાર ભી જિન્હોંને પેદા કિયા હૈ ઐસા અદ્‌ભુત વ્યક્તિત્વ જિનકા પાર્થિવ શરીર નહીં રહા હૈ લેકિન વે જીવિત હૈ, જીવિત રહેંગે. હમારે તમામ હૃદયમેં ચપ્પે ચપ્પેકે ભીતર ભી સ્વામીજી આજ જીવિત હૈ ઔર જીવિત રહેંગે. ઐસે પરમાત્માકા ધ્યાન દેનેવાલે કારણપરમાત્માકા જ્ઞાન દેનેવાલે કારણપરમાત્માકી આરાધના હમેં શિખાનેવાલે સ્વામીજીકે પ્રતિ મૈં શ્રદ્ધાંજલિ અર્પિત કરતા હૂં. ભારત વર્ષીય દિગંબર જૈન વિદ્વત્ પરિષદકી ઓરસે, મધ્યપ્રદેશીય જો હમારા ટ્રસ્ટ હૈ ઉન તમામ ઔર સન્મતિવાણી માસિક પત્રિકા હૈ ઉસકી તરફસે ઔર શ્રીમાન્ સર શેઠ સાહબ જો સબસે પહલે યહાં આયે થે ઉનકે પરિવારકી તરફસે ઔર હમારી સર હુકમીચંદ પારમાર્થિક તમામ સંસ્થાકી તરફસે મૈં શ્રદ્ધાંજલિ અર્પિત કરતા હૂં.

-પં. નાથૂલાલ શાસ્ત્રી, ઇન્દોર

[ શ્રદ્ધાંજલિના ભાષણમાંથી, તા. ૩૦-૧૧-૮૦ ]

## પરમોપકારી પૂજ્ય ગુરુદેવ પ્રતિ

## ભાવભીની શ્રદ્ધાંજલિ

અનેકવાર જન્મજયંતી પર બોલવાનો પ્રસંગ આવ્યો છે, પણ આજે એવો અત્યંત વિષમ પ્રસંગ છે કે જે પ્રસંગે કાંઈ બોલતાં હૈયું કામ કરતું નથી. અરેરે! જેની કલ્પનામાત્રથી કમકમાં આવે એવો દિવસ પ્રત્યક્ષ જોવાનો આપણને અલ્પભાગી મનુષ્યોને પ્રાપ્ત થયો! ગુરુદેવ વિનાનું જીવન–ખાસ કરીને સોનગઢવાસીઓનું–તદ્દન પલટાઈ ગયેલું હશે. સોનગઢના જીવનમાં ગુરુદેવ કેન્દ્રવર્તી હતા. સોનગઢનું જીવન હંમેશાં ગુરુદેવનાં પ્રવચન, ગુરુદેવ સહ જિનભક્તિ, ગુરુદેવની ધર્મચર્ચા, ગુરુદેવના અંતરોદ્ગારનું શ્રવણ ઇત્યાદિથી ઓતપ્રોત રહેતું. હવે એ બધાં વિનાનું સોનગઢનું દૈનિક જીવન કેવું ખાલી લાગશે?

અમૃત પીરસનાર ચાલ્યો ગયો. સોનગઢનું ઉદ્યાન, એ ઉદ્યાનનાં મનોહર વૃક્ષો –સીમંધરભગવાનનું મંદિર, મહાવીરભગવાનનું પરમાગમમંદિર, સમવસરણ ઇત્યાદિ બધાં–એવાં ને એવાં ઊભાં છે, પણ અધ્યાત્મરસના મધુર ટહુકાર કરનાર મોરલો આપણી વચ્ચે નથી. એ હૈયાં પુલકિત કરનાર ટહુકાર હવે આપણને કોણ સંભળાવશે? શું એ દિવ્યમૂર્તિનાં હવે કદી દર્શન નહિ થાય? એ દિવ્યમૂર્તિની પવિત્ર ગર્જના હવે કદી કાને નહિ પડે? શું માનસિક ચિત્રોથી જ એ પાવન આકૃતિ નજર સમક્ષ ખડી કરીને સંતોષ માનવો પડશે?–પ્રત્યક્ષ દર્શન નહિ જ થઈ શકે? પ્રત્યક્ષ જીવંત ધ્વનિ શું નહિ જ મળી શકે? એટલાં ભાગ્ય છે કે ટેઈપ અને પ્રવચનસાહિત્ય આપણી પાસે છે. પણ એની પાછળની જીવંતમૂર્તિ, અનુભવનિર્ગત વચનો સાથેનું અનુભવપરિણત હૃદય, ગાજતા પવિત્ર ધ્વનિ સાથેનું અધ્યાત્મમસ્ત અનુભવરેખાંકિત ભાવવાહી મલકતું મુખ હવે આપણે ક્યાં જોઈશું?

ગુરુદેવ વિના બધું સૂનકાર લાગે છે. ગુરુદેવ અને તેમનાં પ્રવચનો–આપણું જીવન ઘડનાર, આપણું કલ્યાણ કરનાર, આપણને ભવસમુદ્રમાંથી બહાર કાઢનાર મંત્રો–આપણા જીવનને ભર્યુંભર્યું બનાવી દેતાં હતાં. તે જતાં, બધું સૂમસામ–વેરાન –ખાલીખાલી લાગે છે. ગુરુદેવનો અને તેમનાં પાવનકારી પ્રવચનોનો વિરહ પડતાં, સોનગઢમાં એક, ન પૂરી શકાય એવો શૂન્યાવકાશ સર્જાયો છે. એ દુઃખદ શૂન્યાવકાશ કેમ જીરવાશે? ગુરુદેવનાં ચરણોમાં આખું જીવન સમર્પણ કરીને રહેલી બ્રહ્મચારિણી બહેનોનું તથા બ્રહ્મચારી ભાઈઓનું શું? કેટલાંક મુમુક્ષુ ભાઈબહેનો સત્સંગ અર્થે કાયમી વસવાટ કરીને સોનગઢમાં રહેલાં છે તેમનું શું? એમની આશા–ધારણાઓને કેવો અકલ્પ્ય આંચકો લાગશે?...પણ આપણો કોઈ ઉપાય નથી. સંયોગ વિયોગ લઈને જ આવે છે. એ સંયોગવિયોગ રહિત

આત્મતત્ત્વનું ભાન એ જ સર્વ દુઃખ ટાળવાનો એકમાત્ર ઉપાય છે–એમ ગુરુદેવે આપણને સમજાવ્યું છે. એ સિવાય આપણું કોઈ શરણ નથી. એ જ શરણ શોધવું રહ્યું.

ભારતવર્ષના મુમુક્ષુઓને પણ આ આઘાત જીરવવો આકરો પડશે. થોડા થોડા વખતના અંતરે તે લોકો પણ એ અમૃતઝરણાનાં અમૃત પીવા સોનગઢ આવતા. હવે તેમને એ અમૃત ક્યાં મળશે? એક તીર્થધામ તરીકે, ગુરુદેવના નિવાસની પવિત્ર યાદગીરીના સ્થાન તરીકે અહીંના વાતાવરણમાંથી પ્રેરણા લેવા માટે ભલે તેઓ સોનગઢ આવે, પણ જે મધુર જીવનોદક પીને તૃષા છીપાવવા તેઓ આવતા, અધ્યાત્મ–અમૃત પીને ભવભ્રમણનાં દુઃખ ટાળવા માટે તેઓ આવતા, એ તો નહિ જ બને ને?

અહો! એક પ્રભાવશાળી વ્યક્તિ જતાં, એક સ્ફટિકહૃદયી, સરળ, આત્માનુભવી, મોક્ષને અલ્પ કાળમાં પ્રાપ્ત કરનાર, આજીવન–બ્રહ્મચારી, પરાક્રમી જીવ જતાં, કેટલા જીવો નોધારા બની જાય છે! આપણું અવલંબન ગયું, આપણું શરણું ગયું, આપણો આધારસ્તંભ ગયો; 'અંદરમાં બધું છે' એમ કહેનાર ગયો. હે ગુરુદેવ! અંદરમાં તો છે જ, પરંતુ અંદરનો આધાર જડતો નથી ત્યાં સુધી બહારનો આધાર જતાં નિરાધારતા લાગી જાય છે.

એ પુરુષે પોતાનું કલ્યાણ કર્યું, તેઓ જીવન ધન્ય બનાવી ગયા, કથંચિત્ કૃતકૃત્ય થયા. જેની શરૂઆત નથી એવાં દુઃખોનો અંત તેઓ અલ્પ કાળમાં પામશે અને આપણા જેવા લાખો જીવોને એ દુઃખોથી તારશે–એવો એ પવિત્ર પ્રભાવશાળી આત્મા હતો. આ ભવમાં પણ તેણે ચમત્કારિક કાર્ય કર્યું;–આત્માર્થપૂર્વક સંસારત્યાગ કર્યો, 'આત્માનુભવપૂર્વક સમ્યગ્દર્શન હોય છે' એવું એક મૂળભૂત તથ્ય–જે શાસ્ત્રોમાં છુપાયેલું પડયું હતું પણ જેની ભાગ્યે જ કોઈને ખબર હતી તે–ગાજતું કર્યું; 'જૈન દર્શન સત્ય છે' ઇત્યાદિ શ્રદ્ધા તે જ સમ્યગ્દર્શન છે એમ પ્રાયઃ ચાલતું હતું ત્યારે એ પુરુષે ઢંઢેરો પીટીને જાહેર કર્યું કે "સ્વાત્માનુભૂતિ વિના સમ્યગ્દર્શન કદી હોઈ શકે નહિ. હું એક જ્ઞાનાનંદમૂર્તિ ભગવાન છું, મારામાં ભરપૂર ભર્યું છે, મારે કોઈની જરૂર નથી, મારે બહારનાં દુઃખસુખ કાંઈ છે જ નહિ–એવું જોર શુદ્ધાત્માના અનુભવ વિના ક્યાંથી આવે? એવા જોર વિના ભલે રાજપાટ છોડી દીક્ષા લે તોપણ સાચી ઉદાસીનતા આવતી નથી. સ્વાનુભૂતિપૂર્વક જ સમ્યગ્દર્શન હોય છે–એ તથ્યના અમે સાક્ષી છીએ. આ માર્ગે તમે નિઃશંકપણે ચાલ્યા આવો; અમે એ સમ્યક્ માર્ગને અનુભવીને કહીએ છીએ."–આમ

સ્વાનુભૂતિપૂર્વક ગર્જના કરી એ પરાક્રમી સિંહે જગતના ભવ્ય જીવોને જિનપ્રણીત સાચો રાહ બતાવ્યો.

તેઓ એક મહાન યુગપ્રવર્તક હતા. તેમણે એક યુગ પ્રવર્તાવ્યો–દ્રવ્યની સ્વતંત્રતાનો, ભગવાન આત્માના મહિમાનો, સમયસારનો, સમ્યગ્દર્શન માટેના પુરુષાર્થનો અને આત્માનુભૂતિમૂલક સમ્યક્ મોક્ષમાર્ગનો. જૈન દર્શનની જ્યોત જે તેજહીન–ક્રિયાકાંડપ્રધાન થઈ ગઈ હતી તેમાં એમણે તેજ પૂર્યું અને સાચો વીરમાર્ગ જે આવૃત સ્થિતિમાં પડયો હતો તેને અનાવૃત કર્યો. મહાન આત્મપરાક્રમનું કામ કરી તેઓ ધન્ય જીવન જીવી ગયા, પોતાનું કલ્યાણ કરી ગયા અને હજારો લાખો જીવોને કલ્યાણનું નિમિત્ત થાય એવું તત્ત્વજ્ઞાન, એવા ગ્રંથો, એવા ટેઈપરેકર્ડ–એ બધું આપણા માટે મૂકી ગયા.

હવે આપણે તેમના સાહિત્ય દ્વારા તેમનો ઉપદેશેલો માર્ગ વિચારીને આગળ વધવાનું રહ્યું. આપણા જીવનશિલ્પી ઉપસ્થિત હતા ત્યારે તો ઓછો પુરુષાર્થ કરીએ તો આપણને ટોકીને તેઓ વિશેષ પુરુષાર્થમાં પ્રોત્સાહિત કરતા. હવે તેઓશ્રીની પરોક્ષતામાં તો આપણે વધારે પુરુષાર્થ કરી એમના સાહિત્યના આધારે પ્રગતિ કરવાની રહી. આપણે સ્વયં જાગૃત રહી, પુરુષાર્થ વધારી, કલ્યાણ કરવાનું રહ્યું. એ વિના આપણો કોઈ ઉદ્ધાર નથી.

એ ઉપકારી પુરુષના ઉપકારોનો–અથાગ ઋણનો–બદલો આપણે ભવોભવમાં વાળી શકીશું નહિ. આપણા જીવનને દિશા અર્પનાર પરમોપકારી ગુરુદેવની સ્મૃતિ આપણાં હૃદયમાં સદા અંકિત રહેશે. સોનગઢવાસીઓને તો દિન ઊગે ત્યારથી પ્રસંગે પ્રસંગે એ પવિત્રમૂર્તિ નજર સમક્ષ તરવરશે અને હૈયું ભીંજવશે. સોનગઢના તેમ જ દેશવિદેશના સર્વ મુમુક્ષુજનોના હૃદયસિંહાસનમાં નિષ્કારણ કરુણાશીલ ગુરુદેવ સદા બિરાજમાન રહેશે.

હે વહાલા પરમોપકારી ગુરુદેવ! અમે અમારાં હૃદયના ઊંડાણમાંથી ઉપકૃતભાવભાવિત, પરમભક્તિયુક્ત, ભાવભીની શ્રદ્ધાંજલિ આપનાં ચરણકમળમાં વિનમ્રભાવે વંદનપૂર્વક સમર્પિત કરીએ છીએ. –હિંમતલાલ જે. શાહ

## ❀ અનુભવપૂર્વકની વાણી દ્વારા ગુરુદેવ અમર છે ❀

આપણા પરમ ઉપકારી ગુરુદેવ આપણી સમીપથી દૂર સ્વર્ગમાં ચાલ્યા ગયા છે, પરંતુ શુદ્ધાત્માના સ્વભાવના આશ્રયે મોક્ષમાર્ગ થાય ને એ સિવાય બીજો કોઈ ઉપાય જ નથી એવી સચોટ અનુભવપૂર્વકની વાણી દ્વારા તેઓશ્રી અમર છે. એમની વાણીમાં નિરંતર સત્ય નીતરતું હતું. આત્મા તો સત્ છે પણ જગતનાં બધા પદાર્થો પણ સત્ છે. બધા પદાર્થનાં દ્રવ્ય ગુણ અને પર્યાય પણ સત્ અહેતુક છે, બધું ક્રમબદ્ધ છે. એવા માર્મિક સિદ્ધાંતો દ્વારા તેઓશ્રીએ જ્ઞાયકભાવને અકર્તા જાહેર કર્યો. અનાદિકાળથી જીવની કોઈપણ ભૂલ રહી ગઈ હોય તો તે કર્તાપણાની માન્યતા છે. એ કર્તાપણાના વિભાગ સમજાવતાં સમજાવતાં આત્મા પરદ્રવ્યનો તો કર્તા કે ભોક્તા અજ્ઞાનભાવે પણ નથી, અજ્ઞાનભાવે કદાચિત્ એ રાગાદિનો કર્તા હો, પણ સ્વભાવદ્રષ્ટિથી જોવામાં આવે તો આત્મા રાગાદિનો અકારક અને અવેદક છે. તેથી આગળ ચાલીને પણ જે શાસ્ત્રજ્ઞાન, ઈન્દ્રિયજ્ઞાન, પરસત્તા-અવલંબનથી થતું જ્ઞાન, એ જ્ઞાનના પરિણામનો પણ ભગવાન આત્મા કર્તા નથી, અકર્તા છે. એનાથી આગળ ચાલીને પણ શુદ્ધ પરિણામનો પણ ભગવાન આત્મા કર્તા નથી, અકર્તા જ્ઞાયક છે. જ્ઞાનસ્વભાવી આત્મા કેવળમાત્ર જાણે, જાણે ને જાણે, 'કરવું' આત્માના સ્વભાવમાં નથી. ત્રિકાળ સ્વભાવમાં નથી એમ દૃષ્ટિ પડતાં પરિણામમાંથી કર્તૃત્વનો અહમ્ છૂટીને આત્માને આત્માનો અનુભવ થાય છે, એવી અપૂર્વ તેઓશ્રીએ લહાણી કરી છે. જ્યારે તેઓશ્રી નાઈરોબી જવાની તૈયારીમાં હતાં તેના પૂર્વે ગુરુદેવે ફરમાવ્યું કે આત્માનો સ્વભાવ અકર્તા છે એ જૈનદર્શનની ઉત્કૃષ્ટતા છે. બીજે દિવસે ફરમાવ્યું કે આત્માનો સ્વભાવ અકર્તા છે એ જૈનદર્શનની પરાકાષ્ઠા છે.....ક્રમબદ્ધપર્યાય દ્વારા પણ તેઓએ આત્માનો અકર્તા સ્વભાવ બહુ જગજાહેર કર્યો....આવી સૂક્ષ્મ વાતો એણે આપણને ઘણી આપી છે. પંડિત હિંમતભાઈએ જે રીતે કહ્યું તેવી રીતે હવે તો આપણાથી એ દૂર થયા છે, આપણને ટોંકનાર નથી, આપણને શિખામણ આપનાર આપણી પાસેથી ચાલ્યા ગયા છે એટલે તેઓશ્રીએ ફરમાવેલા મહામંત્ર, એની ઉપાસના આપણે બહુ કાળજીપૂર્વક, અંતરની રુચિપૂર્વક કરીને આપણે બધા એકસાથે, એમની સાથે સાથે સિદ્ધાલયમાં જઈએ એ જ આપણી આકાંક્ષા છે અને શ્રદ્ધાંજલિ છે.

[ શ્રદ્ધાંજલિ ભાષણમાંથી, તા. ૩૦-૧૧-૮૦ ] —લાલચંદ અમરચંદ મોદી, રાજકોટ

# ❁ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ: અધ્યાત્મ-ક્રાંતિકાર ગુરુદેવને... ❁

"અહો ઉપકાર જિનવરનો, કુંદનો, ધ્વનિ દિવ્યનો" પણ એ ત્રણે-જિન, કુંદ, ધ્વનિ-આપ્યા અહો તે ગુરુકહાનનો. શુક્રવારે સાંજે સૂર્યાસ્ત સમયે લૌકિક સૂર્ય તો અસ્તતાને પામ્યો પણ જેમણે આપણા ઉપર મહાન જ્ઞાયકસ્વભાવના જેટલા ગાણા ગાયા, પરમપારિણામિકભાવ, કારણશુદ્ધપરમાત્માનો આશ્રય લેવાનો જ જેમણે દિવ્ય સંદેશો આપ્યો, એ મહાન ક્રાંતિકાર, એ જ્ઞાનસૂર્ય બરાબર એ જ સમયે અસ્તતાને પામ્યો. આપણને તો એ વિરહનું દુઃખ છે; તેઓશ્રી તો અહીંથી સ્વર્ગમાં બિરાજમાન થઈ ગયા ને તુરત જ ભગવાનની દિવ્યધ્વનિ સાંભળવા માટે પહોંચી ગયા. આપણે અહીંયા જે દિવ્યધ્વનિના ભણકાર સાંભળવા મળતાં હતાં તે હવે નહીં મળે એનું આપણને મહાન દુઃખ છે...પરમ ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કે જેઓએ આપણને મુક્તિદૂત બનીને પરમાગમોનું ઉંડાણથી ચિંત્વન કરીને રહસ્ય સમજાવ્યું એ મુક્તિદૂત આજ આપણી વચ્ચે નથી. તેઓશ્રી તો મુક્તિદૂત બનીને પધાર્યા હતાં. હવે એ દૂત આપણી પાસેથી વિયોગ દશાએ પામ્યા છે, દુઃખ તો એ વાતનું છે...આ મુક્તિદૂતે આપણી પાસે જે સંદેશાઓ રજૂ કર્યા છે, રાહ બતાવ્યો છે એ રાહ ઉપર ચાલનારને રાહત મળ્યા વગર નહીં રહે. અરે! જેમણે આવા ત્રિકાળી જ્ઞાયકસ્વભાવી આત્માને ધ્યેય બનાવીને આધ્યાત્મિક ક્રાંતિ કરી, જે આધ્યાત્મિક ક્રાંતિ હજારો વર્ષોમાં નહોતી થઈ એવી એમણે ૯૧ વર્ષની ઉંમરમાં-તે પણ છેલ્લા ૪૫ વર્ષમાં કરી દીધી...એ આધ્યાત્મિક ક્રાંતિ તો આખા જગતમાં ફેલાણી છે. એને કારણે અનેક મુમુક્ષુઓની ટળી ગઈ છે ભ્રાંતિ અને એને અંતરમાં ઉતારે એને મળે અપૂર્વ શાંતિ. આ યુગમાં ભગવાન કુંદકુંદાચાર્યદેવે બે હજાર વર્ષ પહેલાં આ સમયસાર ઇત્યાદિ શાસ્ત્રોની રચના કરીને જિનશાસનનો પાયો નાંખ્યો. બરાબર ૧૦૦૦ વર્ષ પછી અમૃતચંદ્રાચાર્યદેવે એના ઉપર ટીકાની રચના કરીને જિનશાસનનું મંદિર બનાવ્યું! અને કળશોની રચના કરીને ઉપર કળશ ચડાવી દીધાં. ત્યારબાદ બરાબર ૧૦૦૦ વર્ષ પછી પરમ ઉપકારી ગુરુદેવશ્રીએ આવાં અધ્યાત્મશાસ્ત્રોનું ઊંડું ચિંત્વન કરીને એના ઉપર પ્રવચનો ૪૫-૪૫ વર્ષ સુધી આપીને એ જિનશાસનનાં ઝંડાને ફરકાવ્યો છે. એ ઝંડો ફરકાવનાર આજે આપણી વચ્ચેથી ચાલ્યા ગયા. જેનાં અંતરમાં દિવ્યધ્વનિના ભણકાર વાગતાં હતાં એવા પૂજ્ય ગુરુદેવ સ્વર્ગમાં જઈને ત્યાંથી તુરત જ ભગવાનનાં સમવસરણમાં પહોંચીને દિવ્યધ્વનિ સાંભળી રહ્યા હશે. એ દિવ્યધ્વનિ તેઓ તો સાંભળી રહ્યા છે પણ આપણને એમની પાસેથી જે દિવ્યધ્વનિનું રહસ્ય સાંભળવા મળ્યું છે એનો પડયો છે વિરહ. એ દિવ્યધ્વનિ તેઓશ્રી તો અત્યારે સાંભળી રહ્યા હશે, પણ અલ્પભવમાં એમને પોતાને પણ દિવ્યધ્વનિ છૂટે એવો જોગ છે અને એ દિવ્યધ્વનિનાં સાંભળનારા અહીંયાના આપણા શ્રોતાઓ પણ ત્યાં હોય એવી આપણી ભાવના છે. એ જ એમના પ્રત્યેની અપૂર્વ શ્રદ્ધાંજલિ છે...

[ શ્રદ્ધાંજલિ ભાષણમાંથી, તા. ૩૦-૧૧-૮૦ ] -ખીમચંદ જે. શેઠ, સોનગઢ

## ❁ જ્ઞાનસૂર્ય ગુરુદેવકે પ્રતિ આદરપૂર્ણ શ્રદ્ધાંજલિ ❁

પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કે કલતક, સુબહ તક હમકો દર્શન પ્રાપ્ત થે. અબ દર્શન ભી દુર્લભ રહેંગે. કાલને હમ પર ઐસા પ્રહાર કિયા હૈ. હમ ભી ઉસકો ચેલેંજ દેતે હૈં કિ હમારે હૃદયમેં ગુરુદેવશ્રીકી મૂર્તિ જો બિરાજમાન હો ગઈ હૈ યદિ ઉસકી તાકત હો તો ઉસકો ભી છીન લે. લાખોં લાખોં લોગોંકે હૃદયમેં જો ઉનકી એક છબી, એક મુદ્રા, એક વસ્તુસ્વરૂપ હૃદયમેં બેઠ ગયા હૈ, લાખો લોગોંકે અંદર પ્રવેશ કર ગયા હૈ, ઉસકો યે કાલ કભી ભી ધો નહીં સકેગા-ઐસી હમારી આસ્થા હૈ, શ્રદ્ધા હૈ, ભાવના હૈ...એક બાતમૈં કહતા હૂં કિ અધ્યાત્મસૂરજ તો અસ્ત હો ગયા. યે લૌકિક સુરજ તો અસ્ત હોતા હૈ ઔર અંધકાર ફૈલ જાતા હૈ, તો હમ બેઠે નહીં રહેતે હૈં, હમ રોને નહીં લગતે હૈં, બલ્કિ જિતની જિસકી સામર્થ્ય હોતી હૈ અપને ઘરોંમેં દીપક જલાતે હૈં. બીજલી કે બલ્બ જલાતે હૈં. જિસકી જૈસી સામર્થ્ય હોતી હૈ ઉજેલા કરતે હૈં ઔર અપના કામ ચલાતે હૈં. યદ્યપિ યે બાત સત્ય હૈ કિ વો દીપક વો કૃત્રિમ પ્રકાશ લાખોં હોકર કે ભી એક સૂરજકી બરાબરી નહીં કર સકતે; ઉતના ઉજેલા નહીં દે પાતે હૈં, જિતના ઉજેલા એક સૂરજ દેતા હૈ. લેકિન ઐસા સોચકર હમ ઐસા નહીં કે એક દીપક સૂર્યકો કયા દિખાના? -ઐસા સોચકર હમ દીપક નહીં જલાવેં ઔર અંધેરેમેં હમ બેઠે રહે ઐસા કભી હમ કરતે નહીં હૈં. દીપક જલાતે હૈં અપની અપની હેસિયતસે, લાખોં દીપક જલ જાતે હૈં ઔર બારહ ઘંટેકી અંધકારકી રાત્રિ વ્યતીત હો જાતી હૈ ફિર સૂરજકા ઉદય હોતા હૈ. હમ હાર નહીં માનતે હૈં. ઇસલિયે હાર માનનેકો ઔર સિર્ફ રોનેકા સમય નહીં હૈ...યદ્યપિ યહ બાત સત્ય હૈ કિ પૂજ્ય ગુરુદેવશ્રીકી પવિત્રતા ઔર પુણ્યકો હમ પ્રાપ્ત નહીં કર સકતે હૈં લેકિન હમ ઈતની નિરાશાકે ગર્તમેં કયું જાયે? જો ૪૫-૪૫ વર્ષકા ઉનકા હમેં સંયોગ મિલા હૈ, ઉન્હેં તો સમયસાર અકેલા મિલા થા ઔર હમેં સમયસારકે સાથ સાથ ઉન્નીસ બારકે ઉનકે પ્રવચન ભી મિલે હૈં. ઉનકી દિવ્ય ચેતનાકા હમ લાખોં લાખોં લોગોંને ભરપૂર, જી ભરકે લાભ લિયા હૈ. અભી અભી શ્રી ખીમચંદભાઈને કહા થા કિ વો તો સીમંધરકે સમવસરણસે આયે થે ઔર વહીં દિવ્યધ્વનિ સુનને પહુંચ ગયે હોંગે, પહુંચ ગયે હૈં, ૪૫ વર્ષ તક ઉન્હોંને હમે સુનાયા; સુનકે આયે થે, સુનાયા ઔર વો સુનને પહુંચ ગયે. બહોત સુનાયા ઔર સુનને પહુંચ ગયે. અબ હમને જો ૪૫ વર્ષ તક સુના હૈ હમ ઉસકો પચાયે, અંદરમેં અનુભવ કરે, ઉસકા પ્રયોગ કરે જો માલ હમકો પ્રાપ્ત હો ગયા હૈ, અબ હમેં ઉસકો સમ્હાલનેકા અવસર હૈં.

મૈં એક બાત કહતા હૂં કિ પૂજ્ય ગુરુદેવશ્રીને હમેં અધ્યાત્મતત્ત્વ હી નહીં દિયા, લેકિન એક આદમી મદ્રાસકા, એક બંગાલકા, એક બિહારકા, એક ઓરીસ્સાકા, એક

દિલ્હીકા, એક હરિયાણાકા, એક કાઠીયાબાડકા ઈતને આદમીયોંકો એક જગહ ઈકઠ્ઠા કરનેકા એક સામાજિક સંપર્ક ભી દિયા હૈ. એક મેઈન સૂતકા કામ કિયા હૈ. જૈસે તીર્થંકરકે સમવસરણમેં બકરી ઔર શેર એક ઘાટ પાની પીતે હૈં અપના વૈર ભૂલ જાતે હૈં ઐસે યે ગુજરાતી હૈ, યે મરાઠી હૈં ઐસી બાતોંકો હમ ભૂલ જાતે થે. હમ સિર્ફ મુમુક્ષુ હૈં. હમ સિર્ફ એક ગુરુદેવશ્રીકે ભક્ત હૈં, એક ગુરુકે ચેલે હૈં. ઇસ ભાવનામેં દેશમેં પ્રાંતવાદકી જિસને ઝડ ઉખાડ દી, જાતિવાદકી જિસને ઝડ ઉખાડ દી, હમકો જોડકર ઈકઠ્ઠા કર દિયા, આજ વો સૂત હમારા સમાપ્ત હો ગયા હૈ. વો શક્તિ હમારી સમાપ્ત હો ગઈ હૈ. અબ હમેં કોઈ જોડનેવાલા નહીં રહા હૈ. અબ હમે ખુદ જુડે રહેના હૈ. એ બહુત બડી જિમ્મેવારી આજ હમારે શિર પર હૈ...આજ તો મૈં યહ બાત કહના ચાહતા હૂં કિ ગુરુદેવશ્રીસે હમ સબ બંધે થે વો બંધન આજ તૂટ ગયા હૈ વો બંધન આજ ખો ગયા હૈ ઔર એકતાકા એક આધાર થા વો આજ નષ્ટ હો ગયા હૈ. એકતાકી હમારી જમીન કહીં ખીસક ન જાયે વો સારી જિમ્મેવારી હમ સબકો નિભાના હૈ. યદી હમ ઈન જિમ્મેવારીકો નિભા શકે તો હમ સબ ગુરુદેવશ્રીકો સહીરૂપમેં શ્રદ્ધાંજલિ અર્પિત કર સકેંગે...હમે યાદ રખના ચાહિયે કિ ગુરુદેવશ્રીકા કભી ઈધર ધ્યાન જાવે ઔર વો દેખે કે હમારે અનુયાયી હમારે બતાયે માર્ગ પર ચલ રહે હૈં યા નહીં ચલ રહે હૈં, ઉનકો હમ એક ઐસી ચીજ દિખા સકે કી ગુરુદેવશ્રી આપ નિશ્ચિંત રહીયે, સીમંધર પરમાત્માકી બાત સુનીયે, હમ ભી આપકી ધુન હી કર રહે હૈં ઔર હમ ભી વહાં આતે હૈં અબ ચિંતાકી બાત નહીં. યહ વિયોગ હમારા અધિક સમયકા નહીં હૈ. આજ ગુરુદેવશ્રી ગયે હૈં, કલ હમ સબકો જાના હૈ. ઈસ વિયોગકી બાતકો હમ ભૂલ જાયે. એ તો એક ન એક દિન હોના હી થા...મેરે કહેનેકા આશય યે હૈ કિ ભાઈ ઉનકા જો બહોત માલ હમારે પાસ હૈ, ઇતના ચક્રવર્તી જૈસા ભોજન હમારે પાસ ઉન્હોંને પરોસા હૈ. હમ પચાલે ઉસે, રચાલેં અપનેમેં ઔર હમ સબ મિલકર ઉનકી ઉસ દિવ્યધ્વનિકો, ઉનકી ઉસ દિવ્યવાણીકો આગે બઢાતે હુએ હમ એક સાથ રહકર હમ એકસાથ ગુરુદેવશ્રીકે પાસે જાયે, ઉનકે સમવસરણમેં સાક્ષાત્ ઉનકી દિવ્યધ્વનિકા લાભ લે ઉસ પવિત્ર ભાવનાકે સાથે કિ હમ સબ ઉનકે બતાયે માર્ગ પર ચલકર ઔર એક રહકર ઉનકી બતાયી બાતકો કાયમ રખેંગે ઉસ પવિત્ર ભાવનાકે સાથ મેં રાજસ્થાનકી ઓરસે ટોડરમલ સ્મારક ટ્રસ્ટકી ઓરસે, વીતરાગ વિજ્ઞાન પાઠશાલા સમિતિકી ઓરસે, ટોડરમલ દિગંબર જૈન સિદ્ધાંત મહાવિદ્યાલયકી ઓરસે ઉનકે ચરણોમેં મૈં અપની હાર્દિક શ્રદ્ધા વ્યક્ત કરતા હૂં.

[ શ્રદ્ધાંજલિના ભાષણમાંથી, તા. ૩૦-૧૧-૮૦ ] –ડો. હુકમચંદ ભારિલ્લ, જયપુર

# ❁ વીતરાગ-વિજ્ઞાન પ્રસારક ગુરુદેવકે પ્રતિ નમ્ર શ્રદ્ધાંજલિ ❁

મંગલમય મંગલકરણ વીતરાગવિજ્ઞાન ।

નમો તાહી જાતે હુએ અરિહંતાદિ મહાન ।

પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવ શ્રી ! આજ આપકે સાથ રહનેવાલી દેહકે વિયોગને ઈસ સંસારકી નશ્વરતાકા ઔર ઈસ આત્માકી અવિનશ્વરતાકા પ્રત્યક્ષ દર્શન કરાયા. આજ હમને ઈસ બાતકી શિક્ષા પ્રત્યક્ષ લે લી હૈ. મુજે તો જ્યાદા કુછ નહીં કહેના, સારે ૨૨ સાલસે ઉનકે ચરણોમેં રહનેકા સૌભાગ્ય પ્રાપ્ત હુઆ. દુઃખ ઈસ બાતકા હૈ ઉનકી વાણીકા, જો પ્રત્યક્ષ અનુભવસે નીકલી હુઈ, શ્રવણ કરતે થે ઉસકા વિયોગ હુઆ. પ્રસન્નતા ઈસ બાતકી હૈ કી કાશ, યદી ઈનકી મોજૂદગીમેં હમારા જન્મ ન હોતા તો હમ ઈસ સત્ય સનાતન વીતરાગ માર્ગકો કૈસે પ્રાપ્ત કરતે ? અગર કાશ, પહલે જન્મ હોકરકે દેહ છોડ દી હોતી તો ઉનકા સમાગમ ન મિલતા. કાશ, યદી ઉનકે ન હોનેકે બાદમેં જન્મ હોતા તો ટેપ રેકોર્ડિંગકે શબ્દ તો મિલતે લેકીન ઉનકે અનુભવસે નીકલી હુઈ દેશના પ્રત્યક્ષ પ્રાપ્ત ન હોતી. પ્રસન્નતા ઈસ બાતકી હૈ પૂજ્ય ગુરુદેવને સારે વર્લ્ડમેં એક ઐસા ધ્વજ ફેલાયા હૈ જિસ ધ્વજકો ભગવાન મહાવીરકી ઔર અનંત તીર્થંકરોકી પરંપરાસે આજ તક ચલા આ રહા હૈ. ગુરુદેવશ્રીકા વિયોગ હુઆ કિન્તુ વહ ધ્વજ ઉન્હોને ઈસ એક એક મુમુક્ષુ ભાઈઓકે હાથમેં દિયા હૈ, હમ સબ અપને જીવનમેં યહ પ્રતિજ્ઞા કરે કિ દેહકે છૂટનેકી બાતોં કો છોડકર સ્વભાવકી બાતકો અપનાકર ઉસ વીતરાગ માર્ગકા ધ્વજ હમારે જીવનમેં સે ન છૂટ ન પાયે...આજ પૂજ્ય ગુરુદેવ હમારે હૃદયમેં સ્વયં બિરાજે હૈ ઔર હમે ઐસી રત્નત્રયકી ધ્વજપતાકા અપને સ્વભાવકી દી હૈ કિ જો દેહ છૂટ જાયે લેકીન ઉસ સ્વભાવકા ઝંડા હમારે જીવનમેં સે ન છૂટે-ઐસી ભાવના હમારે અંતરમેં પ્રત્યેક સમય પર બની રહકર હમ ઉનકે દિખાયે માર્ગ પર ચલકર અપને સત્ય સનાતન વીતરાગ સ્વભાવકી દૃષ્ટિ-જ્ઞાન-એકાગ્રતાકો પ્રાપ્ત કરકે, ઉન જૈસે પવિત્ર જીવનકો જી કરકે ઔર અજર અમરતાકો પ્રાપ્ત કરે ઐસી પવિત્ર ભાવના કે સાથ મૈં મધ્ય પ્રદેશકી ઓરસે ઔર અપને જો વિદિશા કે ભાઈ હૈ ઉન સબકી ઓરસે પૂજ્ય ગુરુદેવશ્રીકે ચરણોમેં અનંતબાર, અનંત અનંત બાર અપૂર્વ શ્રદ્ધાંજલિ અર્પિત કરતા હૂં.

[ શ્રદ્ધાંજલિ ભાષણમાંથી, તા. ૩૦-૧૧-૮૦ ]

-જ્ઞાનચંદ જૈન, વિદિશા

હિન્દુસ્તાનભરમાં પ્રગટ થતાં દૈનિક સમાચાર-પત્રો, અઠવાડિકો, પાક્ષિકો તેમ જ માસિકો-જે કોઈમાં પૂજ્ય ગુરુદેવશ્રીના દેહાંત વિશે કે જીવન વિશે થોડું-ઘણું પણ છાપવામાં આવ્યું હોય તેની બે-બે નકલ મુમુક્ષુઓએ સોનગઢ સંસ્થાના એડ્રેસ ઉપર મોકલવી.

## ❀ હમારે લિયે એક તીર્થકા નિર્માણ કરનેવાલે પૂજ્ય સ્વામીજી ❀

અભી આપકે સામને જબ યહાંકે કાર્યકર્તાઓને પરમ પૂજ્ય સ્વામીજીકા સ્મારક નિર્માણ કરનેકા નિર્ણય જાહેર કિયા તો આપ સભી લોગોંને જિસ ઉત્સાહકે સાથ ઉસકો સાથ દી હૈ ઉસકે સાથ સહયોગ દિયા હૈ યે એક હી ઉદાહરણ સ્વામીજીકા કાર્ય હમારે જીવનમેં કિતના પરિણામ કરકે ગયા હૈ ઈસકા સાક્ષી હૈ. હમ જબ કિસી બડે આદમીકો કોઈ કામ આસાનીસે કરતે દેખતે હૈં તો હમકો ઐસા લગતા હૈ કિ વો કામ બહોત સાદા સીધા હૈ ઔર વો કરનેમેં કોઈ કઠિનાઈ નહીં હૈં. લેકિન ઉસ આદમીકા જો બડેપના હૈ વો સાધન કરનેકે લિયે ઉસકે જીવનકે તરફ જબ હમ દેખતે હૈ તો જીવનમેં કિતના સંઘર્ષ ઔર કિતના પ્રતિકાર કરના–સહન કરના પડતા હૈ યે હમારે સામને આતા હૈ. હમ જબ ભગવાનકે મંદિરમેં જાતે હૈં તો એક સાથ કઈ ભગવાનકો એક એક અર્ઘ ચઢાતે આગે ચલે જાતે હૈં. લેકિન હમ જબ તીર્થંકરકી જીવની દેખતે હૈં તો કૌન રાજા થા ઔર સારા રાજપાટ છોડતે સમય ઉનકે ક્યા ભાવના હુઈ હોગી ઔર ઉનકે જીવનમેં ક્યા ક્યા ગુજરી હોગી ઈસકા હમકો ઉસ સમયમેં ખ્યાલ નહીં આતા. નેમિનાથ ભગવાનને જબ શાદીકે સમયમેં વૈરાગ્ય પ્રાપ્ત કિયા ઔર સારી બરાત એકઠી હોતે હુએ ભી સર્વસ્વ ત્યાગ કરકે જંગલકા રાસ્તા પકડા, ઉસમેં કિતના મહાન ડીસીજન ઉનકો લેના પડા, કિતના કઠિન નિશ્ચય ઉનકો કરના પડા યે જબ હમ સોચતે હૈં તબ હમ ઉનકે જીવનકા સહી મૂલ્યાંકન સમઝતે હૈં. સ્વામીજીકા જીવન ભી એક અત્યંત સંઘર્ષમય થા... સ્વામીજીકો જબ સચ્ચા જ્ઞાન પ્રાપ્ત હુઆ જબ અપના પંથ ઉન્હોંને છોડા લેકિન ઈસ પંથમે આતે હુએ જિસકે સાથ જિસ સંઘર્ષકે સાથ અપના જીવન નિભાયા હૈ વો હમારે કામમેં એક આદર્શ હૈ. જૈન ધર્મ એક વિજ્ઞાન હૈ ઔર સ્વામીજીને ઉસ વિજ્ઞાનકે તોરપે ધર્મકી એક રીસર્ચ કરકે એક લેબોરેટરી ખુલી ઔર હમારે સર્વ આદમીયોંકો જૈનધર્મકા માર્ગ ઔર જૈનધર્મકા સચ્ચા જ્ઞાન દેનેકે લિયે સીધા સાદા રાસ્તા ઉપસ્થિત કર દિયા હૈ. મૈં જબ તક સ્વામીજીકે સંબંધમેં નહીં આયા થા, મૈં ઈતના હી સમઝતા થા કિ પુણ્ય કિયા તો હમકો મોક્ષ મિલ ગયા ઔર પુણ્ય કરનેમેં હમારે જીવનકી સંપૂર્ણ એક વિજય હૈ ઔર હમને જીવનકા પૂર્ણ કાર્ય કિયા હૈ. ઇસ પ્રકારકી ભાવના મેરે જૈસે કઈ લોગોંકી થી ઔર અબ ભી હૈ. લેકિન એક સ્વામીજીકા માહાત્મ્ય હૈ કી ઉન્હોંને કહા કિ પુણ્યકી રુચિ છોડકે જબ આત્મજ્ઞાનકે રાસ્તે પે આયેગા તભી આપકા આત્મકલ્યાણ હો સકતા હૈ, ઉસીમેં સચ્ચી શાંતિ મિલ શકતી હૈ. મૈં સોચતા હૂં કે અગર હમ સ્વામીજીકે સંબંધમેં નહીં આતે થે તો એક

જન્મ જહાં મોક્ષ પ્રાપ્તિકા હમ પ્રયત્ન કરે ઐસી અહમતા–એક અભિમાન હમકો હોતા હૈ વહાં મોક્ષકી કલ્પના ભી હમારે સામને નહીં થી, ઉન કલ્પના સ્વામીજીકે સહયોગસે મુઝે પ્રાપ્ત હુઈ હૈ ઔર મેં સમજતા હૂં ગુરુદેવકા કઈ જીવોંકે ઉપર મહાન ઉપકાર હૈ. મૈં કભી કભી સ્વામીજીકે બારેમેં જબ સોચતા હૂં, તો મુજે તીર્થંકરકી યાદ આતી હૈ. મૈં તીર્થક્ષેત્ર કમિટિકા મહામંત્રી હૂં, સ્વામીજીને હમારે લિયે એક તીર્થકા નિર્માણ કિયા હૈ ઔર ઉસ તીર્થ કે ઉપર રહેકર ઉન્હોંને ઐસે ધર્મકા પ્રચાર કિયા હૈ કિ જિસસે હમારે આત્મકલ્યાણકા માર્ગ સચોટ હોતા હૈ ઔર હમ આત્મકલ્યાણકે માર્ગકે ઉપર અગ્રેસર હોતે હૈં. જૈસા તીર્થંકર જિસ પ્રાંતમેં રહા કરતે હૈ વહાં સારે સાધનસામગ્રી સબ ધન ધાન્ય વગેરે મોજૂદ હોતે હૈં ઐસા મૈંને શાસ્ત્રમેં પઢા હૈ. સ્વામીજીકા યહી પુણ્ય પ્રભાવ થા. જહાં જહાં સ્વામીજી ગયે વહાં મંદિર બન ગયે વહાં સાહિત્ય ઉપલબ્ધ હુઆ વહાં સબ કાર્ય જૈન સમાજકે ઔર જૈનધર્મકે લિયે પૈદા હોતે ગયે ઔર ઈતના હી નહીં તીર્થોંકે લિયે સ્વામીજીકા આશીર્વાદસે એક કરોડ રૂપયેકા ધ્રુવફંડ કરનેકા નિશ્ચય હુઆ ઔર વો કરીબ કરીબ પૂર્ણ હોતે જા રહા હૈ...મૈં સ્વામીજીકે પ્રતિ આદરકે સાથ શ્રદ્ધાંજલિ અર્પિત કરતા હું ઔર મેરી તરફસે, આંધ્રપ્રદેશકી તરફસે, હૈદ્રાબાદ નિવાસીયોંકી તરફસે ઔર દિગંબર જૈન તીર્થ કમિટિકી તરફસે મૈં અપની શ્રદ્ધાંજલિ અર્પિત કરતા હૂં.

[ શ્રદ્ધાંજલિના ભાષણમાંથી, તા. ૩૦–૧૧–૮૦ ] –જયચંદ લોહાડે, હૈદ્રાબાદ

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીકે દેહાવસાનકા સમાચાર સંપૂર્ણ જૈન જગતકો સ્તબ્ધ કર ગયા હૈ.

જૈનધર્મકી રુઢિવાદિ શૈલિયોંકો છોડકર પૂજ્ય ગુરુદેવને ઉસે શુદ્ધ વૈજ્ઞાનિક આધાર પ્રદાન કિયા થા ઔર ઇસ પ્રકાર ઉન્હોંને શાસ્ત્રોકો માત્ર પૂજી જાનેવાલી પુસ્તકોકે સ્થાન પર જીવનમેં ઉતારને યોગ્ય સિદ્ધાંતોકા સ્વરૂપ પ્રદાન કિયા. ધર્મકે પ્રતિ યુવાવર્ગમેં રુચિ જાગૃત કરકે પૂજ્ય ગુરુદેવને સંપૂર્ણ જૈન જાતિ પર મહાન ઉપકાર કિયા હૈ.

અખિલ ભારતીય જૈન યુવા ફેડરેશન, શાખા ગુના પૂજ્ય ગુરુદેવકે નિધન પર હાર્દિક શોક વ્યક્ત કરતે અપની શ્રદ્ધાંજલિ અર્પિત કરતી હૈ.

## આજે સમ્યગ્દર્શનનો સૂરજ આથમી ગયો

તીર્થંકરનો અવતાર થતાં ઇન્દ્રો મેરુપર્વત ઉપર તેમને લઈ જાય છે તેથી મેરુપર્વત પણ ત્યારથી તીર્થ બની ગયો. આ ભારતભૂમિમાં આ પંચમ નિકૃષ્ટ કળિકાળમાં જ્યાં ધર્મની વાત સાંભળવા પણ કોઈ તૈયાર નહોતું, ભૌતિક વિજ્ઞાનની ચકાચૌંધમાં લોકો ભૌતિક વિજ્ઞાનની તરફ વળતાં હતાં, ઇચ્છાઓ વિષયોની મારફતે બુજાવવા માગતા હતા, સુખ તેમાંથી મેળવવા માગતા હતાં. પુણ્યમાં ધર્મ એ તો વાત દૂર રહી પણ એકાંત પાખંડી સામ્રાજ્ય વસતું હતું, ગૃહીત મિથ્યાત્વનું પોષણ થતું હતું, જેમના નામ પર અનેક પ્રકારની કુરીતિઓ જન્મતી હતી એવા વખતે એક મહાપુરુષનો અવતાર થયો. જેમણે સ્થાનકવાસી સંપ્રદાયમાં દીક્ષા લીધાં પછી સાધુ થયા પછી એ વેશ છોડી દઈને એક પરિવર્તન કર્યું અને જેના નિમિત્તે લાખો જીવોનું પરિવર્તન થયું. એવા એ પૂજ્ય ગુરુદેવશ્રીનો અવતાર આપણા સૌના ભાગ્યયોગે થયો અને ત્યાર પછી આ ગુરુદેવ સોનગઢ પધાર્યા ત્યારથી સોનગઢ ગામ તીર્થધામ બની ગયું. ભગવાન આદિનાથ પણ જ્યારે નિર્વાણ પદ પામ્યા ત્યારે ભરત ચક્રવર્તીની આંખમાં આંસુ આવ્યા ને કહે છે કે આજ ભારતમાં કેવળજ્ઞાન સૂર્યનો અસ્ત થયો. તેમ આપણા માટે ખરેખર આજે સમ્યગ્દર્શનનો સૂરજ આથમી ગયો. નિઃશંકપણે સમ્યગ્દર્શનની વાત કહેનાર, આત્માના અસ્તિત્વને નહીં સ્વીકારનાર નાસ્તિકોને પણ ગુરુદેવની વાણી સાંભળતાં એને માન્યા સિવાય છૂટકો ન થાય. નાસ્તિકોમાં પણ નાસ્તિક જેને કાંઈ પડી નથી એની આગળ જ્યાં ગુરુદેવની વાણીનો ટંકાર વાગે, 'ભગવાન આત્મા' જ્યાં ગુરુદેવ બોલે ત્યાં નાસ્તિકમાં નાસ્તિક જીવો પણ એ વાણી પર મુગ્ધ થઈ જાય. એ મહાપુરુષ ધર્માત્મા અંતર–આત્મા જેણે ભેદજ્ઞાનની ભેરી વગાડી, સ્વાતંત્ર્યતાના શંખ ફૂંકયા એની વાણી વાણીમાં સ્વતંત્રતા સ્વતંત્રતા સ્વતંત્રતા...અનંત તીર્થંકરોએ જે બતાવ્યું હતું ને આજ સુધી તેની પ્રભાવના થઈ, ટોડરમલજી સુધી એ મોક્ષમાર્ગ ચાલ્યો આવ્યો એ માર્ગને ગુરુદેવે આજ સુધી ટકાવી રાખ્યો....ગુરુદેવ ઉદાર પણ એટલા અને નિર્દય પણ એટલા. એક સામાન્ય જીવની પણ વિરાધના થાય, અથાણામાં પણ જો આપણે એ ખાતાં હોઈએ અને જે વિરાધના થાય તો એ પણ કહ્યા સિવાય રહેતા નહીં અને સાથે એમાં ધર્મ નહીં, લાખોના મંદિર બાંધો તોપણ ગુરુદેવને એની આત્મા આગળ કોઈ કિંમત નહોતી. બસ અનુભવ કરો, અનુભવ કરો, સમજાય છે કાંઈ ? સમજાય છે કાંઈ સમજો સમજો સમજો, સમજ્યા સિવાય બીજી વાત નથી–એમ કહેનારા એ ગુરુદેવ આ પંચમકાળની અજાયબીઓમાંની એક અજાયબી હતાં. એ આશ્ચર્યકારી તત્ત્વ હતાં એ જગતની મહાન વિભૂતિ થઈ ગયા. આધ્યાત્મિક વીર થયા...એણે આપણને ન્યાલ કર્યા છે. માલ ખૂબ આપ્યો છે. ખાવાની ને પચાવવાની આપણી તાકાત જોઈએ...આ સોનગઢ જે આપણા મુમુક્ષુઓનું

કેન્દ્ર છે, જેના ઉપર આપણે ગૌરવ ગણાવીયે છીએ, જેણે આપણને પાળ્યા પોષ્યા ઉછેર્યા મોટા કર્યા, ભણાવ્યા ગણાવ્યા, ખવરાવ્યું પણ ગુરુદેવે જ છે. નિશ્ચય પણ ગુરુદેવે બતાવ્યો છે અને વ્યવહાર પણ ગુરુદેવે બતાવ્યો છે. દેવ-ગુરુ-શાસ્ત્રની સાચી ઓળખાણ પણ ગુરુદેવે કરાવી. તત્ત્વજ્ઞાનની જિજ્ઞાસા, દાન ધ્યાન જપ તીર્થ તપ ને વ્યવહાર પણ ગુરુદેવે બતાવ્યા છે. શુદ્ધાત્મનું શ્રદ્ધાન કર્યા સિવાય તરવાનો બીજો કોઈ ઉપાય નથી એ વાત પણ ગુરુદેવે બતાવી...આપણે ગુરુદેવનાં શિષ્ય છીએ. નામે દિગંબર, ધર્મે દિગંબર, દેવ અમારા દિગંબર, ગુરુ અમારા દિગંબર, ગુરુ અમારા કાનજીસ્વામી કે જેમણે આપણને સાચા વીતરાગ દેવ નિર્ગ્રંથ ગુરુ અને સત્ શાસ્ત્રનું નિમિત્તપણું સમજાવ્યું ને ઉપાદાનપણે પોતાનો આત્મા બતાવ્યો અને આત્મામાં પણ શુદ્ધાત્મા બતાવ્યો. પર આત્મા નહીં, નિજ આત્માનું ધ્યાન કરો, એ સિવાય બીજો છૂટકો નથી-એમ સમજાવ્યું અને આપણે પણ એમના ચીંધેલા માર્ગે ચાલીએ તે જ આપણી ખરેખર સાચી ગુરુદેવ પ્રત્યેની શ્રદ્ધા છે. સમસ્ત દિગંબર જૈન સમાજ, અખિલ ભારતવર્ષીય દિગંબર જૈન મહાસમિતિ ગુજરાત તરફથી, શ્રી દિગંબર જૈન કુંદકુંદ કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ તરફથી પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ભક્તિ ભાવથી વંદન કરતો થકો શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું...

[ શ્રદ્ધાંજલિના ભાષણમાંથી, તા. ૩૦-૧૧-૮૦ ] – બાબુભાઈ મહેતા, ફતેપુર

આહઃ, સ્વર્ણપુરીકી રોનક ચલી ગઈ, દીપક બુઝ ગયા, પ્રકાશ ચલા ગયા સ્વર્ગકો આલોકિત કરને! દેખતે હી રહ ગયે સબ મુમુક્ષુ. કોઈ ન બચા શકા.

હે તીર્થંકર કે લઘુનંદન! હમેં ભૂલ ન જાના. આત્મતત્ત્વકે પ્યાસે મુમુક્ષુઓંકો અપને વચનામૃતસે સીંચતે રહના. ઈતની કૃપા અવશ્ય કરના.

હે મહાન ઉપકારી ભાવી સિદ્ધાત્મા! આપકે દ્વારા બજાઈ હુઈ સમયસારકી બાંસુરીકા મધુર ગુંજન કૈસા ખીંચ રહા હૈ મુઝે આપકી ઔર. જિસે ભુલાના અસમ્ભવ હૈ. ઉસી સમયસારકી ધુનકે સહારે, એક મૃગકી ભાંતિ આ રહી હૂં મૈં ભી આપકે પાસ.

હે પરમ પાવન અદ્‌ભુતતત્ત્વ! આપકો મેરા હાર્દિક નમન, શતશ નમન. મેરે નમન સ્વીકાર કરેં.

-સુધા વિ. પાટની, છીંદવાડા.

## ❀ વિનમ્ર શ્રદ્ધાંજલિઃ મારા 'જીવનશિલ્પી' ને ❀

પ્રાતઃસ્મરણીય અધ્યાત્મયુગપ્રવર્તક શુદ્ધાત્મનિષ્ઠ આપણા પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી આ વીસમી સદીના એક અસાધારણ પ્રતિભાશાળી જિનશાસનપ્રભાવક આધ્યાત્મિક સંત હતા. લગાતાર ૪૬ વર્ષ સુધી સોનગઢમાં નિવાસ કરી, વીતરાગ સર્વજ્ઞદેવ શ્રી મહાવીર ભગવાને દિવ્ય ધ્વનિમાં નિરૂપણ કરેલા વિશુદ્ધ અધ્યાત્મતત્ત્વને ભગવત્કુંદકુંદાચાર્યદેવનાં શ્રી સમયસાર આદિ પરમાગમો દ્વારા આત્મસાત્ કરી તેના પુનિત પ્રવાહને સમગ્ર ભારતમાં તેમ જ વિદેશમાં પણ વહેતો રાખી–સોનગઢમાં, વિભિન્ન મંગલ પ્રવાસોમાં તથા તીર્થયાત્રાઓમાં તત્ત્વસ્પર્શી પ્રવચનો તેમ જ પ્રવચનસાહિત્ય અને ટેઈપ–રેકોર્ડિંગ દ્વારા પરમ કલ્યાણકારી શુદ્ધાત્મતત્ત્વનો સદુપદેશ આપી–જેમણે સાતિશય પ્રભાવનાયોગે આ ભૂમિને (સુવર્ણપુરીને) ભારતવર્ષના નકશામાં 'અધ્યાત્મતીર્થધામ' રૂપે અંકિત કરી વિશ્વપ્રસિદ્ધ બનાવી છે તે યુગપ્રધાનપુરુષ મહાન આત્માનો–આપણા સર્વસ્વ કૃપાળુ ગુરુદેવનો–વિયોગ સમગ્ર મુમુક્ષુ સમાજને અત્યંત વસમો, દુઃખદ તેમ જ આઘાતજનક લાગ્યો છે.

શરીરપ્રકૃતિની તાસીર શરદીની હતી. તેના કારણે હમણાં હમણાં કફ તથા તાવનો ઉપદ્રવ અવારનવાર થતો હતો. અસ્વસ્થ તબિયતના પ્રસંગમાં પણ પૂજ્ય ગુરુદેવની ભેદજ્ઞાનમય પરિણતિ કોઈ જુદું જ કામ કરતી હતી. ગુરુદેવ સહનશીલતા, ધીરજ અને ક્ષમતાનો ભંડાર હતા. વિશુદ્ધ તત્ત્વચિંતન તેમના જીવનમાં વણાઈને ઓતપ્રોત થઈ ગયું હતું. એક સો ત્રણ ડિગ્રી જેવા તાવમાં પણ તેમનું તત્ત્વવિષયક અંતર્મંથન સદા ચાલુ રહેતું અને ચિંતનમાં આવેલા સૂક્ષ્મ ભાવો–ન્યાયો મુમુક્ષુઓ સમક્ષ પ્રસન્નતાથી રજુ કરતા હતા. ૯૧ વર્ષ જેવી શરીરની વૃદ્ધ વયમાં તેમ જ અસ્વસ્થ અવસ્થામાં પણ તત્ત્વચિંતન પ્રતિ આળસ કે કંટાળો તેમની પાસે ફરકી શકતાં ન હતાં –માનસિક બળ અપાર હતું. અભીક્ષ્ણજ્ઞાનોપયોગથી સમૃદ્ધ તેમનું જ્ઞાનવૈરાગ્યમય પવિત્ર જીવન, પ્રવચન કે તત્ત્વચર્ચાની પ્રત્યેક પ્રવૃત્તિથી મુમુક્ષુ સમાજ માટે પરમ ઉપકારી હતું.

'પ્રોસ્ટેટ' ગ્રંથીના કારણે પેશાબ ઊતરવાની તકલીફના લીધે તેનું ઓપરેશન કરાવવા મુંબઈ જવું પડયું. ઓપરેશન પહેલાં ગુરુદેવે 'સહજાત્મસ્વરૂપ સર્વજ્ઞદેવ પરમગુરુ' એ ટૂંકો મંત્ર ડો. ચંદુભાઈ વગેરે ઉપસ્થિત મુમુક્ષુઓને કહી, તેનો અર્થ–તેનો ભાવ સમજાવ્યો; જે સાંભળી, 'આવી વ્યાધિના પ્રસંગમાં પણ પૂ. ગુરુદેવનું સહજ જ્ઞાનપરિણમન કેવું કામ કરે છે!' એવા અહોભાવથી અમે સૌ આશ્ચર્યચકિત થયા. આ મંત્રની ધૂન સાથે ઓપરેશન થિયેટરમાં ગયા. ડો. કામતના હાથે ઓપરેશન સારું થયું. ઓપરેશન સફળ થયા પછી, ઓપરેશનથી અસંબદ્ધ એવાં જુદાં જુદાં ઈન્ફેકશનના કારણે અનુક્રમે તાવ સાથે ડાયેરિયા (ઝાડા) અને શરદી, ખાંસી તથા કફનો ઉપદ્રવ થયો. પ્રતિકારકશક્તિ અતિ નબળી પડી ગઈ હોવાથી ઉપચારે ધારેલું પરિણામ આપ્યું નહિ –શરદી અને કફ વધતાં ગયાં,

બંને બાજુનાં ફેફસાંમાં ન્યૂમોનિયા થઈ ગયો; જેના પરિણામે કરાળ કાળે આપણું સર્વસ્વ લૂંટી લીધું–આપણા પરમાધાર પરમકૃપાળુ ગુરુદેવે આપણને નોધારા મૂકીને સ્વર્ગ પ્રતિ પ્રયાણ કર્યું.

પૂજ્ય ગુરુદેવની પરિણામધારા શુદ્ધચેતનામય અંતર્જાગૃતિથી સદા રસબસતી તો હતી જ; અપિતુ વ્યાધિના આ અંતિમ દિવસોમાં પણ તેમની પરિણતિ સજાગ હતી. સ્વાધ્યાય અને ચિંતન તેમનો ખોરાક હતો. પ્રણવમંત્ર તેમ જ જિણવાણીની સ્તુતિ કરીને સમયસાર, કલશટીકા તથા 'બહેનશ્રીનાં વચનામૃત' નું વાંચન કરતા હતા. શરીરની આવી રુગ્ણ અવસ્થામાં પણ ડોકટરોને ચૈતન્યતત્ત્વના મહિમાની તથા પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના આત્મજ્ઞાનની, નિર્મળ અનુભૂતિની તથા અસાધારણ જાતિસ્મરણજ્ઞાનની વાતો પ્રસન્નતાથી કહેતા હતા. ડોકટરોની સાંભળવાની જિજ્ઞાસા જોઈને પૂ. ગુરુદેવ તેમને આત્મતત્ત્વની વાત સંક્ષેપમાં કહેતા કે–દેહથી અને રાગથી ભિન્ન આ આત્માનું સહજ સ્વરૂપ જ્ઞાન અને આનંદ છે; આત્મા સહજ સચ્ચિદાનંદસ્વરૂપ છે. લક્ષ્મી અને ભોગ માટે જીવન ગુમાવવું ભિખારાવેડાં છે; લક્ષ્મી અને ભોગ માટે જીવનારા, ભલે તે ગમે તેવા મોટા કરોડપતિ હોય કે રાજા હોય, આત્મતત્ત્વના જ્ઞાન વગરના એ બધા વિષયના ભિખારી છે. –આવો ટૂંકા વાક્યોમાં પૂ. ગુરુદેવનો ચમત્કારપૂર્ણ ઉપદેશ સાંભળી તથા પ્રેમભરી નિખાલસ મુદ્રા જોઈ ડોકટરો પ્રભાવિત થતા હતા. ગુરુદેવ 'બહેનશ્રીનાં વચનામૃત' પુસ્તક ડોકટરોને તથા નર્સને આપતા અને સાથે પોતાના પૂર્વ–ઉત્તર ભવોની મહિમાભરી દિવ્ય વાતો તથા બહેનશ્રીના આત્મજ્ઞાનની તેમ જ જાતિસ્મરણજ્ઞાનની વાતો પણ પ્રસન્નતાથી કહેતા હતા.

પૂજ્ય ગુરુદેવને બહેનશ્રી અવારનવાર યાદ આવતાં. શ્રી વ્રજલાલભાઈ પોતાની તબિયતની અસ્વસ્થતાને લીધે ઓપરેશન પછી બીજા દિવસે પહોંચી શક્યા. દર્શન કરી તેમણે પૂજ્ય ગુરુદેવને તબિયતના સમાચાર પૂછયા. ગુરુદેવે પ્રસન્નતાથી કહ્યું: ઠીક છે. શ્રી વજુભાઈએ કહ્યું–બહેનશ્રી આપની તબિયતની બહુ ચિંતા કર્યા કરે છે. ગુરુદેવ પાસે આવવાની અત્યંત તીવ્ર ભાવના છે, પણ હાર્ટની વ્યાધિના કારણે–શરીર પ્રવાસ કરી શકે એવી સ્થિતિ નહિ હોવાથી–આવી શકવાની લાચારી–અસમર્થતા તેમને બહુ ખટકે છે. સાંભળી પૂજ્ય ગુરુદેવ પ્રસન્નતાથી બોલ્યા–'બેનને ચિંતા તો થાય, એમને આવવાનો ભાવ પણ ઘણો હોય...પણ એમનું શરીર ક્યાં સારું છે? એમને પણ શરીરમાં હાર્ટની વ્યાધિ છે...એમનાથી ન અવાય એનું કાંઈ નહિ.'

તે જ દિવસે રાતથી ગુરુદેવને તાવ સહિત ડાયેરિયા (ઝાડા) થયો. ડાયેરિયા કાબુમાં આવ્યા પછી જરા ઠીક થયું, તાવ મોળો પડયો; ત્યાં અચાનક શરદી, ઊધરસ થયાં. વ્યાધિએ વિશેષ રૂપ પકડયું. પૂજ્ય બહેનશ્રીને આ સમાચારોથી ખૂબ જ ચિંતા થવા લાગી, એમનું ચિત્ત ગુરુદેવમાં હતું. ભાવના એવી હતી કે કોઈ પણ પ્રકારે ગુરુદેવ પાસે પહોંચી જાઉં. ગુરુદેવ પણ બહેનશ્રીને યાદ કરતા અને બોલતા: 'બેનને શું થતું હશે? બેનને કેટલી ચિંતા થતી હશે! બેન તો ત્યાં રહી ગયાં અને આપણે અહીં આવી

પડયા....' એમ હૃદય ભરાઈ આવતું. પૂજ્ય ગુરુદેવને જ્યારે એમ લાગવા માંડયું કે શરીરને સારું નથી, ઉપચાર કંઈ કામ કરતા લાગતા નથી, સારું થાય એમ જણાતું નથી, ત્યાં બોલ્યાઃ હવે તો વિચાર થાય છે કે પાણી પણ છોડી સંથારો લઈ લઉં. ગુરુદેવના ઉદ્ગારો સાંભળી ડો. ચંદુભાઈ તથા અમે મુંઝાયા. ડો. ચંદુભાઈએ કહ્યું: 'સાહેબ! ગુરુદેવ! આપ બીજા વિકલ્પ ન કરો, તબિયત ધીમે ધીમે સુધરી જશે; વચ્ચે નવું નવું વિઘ્ન આવે છે તે આપણને મૂંઝવણમાં મૂકી દે છે, પણ તેને વટાવીને સારું થઈ જશે... જરૂર સારું થશે, આપ બીજો વિચાર ન કરો. '

દેહત્યાગના દિવસે-વિ. સં. ૨૦૩૭, કારતક વદ ૭, શુક્રવાર તા. ૨૮-૧૧-૮૦ ના રોજ-સવારે તબિયતની સ્થિતિ ગંભીર બની, પણ બપોરે તેમાં થોડો સુધારો જણાયો. ડોકટરોને આશા બંધાણી કે હવે ક્રમશઃ સુધારો વધતો જશે. પણ વિધિની ગતિ અકળ છે. સાંજે ૪ાા વાગ્યા પછી સ્થિતિ બદલવા લાગી. ૬ાા વાગ્યે ચિહ્નોમાં ફેરફાર જણાયો. ણમોકારનો મંત્ર, સમયસારની ગાથાઓ તથા જ્ઞાયકભાવની ધૂન ચાલુ જ હતી. સાંજે ૭-૦૩ વાગ્યે, બાહ્યથી એ પવિત્ર ધૂનના વાતાવરણમાં, અને અંદરથી અંતર્મુખ પરિણતિની પ્રશાંતિપૂર્વક, પૂજ્ય ગુરુદેવે આપણને નોધારા મૂકીને મહાપ્રયાણ કર્યું. અહા! તે મહાપ્રયાણ વખતે ન કોઈ વ્યથા, મુખમુદ્રામાં ન કોઇ વિકૃતિ, ન કોઇ ભીંસ કે ન કોઇ વ્યગ્રતા! જાણે પ્રશાંતિના મહાસાગરમાં સદાને માટે પ્રલીન થયા હોય એવી ભવ્ય તેમની મુખાકૃતિ હતી.

કરાળ કાળે આપણા અનન્યશરણ પરમોપકારી ગુરુદેવને આપણી પાસેથી છીનવી લીધા, તેનો અસહ્ય આઘાત સમગ્ર મુમુક્ષુ જગતમાં વ્યાપી ગયો છે. કૃપાળુ ગુરુદેવ ખરેખર મારા તો ધર્મપિતા હતા. ૩૯ વર્ષથી તેમની સમીપતાનો તેમ જ સેવાનો અમૂલ્ય લાભ તેમની અસીમ કૃપાથી મને મળતો રહ્યો હતો. તેઓશ્રીની મારા ઉપર પુત્રતુલ્ય અપાર અમીદૃષ્ટિ હતી. હિતોપદેશનાં પવિત્ર વચનોથી તેમ જ પ્રસંગોપાત્ત મધુરી ટકોરથી-હિતકારી મીઠા ઠપકાથી-મારા જીવનનું ઘડતર કરી, મારા ઉપર અસાધારણ ઉપકાર કરનાર તે મહાપુરુષનો-મારા જીવનશિલ્પીનો-વિયોગ મારા માટે તો અત્યંત દુઃખદ ઘટના છે; તેનું વિસરવું મારા માટે ઘણું જ કઠણ છે.

આપણે પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યેની અખંડ શ્રદ્ધાભક્તિમાં દૃઢ રહી તેમણે ચીંધેલા કલ્યાણમાર્ગમાં જાગ્રત રહી પુરુષાર્થપૂર્વક આગળ વધીએ અને ગુરુદેવ પણ સ્વર્ગમાં બેઠાં આપણને તેવું બળ નિરંતર આપ્યા કરે-એવી અંતરની ભાવના તેમ જ તે મહાપુરુષના અસીમ ઉપકારોની વિમળ સ્મૃતિ સાથ, તેઓશ્રીનાં ચરણકમળમાં કોટિકોટિ વંદનપૂર્વક ભાવભીની શ્રદ્ધાંજલિ સમર્પિત કરું છું.

દાસાનુદાસ-

બ્ર૦ ચંદુલાલ ખીમચંદ ઝોબાળિયા

## પૂજ્ય ગુરુદેવ કે ચરણોમેં ભાવભીની શ્રદ્ધાંજલિ

"અહો ઉપકાર જિનવરનો, કુંદનો, ધ્વનિ દિવ્યનો;
જિન-કુંદ-ધ્વનિ આપ્યા, અહો ! તે ગુરુ ક્હાનનો."

મૈં ઉસ વર્ગકી ઓરસે ગુરુદેવશ્રી કે ચરણોમેં શ્રદ્ધાંજલિ અર્પિત કરનેકા સાહસ કર રહા હૂં જો યહ દાવા નહીં કર શકતા કિ હમને ૪૫ વર્ષોંસે ગુરુદેવકી વાણી સુની. હમારે સાથિઓને તો માત્ર પાંચ છ વર્ષો સે હી, કિસીને દો વર્ષ સે હી, યહાં તક કિ હમારી મહાવિદ્યાલય કે જો છાત્ર ઇસ વર્ષ મેં ભરતી હુએ ઉન્હેં તો માત્ર એક હી વર્ષસે ગુરુદેવકા સમાગમ પાયા. હમારા તો એ સમય થા, હમેં તો એ અવસર મિલા થા ઔર હમારી તો અવસ્થા ઐસી થી કિ સ્વામીજીકા હમ લાભ લેકરકે ઉસે અપને જીવનમેં અપનાને કા પ્રયત્ન કરતે. હમારે બુજર્ગોને ઉસકા બહોત લાભ લિયા પર હમ જ્યાદા લાભ નહીં લે શકે-ઐસે વર્ગકી ઓરસે મૈં ગુરુદેવશ્રીકે ચરણોમેં અપની શ્રદ્ધાંજલિ અર્પિત કરનેકે લિયે યહાં ઉપસ્થિત હુઆ હૂં. વ્યક્તિ તો ચલા ગયા લેકિન વ્યક્તિત્વ અમર હોતા હૈ, ઉનકી કૃતિ ઔર ઉનકે કાર્ય ઔર ઉનકા તત્ત્વ અમર હૈ. અધિક કુછ ન કહકર મેં કેવલ ઇતના હી કહના ચાહતા હૂં કિ અભી પૂર્વ વક્તાઓને જો તત્ત્વકી ઔર બાકી જો ભાવનાયે વ્યક્ત કી હૈં ઉસકા હમ અનુકરણ કર શકે, હમારી પીઢી ઉન્હેં અપના શકે ઔર યે ઝંડા હમેં હાથમેં લેને લાયક શક્તિ ગુરુદેવશ્રીકે દ્વારા મિલતી રહે. યહી ભાવના અપની શ્રદ્ધાંજલિ કે રૂપમેં મૈં ઉનકે ચરણોમેં વ્યક્ત કરતા હૂં.

[ શ્રદ્ધાંજલિ ભાષણમાંથી, તા. ૩૦-૧૧-૮૦ ] – અભયકુમાર જૈન, જયપુર

( અખિલ ભારતીય યુવા ફેડરેશન વતી )

પૂજ્ય ગુરુદેવશ્રીના વિરહે ગાંડા જેવા કરી મુકયા છે. બીજો એક પણ વિચાર પ્રવેશી શકતો નથી. શું હવે આપણે આપણા શ્રી ગુરુદેવ વગર જ રહેવાનું છે! અમૃતવાણીનો ધોધ હવે આપણા ઉપર નહીં વહાવે શું ? -ના, ના, દેવલોકમાંથી પણ એ ધોધ વહી રહ્યો છે ને ધોધ ઝીલવા આપણે પુરુષાર્થ કરી દિવ્યચક્ષુ પામવા પડશે. દિવ્યવાણી પીવી હોય તો દિવ્યતા પ્રગટાવવી જ જોઈએ.

૫૦-૫૦ વરસથી પણ વધારે એ મહાન સંતે પ્રજા ઉપર જે વાણીમાં પડકાર ફેંક્યો છે તેનો ધ્વનિ શું આપણા કાનમાં નથી ગુંજતો ? ગુંજી રહ્યો છે. "ભાઈ, બાપુ, વસ્તુ તો આમ છે. ના પાડીશ નહીં, નહીંતર ચોરાસીના ફેરામાં ભમ્યા કરીશ." "સમજાણું કાંઈ" અરે ! આપણે કાંઈક પણ સમજ્યા હોઈએ તો જરૂર આપણો પુરુષાર્થ, તેઓશ્રી ચીંધી ગયા છે, પ્રકાશ ફેલાવી ગયા છે ત્યાં આપણને લઈ જશે જ....

–પૂજ્ય ગુરુદેવના વિરહથી મુંજાયેલી

પુનિત એ. દોશી, લંડન

## ❁ જીવનમાં સર્વસ્વ જેમણે આપ્યું - ❁

### "નથી ભૂલાતો એ ગુરુનો સંગ."

"णमो लोए त्रिकालवर्ती सव्व अरहंताणम्" –પરમાગમનું આ મંગલસૂત્ર પૂજ્ય ગુરુદેવને ઘણું પ્રિય હતું. એ સૂત્રદ્વારા આજે જ્યારે આપણે ત્રિકાળવર્તી મંગળમય તીર્થંકર ભગવંતોને યાદ કરીને નમસ્કાર કરીએ છીએ ત્યારે, અનંત તીર્થંકરોની એ મંગળમાળામાં પૂજ્ય ગુરુદેવનો આત્મા પણ એક પવિત્ર રત્ન તરીકે શોભી રહેલો આપણને દેખાય છે. અહો, આવું એક મંગળ તીર્થંકર–દ્રવ્ય આપણને જીવનમાં નજરે જોવા મળ્યું, તેમની સાથે રહેવા મળ્યું, અને તેમણે ચૈતન્યતત્ત્વનો અદ્‌ભુત અનુપમ મહિમા ઠાંસી–ઠાંસીને આપણા અંતરમાં ભર્યો....એટલું જ નહિ–આપણે તેમના પરિવારના કહેવાયા. અહા, આપણે સૌ સાધર્મીજનો એક ભાવિ તીર્થંકરના પરિવારના છીએ–કેટલી મહાન આનંદની વાત! ભલે આજે આ સુવર્ણપુરીમાં તેઓ બિરાજમાન નથી પરંતુ સ્વર્ગપુરીમાં બિરાજમાન તેઓ જ્યારે નજર કરશે, –જ્યારે અવધિજ્ઞાનથી દેખશે, ત્યારે આપણને સૌને પોતાના પરિવાર તરીકે દેખશે કે 'મારો આ ધર્મનો પરિવાર! મારા આ ધર્મ સંતાનો કેવા પ્રેમથી કેવા વાત્સલ્યથી, મેં તેમને પ્રતિબોધેલા જિનેન્દ્ર ધર્મની સાધના કરી રહ્યા છે!' એવા પૂજ્ય ગુરુદેવ, જેમ પિતા પોતાના વહાલા પુત્રને પોતાના વૈભવનો વારસો આપી જાય તેમ, આપણા વહાલા ધર્મપિતા ગુરુદેવ, પોતાના ચૈતન્યનિધાનનો અદ્‌ભુત–અનુપમ વારસો આપણને આપતા ગયા છે, ચૈતન્યનો અદ્‌ભુત મહિમા, દેવ–ગુરુ–શાસ્ત્રનો અદ્‌ભુત મહિમા, જ્ઞાન–વૈરાગ્ય, પંચપરમેષ્ઠી ભગવંતોની ભક્તિ,–એવા સંસ્કારનો ઉત્તમ વારસો તેઓશ્રી પરમ પ્રેમથી આપણા ઉપર પરમ કૃપાપૂર્વક આપણને આપી ગયા છે; એ તેઓશ્રીનો આપણા ઉપરનો અદ્‌ભુત અનુપમ અચિંત્ય ઉપકાર છે–જે કદી નહીં ભૂલાય.

મુંબઈમાં છેલ્લા દિવસોમાં નાદૂરસ્ત તબિયતમાં જ્યારે 'આમાં સદા પ્રીતિવંત બન'....'છેદાવ વા ભેદાવ'....વગેરે ગાથાઓની કે 'અપૂર્વ–અવસર' વગેરે વૈરાગ્યભાવનાની અમે સ્વાધ્યાય કરતા ત્યારે તેમનો ઉત્સાહ, તેમનો પ્રેમ, તેમનો વૈરાગ્ય–એ દેખીને આશ્ચર્ય થતું...આવી તબિયતમાં પણ એમનું પરાક્રમ, એમની શૂરવીરતા, એમની સહનશીલતા, એમની શાંતિ–એ દેખીને અમને આનંદ અને આશ્ચર્ય થતા કે વાહ, આપણા ગુરુ કેવા પરાક્રમીને કેવા શૂરવીર છે! ભગવતી આરાધનામાં વર્ણવેલો મુનિઓના સમાધિ–મહોત્સવનો પ્રસંગ અમે જાણે નજરે જોતા હોઈએ–એમ પૂજ્ય ગુરુદેવના ભાવો, એમની ભાવનાઓ વગેરે દેખીને એ પ્રસંગ અમને યાદ આવતો હતો,–આવા ગુરુદેવે આપણને આપેલા જ્ઞાન–વૈરાગ્યના સંસ્કારો જ્યાંસુધી આપણા હૃદયમાં જીવંત છે ત્યાંસુધી ગુરુદેવ પોતે જ આપણા હૃદયમાં જીવંત બિરાજે છે–એમ સમજીને આપણે આપણું જીવન જીવીએ, તેમના સ્મરણપૂર્વક અરસપરસ પ્રેમ–વાત્સલ્ય –ભાવનાથી રહીએ ને એકબીજાના સહકારથી ધર્મસાધનામાં આગળ વધીએ...એ તેમના વિયોગમાં આપણે કરવાનું છે. જોકે તેમના (પછીના પાને નીચેની બાજુ)

## ❁ હમારે ધર્મપિતા ચલ બસે.... ❁

પરમ પૂજ્ય ગુરુદેવશ્રીકે સંબંધમેં ક્યા કહા જાય! હમારે ધર્મપિતા ચલે ગયે ઔર હમ ઉનકે બિના અકેલે રહ ગયે. ધર્મપિતા હમકો જો કુછ દે ગયે તો જૈસા પુત્રકા અધિકાર ઔર પુત્રકા કર્તવ્ય હોતા હૈ કિ ઉનકે દીયે હુએ વારસેકો સંભાલકે રખે-યે હમારી જિમ્મેદારી જો હૈ વો આજ હમારી પાસમેં હૈ ઔર અગર વો હમ નિભાલેં તો મૈં સમજતા હૂં બહોત બડા હમારા કામ હૈ. ગુરુદેવ જિતને પવિત્રતા ઔર પુણ્ય દોનોંકી મૂર્તિ!-ઉસકા તો કહના હી કયા? મેરેકો મેરા સૌભાગ્ય કહના ચાહિયે કિ જો મૈં દિગંબર-સંપ્રદાયમેં પૈદા હોતે હુએ ભી જો કે ધર્મકે યથાર્થ સ્વરૂપકો નહીં સમજ સકા થા વો પૂજ્ય ગુરુદેવકે પ્રતાપસે યથાર્થ સ્વરૂપ પ્રાપ્ત હુઆ ઔર ઉનકે પાસમેં ઉનકે નિકટમેં રહનેકા મુજે બહોત સૌભાગ્ય મિલા. બડી બડી જો દો-દો યાત્રાએ કી થી ઉસ વક્ત અત્યંત નિકટ ઉનકી પાસ રહા. ઉનકી પવિત્રતાકે સંબંધમેં ઔર પુણ્યકે સંબંધમેં જિતના ભી મુજે પ્રત્યક્ષ અનુભવ હૈ, મૈં ઇતના હી કહ સકુંગા કિ જો વો છોડ ગયે હૈ ઉસકો હમ બઢા તો કયા સકતે હૈ, બઢાનેકા ખાલી અભિમાન ભલે હી કર લે લેકીન બઢા સકનેકી તાકાત તો કયા હૈ! ઉનકા પુણ્ય આજ હમારે પાસસે છીન ગયા પવિત્રતા ઉનકી ઉનકે સાથ ચલી ગઈ. ઇસલીયે જો કુછભી વો દે ગયે હૈં ઉસકો હમ યથાસ્થિત બનાયે રખે તો હી હમ સમજ લીજિયે કિ હમારા અપના કર્તવ્ય નિભા પાયેંગે. આજ ઇસસે જ્યાદા કહનેકો કયા રહ જાતા હૈ. હમ એક પ્રકારસે અનાથ હો ચુકે હૈં. હમારે પાસ જો થા વો ચલા ગયા. ઇસ પ્રકારસે મૈં સબકી ઓરસે શ્રદ્ધાંજલિ અર્પિત કરતા હૂં.

[ શ્રદ્ધાંજલિના ભાષણમાંથી, તા. ૩૦-૧૧-૮૦ ] —નેમીચંદ પાટની, આગ્રા

[ જીવનમાં સર્વસ્વ જેમણે આપ્યું...ચાલુ ]

વિયોગથી આપણને અંતરમાં ઘણું દુઃખ થાય છે. પણ ગુરુવિયોગના આ આઘાતને શમાવવા માટે આપણે વૈરાગ્યમાં ઝંપલાવવું એ જ આપણું કર્તવ્ય છે.

છેવટની ઘડી સુધી ગુરુદેવની છાયામાં જ રહીને અમને સરસ રીતે તેમનું ભેદવિજ્ઞાનમય પરિણમન, તેમનો પુરુષાર્થ, શાંતિ, સહનશીલતા બધું નીકટથી જોવા મળ્યું....દાક્તરોના મોઢે પણ ઘણીવાર તેઓ પોતાના ધર્મબહેનને ( પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને ) યાદ કરીને તેમની પવિત્રતાનો મહિમા કરતા....આજે એવા મહાન ધર્મબહેન આપણી સમક્ષ બિરાજે છે,-એવા ધર્મબહેન જેવું સુંદર જીવન આપણે બનાવીએ ને ગુરુદેવે આપેલા જ્ઞાન-વૈરાગ્યના સંસ્કારોને આગળ વધારીએ-એ જ ગુરુદેવ પ્રત્યેની આપણી શ્રદ્ધાંજલિ છે;-એવા ભાવપૂર્વક હું અત્યંત ભક્તિથી ગુરુદેવ પ્રત્યે શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.

—બ્ર. હરિલાલ જૈન

( ભૂતપૂર્વ સંપાદક 'આત્મધર્મ' )

## ❀ સોનગઢનો ઇતિહાસ બે ઘડી થંભી ગયો..... ❀

શુક્રવારે સાંજના સાત ને સાત મિનિટે સોનગઢના ઇતિહાસનું એક પાનું પૂરું થઈ ગયું! અને જાણે કે જૈનધર્મનો પૂરો ઇતિહાસ એ દિવસે બે ઘડી માટે મહાપુરુષને વિદાય આપવાને માટે થંભીને ઊભો રહી ગયો. વલપતા દિલો અને તડપતાં દિલોમાં ગુરુદેવના વિદાયનો વસમો કુઠારાઘાત થઈ ગયો. દરેકના દિલની અંદર ગુરુદેવનું અચાનક ચાલી જવું જાણે કે એક આશ્ચર્યની વિધિ બની ગઈ અને દરેકના હૃદયમાં એક ઊભી તિરાડ પડી. મારા હૃદયના મહાસાગરમાં પરમ કૃપાળુ ગુરુદેવને અંજલિ આપવા માટેનો મોટો મહાસાગર ઉમટી રહ્યો છે અને દરેક ભક્તોના દિલમાં પણ આજે તો ગુરુદેવને અંજલિઓ આપવા માટે મહાસાગર ઉમટી રહ્યો છે. એ મહાસાગરના કયા મોજાનું હું આપની પાસે વર્ણન કરું? પરમ કૃપાળુ ગુરુદેવને માટે જો દઈ શકાતો હોત તો હાથમાં લઈને અમારો જાન પણ દેવા અમે તૈયાર હતા. જો ગુરુ બચતા હોત અને આ સંસારમાં એમણે જે અધ્યાત્મનો ઉદય કર્યો હતો એ જો બચી શકતો હોત તો ગુરુદેવનો એકે એક ભક્ત પોતાનો જાન પણ દેવાને તૈયાર હતો. એ ગુરુદેવ જ્યારે ચાલ્યા ગયા ત્યારે સોનગઢનો ઇતિહાસ બે ઘડી થંભી ગયો. એ થંભી ગયેલાં ઇતિહાસમાં આજે તો એક વજ્રપાત થયો છે અને શોકનું વાતાવરણ ફેલાઈ ગયું છે. એ શોકના વાતાવરણમાં રડતાં હૃદયે કકળતા હૃદયે આજે જ્યારે સૂનું થાય છે સોનગઢ– એમ બ્રહ્મચારી બહેનો ગાતા હતાં ત્યારે લાગતું હતું કે જેમણે પોતાનું જીવન અહીં એમના ચરણે આવીને સર્વસ્વ અર્પી દીધું છે એમની ઉપર શું વીત્યું હશે! કેટલાય વિદ્વાન ભાઈઓએ પરમ કૃપાળુ ગુરુદેવને અંજલિ આપી છે. જેમણે ખોબે ખોબે ભરીને ગુરુદેવની ગંગામાંથી પીધું છે એમણે આપની સામે કેટલીય વાતો રજુ કરી, હું તો એક નાનકડો જીવ છું, જીવનમાં ગુરુદેવનો કેટલોક લાભ મને મળ્યો હતો. છેલ્લા આપના કેટલાક પુષ્પો આજે પણ મારી પાસે છે. એ ગુરુદેવને આજે હું અંજલિ આપવા ઊભો થયો છું ત્યારે મારું હૃદય વેદનાથી મને સો સો વીંછીઓની વેદના કરડી ખાય છે. અરે ગુરુવર, ક્યાં ચાલ્યા ગયા? જે ઉમરાળામાં ઉજમબાની કૂખે આપે જન્મ લઈને સૂર્યોદય કર્યો હતો ને આજે સાત ને સાત વાગે આપે તે સૂર્ય અસ્ત કરી દીધો. ૯૧ વર્ષનો લાંબો ઇતિહાસ છે પરંતુ આજે તો જાણે કે એક મટકું લાગે છે. ૬૦–૬૦ વર્ષો સુધી ગુરુદેવે ૬૦–૬૦ વર્ષો સુધી પાલેજની હાટડી બંધ કરીને હીરામાણેકનો વેપાર શરૂ કર્યો હતો. ગરીબ આવતો કે તવંગર આવતો એમના હાથેથી તો ખોબાને ખોબા હીરા ને માણેક એમણે લૂંટાવ્યા હતાં અને કહેતા હતા ભાઈ! હું તને કંઈ આપતો નથી, બધું તારી પાસે છે. જે તારી પાસે છે એ જ તને પાછું આપું છું. કેટલી મહાનતા! જૈનધર્મના ઇતિહાસની કેટલીક

ઉજળી બાજુઓ ગુરુદેવે રજુ કરી હતી. જૈનશાસ્ત્રો તો બહુ મોટાં છે. એમાં તો કેટલુંય લખ્યું છે. એનો નાનકડો મર્મ ગુરુદેવે આપણી સામે રજુ કર્યો હતો અને એ છે 'આત્મા' એટલા માટે તો કેટલીક વાર કેટલાક વિદ્વાન પુરુષો ગુરુદેવને સમયસારનો એક બીજો પર્યાય કહેતા હતાં, આત્માનો બીજો પર્યાય કહેતા હતાં. પરંતુ અમારા જેવા બાળકો માટે તો ગુરુદેવ એક ધર્મપિતા હતા. આજ એ પિતા ચાલ્યા ગયા છે અને અમે નાદાન બાળકો આજે રડી રહ્યા છીએ; ત્યારે એ નાદાન બાળક મારાથી જે મોટા ભાંડુઓ છે જેમને ગુરુદેવે કંઈક વધુ આપ્યું છે એવા લાલચંદભાઈ, પંડિતજી હિંમતભાઈ કે બાબુભાઈ ફતેપુરવાળા એ બધા મોટા વિદ્વાન માણસોને હું એટલું જ કહું છું કે આપ અમારા મોટા ભાંડુઓ છો. આજે ખભેખભો મિલાવીને હાથમાં હાથ મિલાવીને પ્રભુ–ગુરુવરે જે આપ્યું છે એને આપ ચાલુ રાખો ને અમારા નાના ભાંડુને પિતાની ગેરહાજરીમાં અમને સાચવી લેજો અને બીજું એક ભગવતીમાતાને વિનંતી કરું છું કે વર્ષોથી બેજાન બનીને અમે આપના ભક્તિપુષ્પો સાંભળવાને માટે તલસી રહ્યા છીએ પરંતુ કોણ જાણે આપની સ્થિરતામાંથી બહાર આવવાનો આપને સમય નથી. એટલે આપ અમને બહુ ઓછું કહી રહ્યા છો. ભગવતીમાતા! હવે તો ગુરુદેવ પણ નથી, આપ આપના મુખેથી અમારા ઉપર કાંઈક વરસાવો કે જેથી અમારા તડપતાં દિલોને કેટલીક શાંતિ થાય. હે પરમકૃપાળુ ગુરુદેવ! ફરીથી આપ જ્યારે તીર્થંકર બનો ત્યારે કાળચક્રમાં અમે પણ ફરીથી આપની સાથે આવીએ અને મુક્તિપુરીના દ્વારમાં જે નાવમાં બેસીને આપ જાવ એ નાવમાં અમે પણ આપની સાથે આવીએ–એટલી વિનંતી પૂર્વક આપના ચરણોમાં શ્રદ્ધાંજલિ અર્પિત કરું છું.

[ શ્રદ્ધાંજલિના ભાષણમાંથી, તા. ૩૦–૧૧–૮૦ ] –સતીષચંદ્ર શાંતિલાલ દોશી, મુંબઈ

## 'સ્ટાર ઓફ ઈન્ડિયાને' સફળ કરનાર વિશ્વના 'સ્ટાર' ને શ્રદ્ધાંજલિ

હે કરુણાસાગર ગુરુદેવ! સોનગઢમાં અમારા સો વર્ષ પુરાણા મકાનમાં ૩ વર્ષ નિવાસ કરી, સંપ્રદાયના વેશને છોડી, વિક્રમ સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩ ના રોજ પરિવર્તન કરીને ભગવાન મહાવીરના સનાતન દિગમ્બર જૈન ધર્મને આપ પ્રકાશમાં લાવ્યા અને એ પ્રકાશને ભારતભરમાં તેમજ વિદેશોમાં પણ ફેલાવીને જગતના લાખો–કરોડો ભવ્યજીવોને મુક્તિના માર્ગે દોરીને અમારા મકાન 'સ્ટાર ઓફ ઇન્ડિયા' ના નામને ભાવરૂપે સાર્થક બનાવ્યું છે. આપની આકસ્મિક ચિરવિદાયથી અમારું કુટુંબ, અમારું ગામ અને આખુંય મુમુક્ષુજગત કાળાંતરે પણ ન ભૂલાય એવી વિરહ વ્યથાથી વ્યાકુળ અને અશરણ બન્યું છે. આપનો દિવ્ય સંદેશ અમોને શરણરૂપ થઈને અમને આપના ચીંધેલા માર્ગ દોરતો રહે ને અમે સૌ મુક્તિમાર્ગ ના દ્વાર સુધી આપનો સંગાથ પામીયે એવી અમારી વિનમ્રભાવે શ્રદ્ધાંજલિ સમર્પિત કરીએ છીએ.

–દામાણી હીરાચંદ ત્રીભોવનનો પરિવાર, સોનગઢ

## ❀ કરાળ કાળે મારેલી થપ્પડ.... ❀

વિરાધક ભવ લઈને મેં આ મનુષ્યભવ પ્રાપ્ત કર્યો ને પારણામાં હતો ત્યારથી જ પૂજ્ય ગુરુદેવે માથે હાથ મુક્યો છે અને એના યોગે પ્રથમથી જ વીતરાગની સાચી વાણી કાને પડી છે, સમજવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે તે મારે માટે આનંદની વાત છે. વીતરાગમાર્ગની અંદર, જૈનધર્મની પરંપરાની અંદર, આગમમાં ઘણું ભરેલું છે. પરંતુ એ ભાષા અને ભાવને સમજવાનું સામર્થ્ય આપણું નહોતું. એ આપણી ચાલુ ભાષામાં માતૃભાષામાં સહેલાઈથી સરળ કરીને પૂજ્ય ગુરુદેવે આપણને આપ્યું કે જેથી નાના મોટા સર્વે ભાઈઓ બહેનો સૌથી એ તત્ત્વને સુગમ રીતે, સારી રીતે સમજી શકાય છે. એ માટે પૂજ્ય ગુરુદેવે પોતાના એક જ્ઞાયક સ્વભાવનું નિરાલંબી તત્ત્વ આપણને બતાવ્યું. આજે આપણા બધાયનાં સામુહિક પાપનો ઉદય છે કે કાળે એવી થપ્પડ મારી છે કે પૂજ્ય ગુરુદેવને આપણી વચ્ચેથી લઈ લીધા છે...હું માનું છું કે પૂજ્ય શ્રી સદ્‌ગુરુદેવની હાજરીમાં જે કાર્ય તેઓ આપણને કરવાનું કહેતા હતા અને જે આપણે પ્રમાદી થઈને આજ સુધી નથી કર્યું, હવે કાળ આપણને એમ કહે છે કે તારે નિરાલંબન થવાનો સમય આવ્યો છે. તું નિરાલંબન થઈ ને જલ્દીથી તારા શુદ્ધાત્માની પ્રાપ્તિ કરી લે. આપણે સૌ પૂજ્ય ગુરુદેવે જે માર્ગ બતાવ્યો છે એ માર્ગે ચાલીને આપણું હીત કરીએ એ જ ગુરુદેવ પ્રત્યે સાચી શ્રદ્ધાંજલિ ગણાશે.–

[ શ્રદ્ધાંજલિના ભાષણમાંથી, તા. ૩૦–૧૧–૮૦ ] –ડો. પ્રવિણ દોશી, રાજકોટ.

## સચ્ચી શ્રદ્ધાંજલિ: સ્વાધ્યાય કી પ્રતિજ્ઞા

પરમ પિતા પૂજ્ય ગુરુદેવ આજ હમારે બીચ નહીં હૈ. ઉનકી વાણીકી તો બહોત બાત કિયા, ઉનકે તત્ત્વકી તો બાત કિયા, ઉનકી મુખમુદ્રાકો દેખકર ભી હજારો લોગ અપના હીત કરનેમેં અગ્રેસર હુએ થે. ઈસ પ્રકાર ગુરુદેવ હમારે બીચમેંસે ઈતને જલ્દી ચલે જાયેંગે એ કિસીકો ભી ઉમ્મિદ નહીં થી. આજ સારા ભારત અનાથ બન ગયા. પ્રભુકે વિરહકી ક્યા દશા હૈ વો સબકી મુખમુદ્રા પરસે અપને આપ વ્યક્ત હો ચૂકી હૈ. ઈસ પ્રસંગ પર ક્યા કહા જાય ? કુછ સમજમેં નહીં આયે. પરમ પિતા તો હમકો યહી કહતે થે કિ હમ અપના જીવનકા અધિકસે અધિક સમય સ્વાધ્યાય આદિમેં વ્યતીત કરે. પરમ પિતાકી સ્મૃતિ મેરે જીવનમેં બની રહે ઈસ લીયે મૈં આપકે સમક્ષ પરમ પિતાકે આદેશકો ધ્યાનમેં રખતે હુએ યે પ્રતિજ્ઞા કરતા હૂં કિ મૈં મેરે જીવનમેં દો ઘંટા નિયમિત સ્વાધ્યાય એકાંતમેં કરુંગા...મૈં આપ સભીસે યે પ્રાર્થના કરુંગા કિ સભી લોગ પૂજ્ય ગુરુદેવકી જીવન જ્યોતિકો જગાનેકે લીયે સ્વાધ્યાયકી પ્રતિજ્ઞાયેં કરે ઔર પૂજ્ય ગુરુદેવકી વાણીકા મનન કરે ઔર અપને જીવનકો સફળ બનાયે.

[ શ્રદ્ધાંજલિ ભાષણમાંથી, તા. ૩૦–૧૧–૮૦ ] –હીરાલાલ કાલા, ભાવનગર

પૂજ્ય ગુરુદેવ ! હમ ૬૦ સાલસે જંગલમેં ભટક રહે થે, ઔર કહીં રાસ્તા નહીં મિલ રહા થા, દૌડ બહુત લગાઈ. જબ ગુરુદેવકા સાન્નિધ્ય મિલા, હમારે અંદરકી કલી ખીલ ગઈ. બરાબર ૨૦ સાલ હમેં ગુરુદેવકા સાન્નિધ્ય મિલા ઔર ગુરુદેવને ભી હમે ઐસા અપનાયા કિ મછલી જિસ તરહ મછલીકો ખીંચ લેતી હૈ ઉસ તરહ ખીંચ આયે હમ. હમ તો એ આશીર્વાદ ચાહે કિ જૈસે યહાં આપકી સભામેં હમકો આગે બીઠા લેતે ઐસે જહાં ભી આપ જાયે હમકો આગે બીઠા લે ઔર સિદ્ધોમેં જાય તબ હમકો ભી બુલા લેવે યહી આશીર્વાદ હમ આપસે ચાહે, યહી હમારી વિનતી હૈ. આપને જો અધ્યાત્મકા સૂરજ ઉગાયા વો સૂરજ અસ્ત નહીં હોનેવાલા. આપને જો સમવસરન રચકે ઔર યે સમવસરન બના દિયા વો સમવસરન આપકે સાથ જાયેગા વોહી હમારી પૂજ્ય શ્રી કો શ્રદ્ધાંજલિ.

( શ્રદ્ધાંજલિના ભાષણમાંથી, તા. ૩૦–૧૧–૮૦ ) –શેઠ ભગવાનદાસ શોભાલાલ, સાગર

પૂજ્ય ગુરુદેવશ્રીની સાચી શ્રદ્ધાંજલિ પોતાના જ્ઞાયક આત્માને સ્વપણે અનુભવ કરવો એમાં રહેલી છે. એ પરિણમન મારામાં થાય અને એ રીતે હું પૂજ્યશ્રીને શ્રદ્ધાંજલિ આપું એવી ભાવના હું વ્યક્ત કરું છું. આ ઉપરાંત એક વિચાર મને આવે છે કે અત્યાર સુધી તો આપણી સમક્ષ પૂજ્ય ગુરુદેવશ્રી હતા, એમની વાણી પણ આપણને નિરંતર પ્રાપ્ત થતી હતી, આજે જ્યારે તેઓશ્રી નથી ત્યારે તેઓશ્રીએ ૪૫–૪૫ વર્ષ સુધી આપણને જે વાણી આપી છે એ વાણી પુસ્તકો દ્વારા પ્રકાશિત કરવાનું જે કાર્ય ઉપાડયું છે એ સતત ચાલુ રાખીને આજે ગુરુદેવ પ્રત્યે આપણે એ ભક્તિ વ્યક્ત કરીએ અને જે પાંચ પરમાગમો ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો બહાર પાડવાનો નિર્ણય કરેલો છે, એ નિર્ણયમાં હું ટકી રહું એ જ ગુરુદેવશ્રી પાસે હું આશીર્વાદ માગું છું.

–હીરાલાલ ભીખાલાલ, મુંબઈ

ક્ષમાસિંધુના સાગર ઉછળ્યા, ભારતદેશે ગુરુદેવ પધાર્યા. કળયુગમાં પાંચમા આરામાં સંપ્રદાયોના આંધી વંટોળથી ઘેરાઈ ગયેલું ભરતક્ષેત્ર હતું, ત્યારે ગુરુદેવશ્રીએ સંપ્રદાયથી બહાર કાઢયા, ક્રિયાકાંડથી બહાર કાઢયા, પાપ–પુણ્યનાં વિભાવ અને વંટોળમાંથી પામર જીવોને ઉગાર્યા. ગુરુદેવે મહામંત્ર આપ્યો કે જીવમાત્રને પોતાનો આત્મા પોતાનો સાથી છે. કોઈના સંગની જરૂરત નથી. કહાન ગુરુદેવ આધ્યાત્મિક ઇતિહાસમાં એક વિરલ આત્મા થયો....એવા ભારતના આ મહાન ભાગ્યવિધાતા આધ્યાત્મિક સંત કહાન ગુરુદેવને મારી શ્રદ્ધાંજલિ.

[ શ્રદ્ધાંજલિના ભાષણમાંથી, તા. ૩૦–૧૧–૮૦ ] –પુષ્પાબેન, વઢવાણ

# ❁ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીકો શ્રદ્ધાંજલિ ❁

જયપુરઃ તા. ૨૯-૧૧-૮૦ કો ભારત જૈન મહામંડલ (રાજ.) કે તત્ત્વવધાનમેં પૂજ્ય કાનજીસ્વામીકે નિધન પર શોકસભા આયોજન શ્રી ચન્દનમલ વૈદ (ભૂતપૂર્વ વિત્ત મંત્રી) કી અધ્યક્ષતામેં કિયા ગયા, જિસમેં શ્રી કપૂરચન્દ પાટની (મંત્રી-શ્રી મહાવીરજી કમિટિ), ડો. તારાચન્દ્ર જૈન બખ્શી (સંયોજકઃ અખિલ વિશ્વ જૈન મિશન, જયપુર), શ્રી રાજકુમાર કાલા (અધ્યક્ષઃ રાજ. જૈન સભા), શ્રી મોહનલાલ કાલા (ઉપાધ્યક્ષઃ તીર્થક્ષેત્ર શ્રી મહાવીર વિકલાંગ સહાયતા સમિતિ), એવં અધ્યક્ષને શ્રી કાનજીસ્વામીકે ગુણોં, કાર્યો એવં સેવાઓં પર પ્રકાશ ડાલતે હુએ ઉન્હેં હાર્દિક શ્રદ્ધાંજલિ ભેંટ કી ઔર ઉનકે અસામયિક નિધન પર ગહરા દુઃખ પ્રગટ કરતે હુએ શોક પ્રસ્તાવ પાસ કરકે દિવંગત આત્મા કી સદ્ગતિ એવં શાંતિ કે લિયે પ્રાર્થના કી.

રાજસ્થાન જૈન સભા કે તત્ત્વાવધાન મેં દિનાંક ૩૦-૧૧-૮૦ કો તેરાપંથી દિ. જૈન બડા મન્દિરમેં શ્રી રાજકુમારજી કાલા કી અધ્યક્ષતા મેં શોક સભા હુઈ, જિસમેં પં. ભંવરલાલજી ન્યાયતીર્થ, પં. બંશીધરજી શાસ્ત્રી, પં. અનૂપચન્દજી ન્યાયતીર્થ, ડો. કસ્તૂરચન્દજી કાસલીવાલ, ડો. તારાચંદ્ર જૈન બખ્શી, પં. સંતોષકુમારજી ઝાંઝરી, શ્રી રતનલાલજી છાબડા, શ્રી વિનયકુમારજી પાપડીવાલ, શ્રીમતી શશિપ્રભાજી, શ્રી રાજમલજી જૈન, શ્રી બલભદ્રકુમારજી, શ્રી કેવલચંદજી ને લિયા, એવં શ્રી રાજકુમારજી કાલા (અધ્યક્ષ) આદિને પૂજ્ય કાનજીસ્વામી કે ગુણો એવં સેવાઓ જૈન પર વિસ્તૃત પ્રકાશ ડાલતે હુએ ઉન્હેં હાર્દિક શ્રદ્ધાંજલિ સમર્પિત કી....

શ્રી મહાવીર ઇન્ટરનેશનલ રાજ-જૈન મિલન એવં અખિલ વિશ્વ જૈન મિશન, જયપુર એવં મહાવીર સમાચાર સમિતિ દ્વારા ભી આધ્યાત્મિક સંત શ્રી કાનજીસ્વામીકે નિધન પર ઉનકી સેવાઓ કા સ્મરણ કરતે હુએ શોક પ્રસ્તાવ પારિત કિયા ગયા.

ડો. તારાચંદ્ર જૈન બખ્શી, જયપુર

-સંચાલક, શ્રી મહાવીર સમાચાર સમિતિ, જયપુર

---

નવભારત ટાઈમ્સમેં સન્માન્ય મહાપુરુષ શ્રી કાનજીસ્વામીકા બંબઈ મેં "આકસ્મિક નિધન" સમાચાર પઢકર મૈં હતપ્રભ હો ગયા. વે જૈન સંસાર કે આધ્યાત્મિક જાગરણ કે યુગાન્તકારી અગ્રદૂત થે. ઉનકે અભાવ કી શૂન્યતા યુગયુગોં તક જૈન જગતકો વ્યથિત કરતી રહેગી.

મૈં અપની શોકાંજલી અર્પિત કરતા હૂં. -ધન્યકુમાર જૈન, કટની (મ. પ્ર.)

---

xxx.....હમ સબ ભી અપને પવિત્ર માનવ પર્યાય કો ગુરુદેવકે સમાન હી તત્ત્વજ્ઞાનકો પ્રાપ્ત કરકે સફલ બનાયે....ઔર સ્વામીજીકે બતાયે માર્ગ પર ચલે ઐસી મેરી ભાવના.

(શ્રદ્ધાંજલિ ભાષણમાંથી, તા. ૩૦-૧૧-૮૦) -પ્રોફેસર જમનાલાલ, ઈંદોર

## જીવનાધાર ગુરુદેવને ભાવભીની શ્રદ્ધાંજલિ

જીવનનો સૌથી આકરો દુઃખદ પ્રસંગ....ત્યાં શું કહેવું? "ગુરુદેવ ચાલ્યા ગયા!" અરેરે! કલ્પના ન હતી કે ગુરુદેવ આપણને આમ નિરાધાર મૂકી ચાલ્યા જશે.

અમારા બ્રહ્મચારિણી બહેનોના તો જીવનસર્વસ્વ ગુરુદેવ જ હતા. જીવનના પરમ આધારભૂત ગુરુદેવ! તેમને ગુમાવી વિશ્વે શું નથી ગુમાવ્યું? આખા દેશે તો આ દૈવી પુરુષને ખોતાં બધું ખોયું, પણ દરેક મુમુક્ષુએ પોતાના જીવનનો સર્વસ્વ રસ ગુમાવ્યો છે. કૃપાળુદેવની હૂંફમાં જિંદગી રસબસતી લાગતી. અમારા જીવનમાં ક્ષણે ક્ષણે, શ્વાસે શ્વાસે વસનારા ગુરુદેવ શું ખરેખર ચાલ્યા ગયા? શું આ બધું સાચું છે? આ સુવર્ણપુરીના કણેકણમાં પોતાની પાવન સ્મૃતિ છોડી શું આ દિવ્ય પુરુષ ખરેખર ચાલ્યા ગયા? ગુરુદેવની પવિત્ર સાધનાથી "બોલતું તીર્થ" બનેલી આ સુવર્ણપુરીમાં શું ગુરુદેવ ખરેખર નથી? એમ મન સેંકડો પ્રશ્ન પોતાને જ કર્યા કરે છે. પણ તેનો જવાબ શું?.... વિધિની વિચિત્રતા! માનવી કેવો લાચાર છે? લાખો કરોડો માનવીઓનાં અરમાનો પર વજ્રઘાત કરનાર પ્રસંગ બની ગયો. કોણ રોકી શકે?

"ભૂલા પડયા ભગવાન" બધાને "ભગવાન આત્મા" ની, અતીન્દ્રિય આનંદની સાધના કરવાની મસ્તીભરી ગર્જના કરી "હવેની કાળાવલિ માત્ર આત્મતત્ત્વના ભોગવટામાં જ વહો" એ ભાવનાને જીવનમાં એકરસરૂપે વણી પોતે તો ઉગ્રતાથી કેવળજ્ઞાન તરફ પ્રયાણ કરી ગયા, પરંતુ આખા વિશ્વ પ્રત્યે પણ "બધા ભગવાન થઈ જાઓને!" એમ કરુણાર્દ્ર હૃદયે તેમણે સિંહગર્જના કરી. "તમે બધા ભગવાન છો અને ભગવાન થઈ જાઓ, વિરાધક તો ન રહો પણ સાધકપણે પણ ન રહો,–બધા પરમાત્મા થઈ જાઓ" એમ "પરમાત્માનો પોકાર છે," "સીમંધરનાથનો આ સંદેશ છે," "અનંત તીર્થંકરોનો આ પોકાર છે"–એવા એવા તો લાખો પોકારે પોકારતા આ પરમ પુરુષ શું ખરેખર આ ગરીબ દેશને છોડી, તેને વધુ ગરીબ બનાવી, ચાલ્યા ગયા?

શું તેમનાં મંગલ દર્શન હવે નહિ થાય? "અમૃત વર્ષ્યાં રે પંચમકાળમાં" એમ અતીન્દ્રિય અમૃતની મસ્તીભર્યા શબ્દો. અનાદિ વિભાવના રસને તોડી નાખનાર વજ્રવાણી, "બહેનો! દીકરીઓ! સમજાય છે ને?" આવાં આવાં અનંત કૃપાભર્યાં આનંદકારી સંબોધનો શું ખરેખર હવે સાંભળવા નહિ જ મળે?

અમ બ્રહ્મચારિણી બહેનો પર તો ગુરુદેવશ્રીની વિશિષ્ટ અમીદૃષ્ટિ હતી. તેમની કલ્યાણકારી છાયામાં અમે બધાં પોતાને સારાયે જગત કરતાં વધારે સુખી અનુભવતાં. અમારા અંતરની ભાવના હતી કે 'ગુરુદેવ તો શાશ્વત જ છે, તેમની મંગલ છાયામાં

અમારે સાધના કરી ચાલ્યા જવું છે; પણ અમારા કમનસીબે, જે માટે અમે સ્વપ્નેય તૈયાર ન હતાં તે સાચું બની ગયું!

અહો! સર્વજ્ઞપુત્ર ગુરુદેવ! પુણ્ય અને પવિત્રતાની મંગલમૂર્તિ! શુદ્ધાત્માનુભૂતિની પાવન પ્રતિભા! આપે આ સુવર્ણપુરીમાં મંગલ આત્માનુભૂતિના અને તે-રૂપે પરિણત અનુભવી મહાત્માના મહિમાના એવા ઊંડા પાયા નાખ્યા છે કે તે સેંકડો હજારો વર્ષો સુધી શુદ્ધાત્માનુભૂતિનાં અને શુદ્ધાત્માનુભવીનાં ગુણગાન ગાતી હશે, સાધકોના આત્માને પરમ વિશ્રામધામ બની રહેશે.

અહો ગુરુદેવ! આપે અમને શું નથી આપ્યું? સાધનાના દિવ્યપંથે પરમ સહાયભૂત ભગવંતોની ભેટ તો આપી જ, પણ પવિત્ર વારસારૂપે આપતા ગયા સાધનાની ભવ્યમૂર્તિ-આ વિશ્વનું પવિત્ર "ધર્મરત્ન"-ભગવતી ચંપામાત, જેમનો અણમૂલ જ્ઞાનનો પરમ શાંત ગંભીર સમુદ્ર અદ્‌ભુત ઉચ્ચ તરંગોથી ઊછળી રહ્યો છે. 'પુરુષાર્થ કરી શુદ્ધાત્માને ગ્રહણ કરવાનો ગુરુદેવનો આદેશ અમલમાં મૂકો તો જરૂર ગુરુદેવની સાથે રહી શકાશે' એમ પરમ અનુગ્રહથી અમને શીતળ આશ્વાસન આપનાર, ભરતક્ષેત્રે આ કાળે સાધનાના સર્વોત્કૃષ્ટ આદર્શરૂપ ચંપામાત અમારું શરણ છે. તેમનાં પવિત્ર દર્શન, તેમની અમીભરી કૃપાદૃષ્ટિ, તેમની પવિત્ર આજ્ઞા, હીરાના અક્ષરે લખાય એવી તેમની અણમોલ વાણી અમારા હૃદયનો પરમ આધાર છે.

હે ગુરુદેવ! અનંત કાળમાં ભમતાં ભમતાં અનંત વાર અગિયાર અંગનું જ્ઞાન અને મુનિવ્રત ધારણ કર્યા છતાં બાકી રહેલી, જે આખા દ્વાદશાંગના સારભૂત મંગલ શુદ્ધાત્માનુભૂતિ તે ગમે તે શરતે કરો, મરીને પણ કરો-એવી અમૃતભરી આપની આજ્ઞા, અનંત કરુણાભર્યો આપનો ઉપદેશ તે જ અમારા જીવનનું લક્ષ્ય રહો, તે જ અમારા જીવનની પ્રતિજ્ઞા બનો; અમારા રુંવાટે રુંવાટે આપની આજ્ઞા જડાઇ જાઓ; અમારા જીવનના ડગલે ને પગલે, દરેક ક્ષણે, નિરંતર ગુરુદેવનો કૃપાભર્યો ઉપદેશ-"શુદ્ધાત્મા જ છું" ...."શુધાત્મા જ છું" , તે જ ગુંજ્યાં કરો; આપની આજ્ઞા તે અમારા લૌકિક કે અલૌકિક કોઈ પણ વર્તનમાં મુખ્યપણે રહી અમારો આત્મસાધનાનો પંથ પ્રકાશિત કરતી રહો, જેના બળે અલ્પકાળમાં અમે આપની સાથે જ શાશ્વતધામમાં પહોંચી શકીએ. આવી ઊંડી હૃદયની ભાવના સહિત અમે ગોગીદેવી બ્રહ્મચર્ય-આશ્રમનાં બ્રહ્મચારિણી બહેનો અને શેષ સમસ્ત બ્રહ્મચારિણી બહેનો આપનાં પાવન ચરણોમાં અનંત અનંત વંદના સહિત ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ.

-બ્ર. આશાબહેન, ખંડવા

## ❀ હૃદય માની શકતું નથી....માનવા તૈયાર પણ નથી.... ❀

આજે દિવસો પર દિવસો વીતી રહ્યાં છે, ધર્મપિતાનો વિયોગ એ વાસ્તવિક હકીકત છે, તેમ છતાં હૃદય એ વાત સ્વીકારવા તૈયાર થતું નથી. આજે પણ હૃદયમાંથી ભણકારા વાગી રહ્યાં છે કે પૂજ્ય ગુરુદેવ જરૂર સોનગઢ પધારશે. વરસો વરસના વિહારની જેમ પૂજ્ય ગુરુદેવ જરૂર પધારશે. કદાચિત આ વિહાર વધુ દિવસોનો હોઈ શકે, પરંતુ વિહારનો એ કાર્યક્રમ પૂરો થતાં પૂજ્ય ગુરુદેવ જરૂર અત્રે પધારશે જ–એમ હૃદયમાંથી ભણકાર ઊઠે છે. દુર્ભાગ્યવશાત આ નજરે પૂજ્ય ગુરુદેવના પાર્થિવદેહનો અગ્નિસંસ્કાર નીહાળ્યો; તોપણ પૂજ્ય ગુરુદેવના દેહાંતને હૃદય સ્વીકારી શકતું નથી, માની શકતું નથી, ને માનવા તૈયાર પણ થતું નથી.

અહા! જ્યારથી સમજણ આવી છે ત્યારથી–૩–૪ વર્ષની ઉંમરથી પૂજ્ય ગુરુદેવશ્રીની છત્રછાયામાં રહેવાનું અહોભાગ્ય સાંપડયું છે. બાળપણ વીત્યું ગુરુચરણોમાં...૩૨–૩૨ વર્ષ સુધી–જન્મથી આજ સુધી ગુરુવાણીના અમૃતધોધનું શ્રવણપાન મળ્યું, સૌમ્યમુખમુદ્રાના દર્શન મળ્યા, તેઓશ્રીની સેવાનો અણમૂલો લાભ મળ્યો, તે શું હવે નહીં મળે? તેઓશ્રીની સેવાનો અણમૂલો લાભ મળ્યો, તે શું હવે નહીં મળે? તેઓશ્રીની હાજરી વિના બાકીનું જીવન કઈ રીતે વીતશે? જેમની દિનચર્યા સાથે જ જીવનપ્રવાહ વણાઈ ચૂક્યો હતો. એ ગુરુના વિયોગે અધૂરું જીવન શું નીરસ જ રહેશે!

૩૨–૩૨ વર્ષના–જન્મથી આજ સુધીના ગુરુકૃપાના સંસ્મરણો સ્મૃતિપટ પર વહેવા લાગતાં ચિતભ્રમ જેવું લાગે છે કે આ બેમાં સાચું શું? હૃદય તો કહે છે કે ગુરુવિયોગ એ તો દુઃસ્વપ્નમાત્ર છે જ્યારે મગજ કહે છે કે સ્મૃતિપટના સંસ્મરણો એ તો ભૂતકાળ છે. એકલતાની પળોમાં, એકાંતની પળોમાં હૃદય પોકાર કરી કરીને કહે છે કે જે ધર્મપિતાએ બાળપણથી જ ધર્મસંસ્કારોનું સિંચન કર્યું, સતત પોષણ આપ્યું એ ધર્મપિતા પોતાના બાળકોને શું કદી નિરાધાર મૂકીને ચાલ્યા જાય ખરા? બાળપણમાં રમત–ગમતના દિવસોમાં રમત–ગમતમાં વખત ગૂમાવતો ત્યારે કરુણાભાવે પ્રેરણા આપીને બાળપણથી જ પ્રવચનો સાંભળવાનો ઉત્સાહ જગાવતાં, પ્રવચનમાં પણ એકચિત્ત રહે તે માટે અપાર કરુણાથી 'શું કહ્યું' –એમ પૂછી લેતાં અને ત્યાર બાદ પણ સાંભળેલું સ્મરણમાં રાખે–વિચારે એવા કરુણાભાવે 'આજે પ્રવચનમાં શું આવ્યું હતું?' –એમ પૂછતાં રહેતાં ને એ રીતે બાળપણથી જ ધર્મસંસ્કારનું સિંચન કરી કરીને 'જીવનમાં આ એક જ કરવાયોગ્ય કર્તવ્ય છે' –એવી લગની લગાડનાર ધર્મપિતા શું આમ નોધારા મૂકીને જાય ખરા?

ભણતરના દિવસોમાં ઊંઘ અને અભ્યાસનો કાળ બાદ કરતાં બાકીના સમયનો મોટો ભાગ મા–બાપ કરતાં ગુરુકૃપાની શીળી છાંયડીમાં વધુ વીત્યો, મા–બાપ કરતાં ગુરુના સંગમાં,

ગુરુની સેવામાં, ગુરુકૃપાથી વધુ ધર્મપ્રેરણા મળી; 'સંસાર–શરીર–ભોગથી ચેતવા જેવું છે'–એમ વ્યક્તિગત પ્રેરણા મળી. અરે! આ જીવનનું ઘડતર જ પૂજ્ય ગુરુદેવની કૃપાથી થયું એવા જીવનશિલ્પી, જીવન–આધાર ગુરુનો વસમો વિયોગ હૃદય કઈ રીતે સ્વીકારે? ગુરુદેવની એ કરુણા, ગુરુદેવની એ કૃપા, ગુરુદેવની એ સેવા, ગુરુદેવની અમૃતવાણીનું શ્રવણપાન, ગુરુચરણમાં વીતતો જીવનકાળ–એ બધું હૃદયમાં સતત રમ્યા કરતું હોય ત્યારે આ વસમો વિયોગ હૃદય કઈ રીતે સ્વીકારે? અને ત્યારે ગુરુવિયોગ વાસ્તવિકતા હોવાના વિચારે હૃદય કલ્પાંત કરી મૂકે છે. દેશભરમાંથી ને લંડન, નાઈરોબી આદિ વિદેશોમાંથી આવતાં ગુરુવિયોગની વેદનાના પત્રો 'આત્મધર્મ–શ્રદ્ધાંજલિ–અંક' માટે વાંચતા હૃદયમાં વ્યથા ઉપડી આવે છે. વરસે, બે–વરસે સોનગઢ આવી શકતા લંડન આદિ વિદેશવાસી મુમુક્ષુઓ લખે કે ગુરુવિયોગના સમાચારથી ચિત્તભ્રમ જેવું થઈ ગયું છે, મગજ શૂન્ય થઈ ગયું છે....ત્યારે ગુરુચરણમાં જ જેનો ઉછેર થયો હોય એના હૃદયના વલોપાતની તો કલ્પના જ કરવી રહીને?

આપની શીતળ છત્રછાયામાં વર્ષો સુધી પ્રાપ્ત થયેલાં આપના આત્મોન્નતિકારક આધ્યાત્મિક પ્રવચન–શ્રવણનું ચિંતન, મનન અને ઘોલન કરીને અસંગી નિજ–આત્મતત્ત્વના આલંબનના પુરુષાર્થ દ્વારા આ વિરહ વ્યથાને શમાવવી એ જ આપના ચરણોમાં રહ્યાની સાર્થકતા અને સાચી શ્રદ્ધાંજલિ છે.

અમારા સદ્‌ભાગ્યે, જેની અંતરપરિણતિના પ્રભાવે પૂજ્ય ગુરુદેવશ્રી જેની પ્રશંસા કરતા થાકતા ન હતા, જેના વચનામૃતોએ મુમુક્ષુઓને મોક્ષમાર્ગમાં ઉત્સાહીત કર્યા છે એ ધર્મરત્ન ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં દર્શન અને થોડા–થોડા ઉપદેશ –વચનામૃતો એ એક જ અમ જીવનનો આધાર છે. ધર્મરત્ન ભગવતી બહેનશ્રી ચંપાબેનના દર્શન ને વચનામૃતો જ આપણને આ વિરહની વેદનામાં સાંત્વન આપવા સમર્થ છે. પૂજ્ય ગુરુદેવશ્રીના વિયોગમાં અમ જીવન–આધાર પૂજ્ય બહેનશ્રી અમ બાળકોનું ધર્મપાલન–પોષણ કરતા રહે એવી અભ્યર્થના સાથે, અમે પૂજ્ય ગુરુદેવશ્રીએ ચીંધેલા મુક્તિમાર્ગે પ્રયાણ કરીને તેઓશ્રી સાથે જ મુક્તિપુરીએ પહોંચી જઈએ એવી ભાવનાપૂર્વક અમ જીવનશિલ્પી, જીવન–આધાર પૂજ્ય ગુરુદેવશ્રીના ચરણોમાં વિનમ્ર શ્રદ્ધાંજલિ સમર્પિત કરીએ છીએ.

–આપના વસમા વિયોગના વિરહે આંસુ સારતા
આપના ધર્મપરિવારના બાળકો
જીતુ, હેમંત તથા દીપકના કોટીકોટી નિત્યવંદન

## ❁ શ્રી કાનજીસ્વામીકે અસામયિક નિધન પર શોકસભા ❁

શ્રી સ્યાદ્વાદ્ મહા વિદ્યાલયકે અધ્યાપકોં-છાત્રોં-સ્થાનીય વિદ્વાનોં એવં સમાજકી શોકસભા શ્રી જિનેન્દ્ર વર્ણીજીકી અધ્યક્ષતામેં હુઈ. સિદ્ધાંત આચાર્ય પં. કૈલાસચંદ્રજીને શ્રદ્ધાંજલિ સમર્પિત કરતે હુએ કહા કિ સ્વામીજીકી પ્રવચન શૈલી નિશ્ચયધર્મકી થી. અબ અધ્યાત્મકી ચર્ચા સર્વ સાધારણકી ચર્ચા હો ગઈ હૈ યહ સ્વામીજી કી દેન હૈ. સિદ્ધાંત આચાર્ય પં. ફૂલચંદજીને કહા કિ સ્વામીજી જૈનધર્મકે મર્મકી બાત કહતે થે, સમયસાર પર ઉનકા પ્રવચન ગહરા હોતા થા. સમયસાર પ્રત્યેક વ્યક્તિકી સ્વતંત્રતાકી એક અચ્છી પુસ્તક હૈ. મૈંને સદા તટસ્થ બને રહનેકા પ્રયત્ન કિયા, લોગ ચાહે જો કુછ સમઝેં. પં. દરવારીલાલજી કોઠિયાને કહા કિ કલિકાલમેં સ્વામીજીને અધ્યાત્મકા પ્રકાશ દિયા હૈ. ઉન્હોંને સમયસારકા હૃદય જાના થા. મૈને ઉનકા નિશ્ચય વ્યવહાર સુના હૈ. વ્યવહાર તો ઉપેક્ષણીય હૈ હી. દ. વિ. અધ્યક્ષ પં. શીતલચંદજીને કહા કિ ઉનકી લકડીમેં જાદૂ થા ઐસા લોગ માનને લગે થે. શ્રી વર્ણીજી ને કહા કિ મેરી સ્વામીજીસે ભેંટ ૫૪-૫૫ મેં હુઈ જબ મૈં ઘરસે વિના કહે ઉનકે પાસ ચલા ગયા થા. સ્વામીજીને જૈનોંકે દર્શનકા અંતરંગ સામને રખ દિયા હૈ...ઇન્દ્રભૂતિ ગૌતમકી ભાંતિ ઘરસે કોઈ વિરોધ લેકર ઉનકે પાસ જાતા થા તો સ્વામીજીકે પાસ જાકર વિરોધ દૂર હો જાતા થા. વે ચલે નહીં ગયે હૈં કિન્તુ વે અપના પ્રકાશ છોડ ગયે હૈં. અંતમેં નીચે લિખે શોકસભા-પ્રસ્તાવકે અનુસાર સભીને દો મિનટ મૌન રહકર સ્વામીજીકે પ્રતિ શ્રદ્ધાંજલિ સમર્પિત કી.

### ❁ શોકસભા-પ્રસ્તાવ ❁

શ્રી સ્યાદ્વાદ્ મહાવિદ્યાલયકે અધ્યાપકોં, છાત્રોં, સ્થાનીય વિદ્વાનોં એવં સમાજકી યહ સભા શ્રી કાનજીસ્વામીકે અસામયિક નિધન પર અપના ગહરા શોક વ્યક્ત કરતી હૈ. સ્વામીજીને અપને જીવનકાલમેં ભગવત્ કુંદકુંદાચાર્યકે સમયસારગત અધ્યાત્મ દ્વારા જો પ્રચાર પ્રસાર કિયા વહ અભૂતપૂર્વ હૈ. ઉન્હોંને સ્થાનકવાસી સંપ્રદાયકે પૂજ્ય ગુરુ હોતે હુયે ભી ઉસ સંપ્રદાય કો ત્યાગકર દિગંબર જૈન માર્ગકો અપનાયા ઔર સમસ્ત સૌરાષ્ટ્રમેં દિગંબર જૈન મંદિરોંકી સ્થાપનાકે સાથ દિગંબર જૈનધર્મકા પ્રચાર કરકે જૈન સમાજમેં અધ્યાત્મકે પ્રતિ અદ્વિતીય જાગૃતિ કી. હમ ઉનકે પ્રતિ શ્રદ્ધા વ્યક્ત કરતે હુએ અપની શ્રદ્ધાંજલિ સમર્પિત કરતે હૈં.

નેમીચંદ જૈન

તા. ૧-૧૨-૮૦

એમ. એ. બી. એડ. જૈન દર્શન

સાહિત્યાચાર્ય, શ્રી સ્યાદ્વાદ્ મહાવિદ્યાલય, વારાણસી

---

[ આ અંકના ફોટાઃ મહાવીર ફોટો આર્ટ, પાલિતાણા ]

## ❁ તીર્થંકરકા વિરહ ભૂલાનેવાલે સ્વામીજીકો શ્રદ્ધાંજલિ ❁

